Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

LOWEST MORTGAGE RATE
Looking For New Home ?
We Can Manage All
Your Mortgage Needs
Get 2nd Opinion on Your
Investments/ Review Your Portfolio.
15 Yrs of Experience.
Call Today to Book an Appointment.
Mukund Sheth
Financial Advisor
Ph.: 416-839-9645

FRIDAY, 21 NOVEMBER, 2025 Vol. 23, No. 45 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# નેપાળમાં ફરી રમખાણો : અનેક શહેરોમાં કરફ્યૂ

## સીપીએન-યુએમએલના કાર્યકરો અને Gen-Zના યુવાનો વચ્ચે ઘર્ષણના બનાવો : ભંગ કરાયેલી પંચાયતડ ફરી પુનર્જિવિત કરવા માગણી

**કઠમંડુ**

ભારતને સ્પર્શીને આવેલ નેપાળના બારા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં જેન-ઝેડ યુવાનો અને પૂર્વ વડાપ્રધાન કે.પી.શર્મા ઓલીની પાર્ટી સીપીએન યુએમએલના કાર્યકર્તાઓ વચ્ચે હિંસક મારામારી થતાં કેટલાયે વિસ્તારોમાં કરફ્યુ લગાડવો પડયો છે. બુધવારે બપોરના ૧૨.૩૦ કલાકથી રાતના ૮ વાગ્યા સુધી કરફ્યુ લગાડાયો છે.

વાસ્તવમાં સેંકડો જેન-ઝેડ યુવાનો અને કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ એન્ડ યુનાઈટેડ માર્કિસ્સ્ટ લેમિનિસ્ટ (સીપીએન-યુએમએલ) વચ્ચે રમખાણો ત્યારે શરૂ થયાં કે જ્યારે જેન.ઝેડના યુવાનો તેઓ વિરૂદ્ધ નારા લગાડતા નગરમાં ફરી રહ્યા હતા.

ગુરૂવારે તો સવારથી જ આ દેખાવકારો, સડક ઉપર ઉતરી આવ્યા હતા, સાથે તે ડાબેરીઓ સાથે મારામારી શરૂ થઇ ગઈ હતી. તેથી બપોરના ૧૨.૩૦ થી રાતના ૮ વાગ્યા સુધી કરફ્યુ લગાડવામાં આવ્યો હતો. આમ સહાયક મુખ્ય જિલ્લાધિકારી છબીરામ સુવેદીએ સ્થિતિ હાથ બહાર જતી જોઈ કરફ્યુ લગાડી દીધો હતો.

આ તોફાનો ત્યાર પછી નેપાળનાં વિવિધ શહેરોમાં પણ ફેલાયાં હતા. જનરેશન ઝેડ (જન. ઝેડ) યુવાનો ૧૨મી સપ્ટમ્બરે ભંગ કરાયેલી પંચાયત (સંસદ) ફરી પુનર્જિવિત કરવા, માગણી કરી રહ્યા છે. આ યુવાનોમાં આંદોલનને લીધે કે.પી.શર્મા ઓલીની સરકાર પડી ભાંગી હતી અને ઓલીને દેશ છોડી કેટલાયે દિવસો સુધી તંદુરસ્તીનાં બહાને દુબઈમાં રહેવું પડયું હતું.



# કર્ણાટક કોંગ્રેસમાં ફરી વિવાદ, શિવકુમારના નજીકના ધારાસભ્યોએ દિલ્હી ધામા નાખ્યા

## સરકારના કાર્યકાળના અઢી વર્ષ પૂર્ણ થઈ ગયા, CM બદલવાની માગણી

**બેંગ્લોર**

કર્ણાટકની રાજનીતિમાં બધુ બરાબર નથી ચાલી રહ્યું. પાર્ટીમાં લાંબા સમયથી ચાલી રહેલો આંતરિક સંઘર્ષ હવે ખુલીને સામે આવવા લાગ્યો છે. નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારના જૂથના 10 ધારાસભ્ય દિલ્હી પહોંચી ગયા છે, જેને લઈને કોંગ્રેસ હાઈકમાન્ડ પર રાજ્યમાં ફરીથી પાવર શેરિંગ ફોર્મ્યુલા લાગુ કરવાનું પ્રેશર વધી રહ્યું છે.

કર્ણાટકમાં કોંગ્રેસ સરકારના કાર્યકાળના અઢી વર્ષ પૂર્ણ થઈ ગયા છે. જેનાથી રાજ્યમાં મુખ્યમંત્રી પદના રોટેશન વાળી માગ ફરી એકવાર જોરશોરથી સામે આવી છે. ડીકે શિવકુમારના નજીકના તમામ ધારાસભ્ય ગુરૂવાર બપોરે દિલ્હી માટે રવાના થઈ ગયા હતા. આ પાર્ટીના હાઈકમાન્ડ સાથે મુલાકાતનો પ્રયાસ કરી રહ્યા છે.

ડીકે શિવકુમારનું જૂથ એવો દાવો કરી રહ્યા છે કે સિદ્ધારમૈયાના નેતૃત્વવાળી સરકારના અઢી વર્ષ પૂર્ણ થવાની સાથે જ પાવર શેરિંગ એગ્રીમેન્ટનું સન્માન કરાવું જોઈએ અને તેને તાત્કાલિક લાગુ કરવામાં આવે. શિવકુમાર જૂથના ધારાસભ્યોની એક જ માગ છે કે અઢી વર્ષ પહેલાં આપેલા વચનનું પાલન કરવામાં આવે. ઘણા શિવકુમાર સમર્થકો ઈચ્છે છે કે તેમના નેતા મુખ્યમંત્રી બને.

સૂત્રોના અનુસાર, મંત્રી એન. ચેલુવરાયસ્વામી, ધારાસભ્ય ઈકબાલ હુસૈન, એચ.સી. બાલકૃષ્ણ અને એસ.આર. શ્રીનિવાસ ગુરૂવારે દિલ્હી રવાના થયા. તેમણે જણાવ્યું કે, શુક્રવારે વધુ 12 ધારાસભ્યો દિલ્હી પહોંચશે. થોડા દિવસો પહેલા અંદાજિત એક ડઝન MLCએ દિલ્હીમાં ધામા નાખ્યા હતા અને કોંગ્રેસના મહાસચિવો સાથે મુલાકાત કરી હતી.

20 મે 2023ના રોજ વિધાનસભા ચૂંટણી પરિણામ આવ્યા બાદ સિદ્ધારમૈયા અને શિવકુમાર વચ્ચે મુખ્યમંત્રી પદને લઈને ખુબ જ ખેંચતાણ થઈ હતી. તે સમયે કોંગ્રેસ હાઈકમાન્ડે જેમતેમ કરીને શિવકુમારને મનાવ્યા અને તેમને નાયબ મુખ્યમંત્રી બનાવી દીધા. તે સમયે કેટલાક એવા રિપોર્ટ્સ આવ્યા હતા કે બંને નેતાઓ વચ્ચે રોટેશન ફોર્મ્યુલા પર સમજૂતી થઈ છે, જે હેઠળ અઢી વર્ષ બાદ ડીકે શિવકુમાર મુખ્યમંત્રી બનશે, પરંતુ પાર્ટીએ તેની સત્તાવાર પુષ્ટિ ક્યારેય નથી કરી. જોકે, મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આ રિપોર્ટ્સનું ખંડન કરાયું છે અને કહ્યું કે, તેઓ પાંચ વર્ષો સુધી રાજ્યના મુખ્યમંત્રી બન્યા રહેશે.



# બિહારમાં વિજય બાદ નીતિશ કુમારે 10મી વાર મુખ્યમંત્રી પદના શપથ લીધા

## નવા મંત્રીમંડળમાં 26 મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો

**પટના**

નીતિશ કુમાર ૧૦મી વખત બિહારના મુખ્યમંત્રી બન્યા છે. નીતિશ કુમારે પદ અને ગુપ્તતાના શપથ લીધા છે. રાજયપાલે નીતિશ કુમારને પદના શપથ લેવડાવ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં નૌતિશ કુમારે ગુરુવારે રેકોર્ડ ૧૦મી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. નીતિશના નવા મંત્રીમંડળમાં ૨૯ મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સમ્રાટ અને વિજય સતત બીજા કાર્યકાળ માટે નાયબ મુખ્યમંત્રી બન્યા હતા. સ્ટેજ પર પીએમ મોદી, અમિત શાહ, જેપી નડ્ડા અને અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રી નીતિશ કુમાર ઉપરાંત, અન્ય ૨૬ મંત્રીઓએ શપથ લીધા હતા. નીતિશકુમારે કેબિનેટમાં પોતાની સાથે ભાજપ, જેડીયુ, એલજેપી-




આર, એચએએમ અને આરએલએમના કુલ ૨૬ નેતાઓને મંત્રી બનાવ્યા છે. નીતિશ કેબિનેટમાં ભાજપના ૧૪, જેડીયુના ૮, લોજપા-આરના 2, હમ અને રાલોમોના ૧-૧ મંત્રી બન્યા છે. આ ૨૬ મંત્રીઓમાં રાલોમો કોટાના દીપક પ્રકાશ કોઈ પણ સદનના સભ્ય નથી. ઉપેન્દ્ર કુશવાહાના પુત્ર દીપક પ્રકાશને વિધાન પરિષદમાં લઈ જવામાં આવશે. જીતનરામ માંઝીએ પણ તેમના પુત્ર સંતોષ સુમનને હમ કોટામાંથી ફરી મંત્રી બનાવાયા છે.

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe
Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# બ્રામ્પ્ટન ગુજરાતી સિનિ. ક્લબનો કાર્યક્રમ : ગીત નૃત્યોની પ્રસ્તુતિ

## સભ્યોના જન્મ દિવસ અને વેડીંગ એનિવર્સરીની ઉજવણી કરી સભ્યોનું અભિવાદન કરવામાં આવ્યું



બ્રામ્પટન : ગુજરાતી સિનિયર્સ ક્લબનો કાર્યક્રમ તા. ૯-નવેમ્બર-2025ના રોજ યોજાયો હતો. સર્વે સભ્યોએ પ્રાર્થના અને ભજનથી કાર્યક્રમની શરૂઆત કર્યા બાદ હસમુખભાઈએ સંસ્થાગત સવિસ્તાર માહિતી આપી હતી. કલાવતીબેન મિસ્ત્રીએ સમાચાર વાંચન કરીને દેશ વિદેશની માહિતી આપી હતી. ચંચલબેને "ચૂડી ન જાને દેગા" ગીત પર સુંદર નૃત્ય કરીને સૌ સભ્યોને ડોલાવી દીધા હતા. કુસુમબેન પટેલે "સદભાવના"ઉપર તેમના વ્યવસાયિક અનુભવો જણાવીને સુંદર વિચારો રજૂ કરતા જણાવ્યું હતું કે, દરેક મનુષ્યે જગતમાં સૌ જીવો સુખી થાય, તેવી મૈત્રીભાવના રાખવી જોઈએ. જો આપણે સદવિચાર, સદવાણી અને સદકર્મ કરીશું તો ઘર, સમાજ, ગામ, શહેર, રાજ્ય, દેશ અને વિશ્વમાં શાંતિ રહેશે અને વિશ્વ એક કુટુંબ બનશે. ત્યારબાદ અરુણભાઈ દવેએ તેમના સુરીલા અવાજમાં "તેરી આંખો કે સિવા, દુનિયામેં રખા કયા હૈ" અને " રમૈયા વતાવયા યૈને દિલ તુજ કો દીયા" ગીતો રજૂ કર્યા હતાં.

### સદભાવના વિષય ઉપર કુસુમબેન પટેલનું પ્રભાવક પ્રવચન, ભગવાન પરશુરામ અને કર્ણ સાથે સંકળાયેલા ચિત્રો પ્રદર્શિત કરાયા

ત્યારબાદ સૂર્યપુત્ર હોવા છતાં સૂતપુત્ર તરીકે ખ્યાતિ પામેલ પોતાના પ્યારા શિષ્ય દાનવીર કર્ણનું મૃત્યુ થતાં ક્રોધિત થયેલા પરશુરામે આંસુ સારતા વ્યક્ત કરેલી વ્યથા, અન્નદાન નહિ દેવાના કારણે કર્ણને સ્વર્ગમાં પ્રાપ્ત થયેલ અન્નજળનું સોનામાં રૂપાંતર, શ્રાદ્ધપક્ષનું મહત્ત્વ, અને તેનો ખ્યાલ, પૃથ્વી પર જીવનભર જે શબ્દ માટે તડપતો હતો એ શબ્દ "પુત્ર" સ્વર્ગમાં કુન્તિના મુખે સાંભળતાં જ કર્ણે માતા કુન્તિને દર્શાવેલ એના દોષ અને અંતે પોતાને કુન્તિપુત્રની ઓળખાણમાંથી મુક્ત કરી દેવા કર્ણે માતા કુન્તિ પાસે માગેલી ભીક્ષાનું ચિત્રણ દર્શાવાયું હતુ. જે બાદ ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે સ્વરચિત કાવ્ય " સિની. ક્લબ, વડીલોનો દરબાર"નું પઠન કરી હળવી રમુજ ભરેલ જોક્સ દ્વારા સભ્યોને હસાવી દીધા હતા.

કલબના માનીતા સભ્ય વર્ષાબેન અને અરુણભાઈ ભટ્ટે "પંછી અકેલા દેખ કે ચાય પે બુલાયા હૈ" પર સુંદર નૃત્યની પ્રસ્તુતિ કરી હતી. અનિલભાઈ ભાવસારે બે ગીતો "છુ કર મેરે મનકો કિયા ક્યાં તુમને ઈશારા" તથા "રીમ જીમ ગીરે સાવન"રજૂ કર્યા હતાં.

અંતે સભ્યોના જન્મ દિવસ અને વેડીંગ એનિવર્સરીની ઉજવણી કરી સભ્યોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સભ્યોએ હાજર રહી પ્રોગ્રામમાં સહકાર આપવા બદલ અને સંસ્થાના પ્રોગ્રામમાં ભાગ લેવા બદલ સંસ્થા તરફથી આભાર વ્યક્ત કર્યો હતો. આજના ભોજનના મનોરથી સુરેશભાઈ અને કુસુમબેન તરફથી ભોજનમાં ઉંધિયું, પૂરી, ખમણ, કઢી, ભાત, પાપડ, પાપડી તથા ગાજરના હલવાનો રસાસ્વાદ માણી સૌ સભ્યો છૂટા પડ્યા હતા.

# ઓલિમ્પિક-પેરાલિમ્પિક વિન્ટર ગેમ્સ માટે ટીમ કેનેડાની ડિઝાઇનનું અનાવરણ થયું

## લુલુલેમોન કંપનીના સીઆઇએ ખેલાડીઓ માટે કામ કરવા બદર ગૌરવ અનુભવ્યું

**ટોરન્ટો**

કેનેડિયન કપડાની દિગ્ગજ કંપની લુલુલેમોને મિલાન અને કોર્ટીના ડી'એમ્પેઝો, ઈટાલીમાં 2026 ઓલિમ્પિક અને પેરાલિમ્પિક વિન્ટર ગેમ્સ માટે તેની ટીમ કેનેડા ડિઝાઈનનું અનાવરણ કર્યું છે. આ ગેમ્સ 6 ફેબ્રુઆરીથી શરૂ થશે અને 22 ફેબ્રુઆરી, 2026 સુધી ચાલશે. લુલુલેમોન, કેનેડિયન ઓલિમ્પિક કમિટી અને કેનેડિયન પેરાલિમ્પિક કમિટીએ મંગળવારે મિલાનો કોર્ટીના 2026 ઓલિમ્પિક અને પેરાલિમ્પિક વિન્ટર ગેમ્સ પહેલા ટીમ કેનેડા માટે નવી એથ્લીટ કીટનું પ્રદર્શન કર્યું હતુ, જે કપડા બ્રાન્ડની ટીમ કેનેડાની સત્તાવાર આઉટફિટર તરીકે ત્રીજી ગેમ્સ તરીકે ચિહ્નિત કરે છે. લુલુલેમોનના સીઈઓ કેલ્વિન મેકડોનાલ્ડે જણાવ્યું હતું કે, કેનેડિયન હોકી ખેલાડી સિડની ક્રોસબી સિન્થિયા એપિયા, વિલિયમ ડેન્ડજીનોઉ, પાઈપર ગિલ્સ, એમ્મા માલ્ટાઈસ, પોલ પોઈરિયર, કેસી શાર્પ, ટાયલર ટર્નર અને નતાલી વિલ્કી સાથે લુલુલેમોનના 2026 માટે ટીમ કેનેડા એમ્બેસેડરના રોસ્ટરમાં જોડાયા છે.

લુલુલેમોને ઓલિમ્પિક પ્રવાસના દરેક ભાગ દરમિયાન તેમની જરૂરિયાતોને સમજવામાં મદદ કરવા માટે કેનેડાભરના રમતવીરોની સાથે નજીકથી કામ કર્યું હતું, અને ગણવેશને સ્ટાઈલિશ અને કાર્યાત્મક બંને બનાવવાનો પ્રયાસ કર્યો હતો.









# કેનેડામાં PRની રાહ જોતા ભારતીયોને ઝટકો, સ્કિલ્ડ ટ્રેડ્સ સ્ટ્રીમ બંધ

## ઓન્ટેરિયોમાં પ્રોગ્રામ હેઠળ સબમિટ કરાયેલી તમામ અરજીઓ ફગાવી દેવાઈ, સ્ટ્રીમમાં વ્યાપક પ્રમાણમાં ફ્રોડ થયાની ઓન્ટેરિયો સત્તાધીશોને આશંકા

**ઓન્ટેરિયો**

કેનેડામાં નોકરી કરી રહેલા અને PRની રાહ જોઈ રહેલા ભારતીયોને મોટો ઝટકો લાગ્યો છે. કેનેડાના ઓન્ટેરિયો સરકારે અચાનક પોતાના સ્કિલ્ડ ટ્રેડ્સ સ્ટ્રીમ બંધ કરી દીધું છે. આ સાથે જ આ પ્રોગ્રામ હેઠળ સબમિટ કરાયેલી તમામ અરજીઓ ફગાવી દેવામાં આવી છે. આ અરજીઓ છેલ્લા દોઢ-બે વર્ષથી પેન્ડિંગ હતી. સરકારનું કહેવું છે કે, લોકોને તેમની ફી અને ફાઈલો પરત કરી દેવામાં આવશે.

આ નિર્ણયની સૌથી વધુ અસર ભારતીયો પર પડી છે, કારણ કે કેનેડાના સ્કિલ્ડ ટ્રેડ્સ સેક્ટરમાં ભારતીય વર્કર્સની સંખ્યા સૌથી વધુ છે અને હજારો લોકો આ સ્ટ્રીમ દ્વારા PR મેળવવાની આશા રાખીને બેઠા હતા. ફગાવી દેવામાં આવેલી અરજીઓની સંખ્યા પણ હજારોમાં છે.



આ નિર્ણય ઓન્ટેરિયો (કેનેડા)ના ઈમિગ્રેશન પ્રોગ્રામ OINP (Ontario Immigrant Nominee Program) દ્વારા લેવામાં આવ્યો છે. તેમણે પોતાની 'Express Entry: Skilled Trades Stream'ને તાત્કાલિક રોકી દીધી છે. આ સાથે જ આ સ્ટ્રીમમાં હવે કોઈ નવી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. પહેલાથી જ પ્રક્રિયામાં રહેલી અરજીઓ પરત કરી દેવામાં આવી છે. ઓન્ટેરિયો સરકારનું કહેવું છે કે, આ સ્ટ્રીમમાં વ્યાપક પ્રમાણમાં ખોટી જાણકારી (misrepresentation)અને ફ્રોડ થઈ રહ્યો હતો. સ્ટ્રીમની વર્તમાન રૂપ-રેખા એવી છે કે, તેનો દુરુપયોગ થઈ રહ્યો છે, તેથી ઓન્ટેરિયોએ તેને બંધ કરવાનો નિર્ણય લીધો છે.

કેનેડામાં ટ્રેડ વર્કર્સ તરીકે ભારતીયો સૌથી મોટી કમ્યુનિટીમાં આવે છે. જેમ કે, ઈલેક્ટ્રિશિયન, પ્લમ્બર, વેલ્ડર, કન્સ્ટ્રક્શન વર્કર અને ઓટોમોટિવ ટેકનિશિયન. આ સેક્ટર્સમાં ઘણા ભારતીયો કામ કરી રહ્યા છે અને PRનો સૌથી સરળ રાહ સ્કિલ્ડ ટ્રેડ કેટેગરી જ માનવામાં આવતી હતી. હવે જ્યારે આ પ્રોગ્રામ બંધ કરી દેવામાં આવ્યો છે, ત્યારે હજારો ભારતીયોની PR માટેની આશાઓ પર પાણી ફરી વળ્યું છે.

# છેલ્લાં એક વર્ષમાં થયેલી ઓટો ચોરીથી કેનેડિયનોને $ 1 બિલિયનનું નુકસાન

### નવા મોડેલ, વધુ કિંમતવાળી SUV અને પિકઅપ ટ્રક તસ્કરોના મુખ્ય ટાર્ગેટ, 2,000થી વધુ વાહનો ચોરાઇ ગયા

**ઓન્ટેરિયો**

એક નવા અહેવાલમાં જણાવાયું છે કે, કેનેડામાં ઓટો ચોરી માટે નવા મોડેલ, વધુ કિંમતવાળી SUV અને પિકઅપ ટ્રક મુખ્ય લક્ષ્યો રહ્યા છે, ગુનેગારો તેમના ઓપરેશન્સ પર કડક કાર્યવાહી કરવાના પ્રયાસો વચ્ચે અનુકૂલન સાધી રહ્યા છે. 2,000થી વધુ વાહનો ચોરાઈ ગયા હોવાનું નોંધાયું હતું, ટોયોટા RAV4 ગયા વર્ષે ચોરો દ્વારા સૌથી વધુ ચોરવામાં આવતી કાર હતી, એમ ઈક્વિટ એસોસિએશને જણાવ્યું હતું. બાકીની યાદી- હોન્ડા સિવિક સિવાય, જે લગભગ 1,800 વાહનો ચોરાઈ ગયા છે. જેમાં હોન્ડા CR-V અને જીપ રેંગલર જેવી અન્ય SUV અને ડોજ રેંગલર અને ફોર્ડ F-150 જેવા પિકઅપ ટ્રકનો સમાવેશ થાય છે. ટોયોટાના અન્ય બે વાહનો, હાઈલેન્ડર એસયુવી અને ટુંડ્રા પિકઅપએ પણ ટોચના 10 વાહનોમાં સ્થાન મેળવ્યું છે. સંયુક્ત રીતે, ટોચના 10 વાહનોની યાદી 2024માં 15,700થી વધુ ચોરાયેલા વાહનોનું પ્રતિનિધિત્વ કરે છે.

રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે 2020 અથવા નવા મોડેલો તે મોટાભાગના વાહનોના પ્રકારોમાં સૌથી વધુ લક્ષ્યાંકિત હતા, જેમાં ગુનેગારો આધુનિક વાહનોનો ઉપયોગ કરતા હતા. એક્વીટે શોધી કાઢ્યું છે કે લક્ઝરી વાહનોની ચોરીમાં ખાસ વધારો થયો છે, જેમાં કેટલાક લેક્સસ અને મર્સિડીઝ-બેન્ઝ મોડેલોમાં સૌથી વધુ ચોરીની આવર્તન અથવા કેનેડિયનોની માલિકીના અને વીમા કરાયેલા વાહનોમાં ચોરીનો ટકાવારી જોવા મળી છે. 2023ની સરખામણીમાં ગયા વર્ષે સમગ્ર કેનેડામાં ચોરી થયેલા વાહનોની સંખ્યામાં 19 ટકાનો ઘટાડો થયો હોવા છતાં, એક્વીટે અંદાજ લગાવ્યો છે કે ઓટો ચોરીઓ કેનેડિયનોને વાર્ષિક $1 બિલિયનથી વધુ વીમા દાવાઓમાં નુકસાન પહોંચાડ્યું છે.



**qyuit દ્વારા અહેવાલ મુજબ કયા વાહનની કેટલી સંખ્યામાં ચોરી**

- » ટોયોટા RAV4 – 2,080 ચોરીઓ
- » ડોજ રામ 1500 સિરીઝ – 2,018 ચોરીઓ
- » હોન્ડા CR-V – 1,911 ચોરીઓ
- » ફોર્ડ F150 સિરીઝ – 1,833 ચોરીઓ
- » હોન્ડા સિવિક – 1,797 ચોરીઓ
- » જીપ રેંગલર – 1,491 ચોરીઓ
- » શેવરોલે/GMC સિલ્વેરાડો/સીએરા 1500 સિરીઝ – 1,192 ચોરીઓ
- » ટોયોટા હાઈલેન્ડર – 1,141 ચોરીઓ
- » ટોયોટા ટુંડ્ર – 1,129 ચોરીઓ
- » લેક્સસ RX સિરીઝ – 1,124 ચોરીઓ

# નુકસાન વધી જતાં કેનેડા પોસ્ટ દ્વારા મોટી નોકરીઓમાં કાપ મૂકવાના સંકેત

**ટોરોન્ટો**

મંગળવારે વાર્ષિક જાહેરસભામાં કેનેડા પોસ્ટે જાહેર કર્યું કે તેને રોકડનું નુકસાન થયું છે અને નોકરીઓમાં કાપ મૂકાવાની શક્યતા છે. ક્રાઉન કોર્પોરેશનના મુખ્ય નાણાકીય અધિકારી, રિન્ડાલા અલ-હેગે જણાવ્યું હતું કે, 2025 માટે કેનેડા પોસ્ટનું અત્યાર સુધીનું સંચાલન નુકસાન $1 બિલિયનથી વધુ છે, અને તેનું તાજેતરનું કરવેરા પહેલાં $541 મિલિયન ત્રિમાસિક નુકસાન મહત્ત્વનું હતું. કંપનીના ઈતિહાસમાં આ સૌથી મોટું ત્રિમાસિક નુકસાન હતું," અલ-હેગે ઉમેર્યું કે, સપ્ટેમ્બરમાં, ફેડરલ સરકારે ક્રાઉન કોર્પોરેશનને તેના નાણાકીય સ્થિરતા અને તેના અસ્તિત્વને સુનિશ્ચિત કરવા માટે હોમ ડિલિવરી સમાપ્ત કરવા અને કેટલાક ગ્રામીણ મેઈલ આઉટલેટ્સ બંધ કરવા જેવા મોટા ફેરફારો કરવા હાકલ કરી હતી. વાર્ષિક બેઠકમાં સીઈઓ ડગ એટીંગરે મોટી નોકરીમાં કાપ મૂકવાનો સંકેત આપ્યો અને કહ્યું કે, કોર્પોરેશન તેના લગભગ 62,000 કર્મચારીઓમાંથી કર્મચારીઓને ઘટાડવા માટે એટ્રિશનનો ઉપયોગ કરશે. કેનેડા પોસ્ટ 2030 સુધીમાં 16,000થી વધુ કર્મચારીઓ નિવૃત્ત થવાની અથવા કોર્પોરેશન છોડીને જવાની અપેક્ષા રાખે છે. સાથે જ 2035 સુધીમાં બીજા 14,000 કર્મચારીઓ નિવૃત્ત થવાની અપેક્ષા રાખે છે.






તંત્રી સ્થાનેથી

# બિહારમાં સુશાસનની વાતો અને 10 હજારની રેવડીથી NDA વેતરણી પાર

બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએનો ભવ્ય વિજય થવા સાથે મહા ગઠબંધનનો સફાયો થઈ ગયો છે. કુલ 253 વાળી વિધાનસભા બેઠકો પૈકી 202 બેઠક એનડીએના ફાળે અને 35 બેઠક મહાગઠબંધનના ફાળે ગઈ છે. આ ઉપરાંત 6 બેઠક પર અન્યોએ કબજો કર્યો છે. ચૂંટણીના પરિણામોથી સ્થિતિ એવી છે કે, મહાગઠબંધન પાસે વિપક્ષ બનવાની પણ ક્ષમતા રહી નથી. આ વખતે પ્રશાંત કિશોર કે જેને રાજકારણના મેજિકલ મેન ગણવામાં આવતા હતા, તેના દાવાઓ પણ પોકળ સાબિત થયા છે. પ્રશાંત કિશોરે આ વખતે જન સ્વરાજ પાર્ટી રચી તમામ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા. આ સાથે જ તેમણે રોજગાર, શિક્ષણ, આરોગ્ય તથા મોંઘવારી જેવા મુદ્દાઓ સાથે પ્રચાર કર્યો હતો. બીજી તરફ મહાગઠબંધનમાંથી તેજસ્વીએ દરેક પરિવારમાંથી એક યુવાનને સરકારી નોકરીનું વચન આપ્યું હતુ. પરંતુ આ તમામ બાબતોને અવગણીને બિહારની જનતાએ ફરી એનડીએને સત્તા સોંપી છે.



તંત્રી - સ્વદેશ

જાણકારોના મતે આ વખતે નીતિશ કુમાર અને એનડીએ દ્વારા માય ફેક્ટર લાગુ કરવામાં આવ્યું હતું. જે ખૂબ જ અસરકારક રહ્યું છે. 'MY'ફેક્ટર એટલે કે મહિલા અને યુવાનો, આ ફેક્ટરને કારણે મુસ્લિમ અને યાદવ ફેક્ટરની અસર થઈ નહીં. એનડીએના MY'ફેક્ટરથી લોકો વધારે આકર્ષાયા હતા અને મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં પણ એનડીએને ખોબલે ખોબલે મત મળ્યા છે. બરાબર ચૂંટણી ટાંણે જ કેન્દ્ર અને રાજ્ય સરકારે બિહારની 75 લાખ મહિલાના ખાતામાં તબક્કાવાર રીતે 10-10 હજાર રૃપિયા જમા કરાવાયા હતા. જેની સામે વિપક્ષી સભ્યોએ ધીમા સુરે વિરોધ કર્યો પણ સરકારનું કહ્યાગરા ચુંટણી પંચે કોઈ પગલા લીધા નહીં. ચાલુ ચૂંટણીમાં પણ ખાતાઓમાં પૈસા જમા થતા ગયા અને એનડીએના વોટ વધતા ગયા. આમ પણ બિહારમાં ગરીબીની સ્થિતિ જગજાહેર છે. 10 હજાર જેવી રકમ પ્રદેશના કરોડો લોકો માટે મોટી છે. જો કે, એનડીએ તેની જીત માટે અન્ય કારણો ગણાવે છે. એનડીએના મતે મહિલાઓ માટે મુખ્યમંત્રી સ્વરોજગાર યોજના, શરાબબંદી, સુરક્ષા યોજના તથા છોકરીઓના શિક્ષણ ઉપર ફોકસ કરવાની વાત છે. બીજી તરફ યુવાનોને એનડીએએ કૌશલ્ય વિકાસ, નોકરી તથા જંગલરાજની યાદ દેવડાવી હતી. નીતિશ કુમારે દરેક મહિલા ઉદ્યમીને ૧૦,૦૦૦ રૃપિયાની પ્રારંભિક મદદ કરાવી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં આ રકમ સીધી જ બેન્ક ખાતાઓમાં જમા કરાવવામાં આવી હતી, જેના કારણે મહિલાઓમાં એનડીએ પ્રત્યેનો વિશ્વાસ વધી ગયો હતો. તે ઉપરાંત નીતિશે દરેક સભામાં શરાબબંદી અને મહિલાઓની સુરક્ષા તથા પરિવારની સુખ-શાંતિની વાત કરી હતી. તેમણે આપેલા વાયદા અને વચનોને કારણે જ મહિલાઓનું આ વખતે મતદાન ૬૨ ટકા ગયું છે જે ગત વિધાનસભામાં ૫૯ ટકા હતું.

બીજી તરફ જેડીયુએ દાવો કર્યો કે, યુવાનોને જે વચનો આપ્યા હતા તે પ્રમાણે નીતિશ કુમારે પાંચ લાખ કરતા વધારે નોકરીઓ આપી છે. તેઓ દરેક સભામાં બોલતા હતા કે, પોતાના પરિવારને પૂછો કે, જંગલરાજમાં શું થતું હતું. તેમણે યુવાનો સામે જંગલરાજની સામે સુશાસની વાત કરી હતી.

જાણકારો માને છે કે, ૨૦૧૦માં નીતિશ દ્વારા આવો જ ઈતિહાસ રચવામાં આવ્યો હતો. તે સમયે ૨૦૬ બેઠકો ઉપર ભવ્ય વિજય મેળવવામાં આવ્યો હતો. તે સમયે પણ મહિલા અને સુશાનની વાત રજૂ કરાઈ હતી. આ વખતે સૌથી પહેલાં તો યાદવ મતોમાં જ વિભાજન જોવા મળ્યું. નવાદામાં યાદવ મતોમાં ધ્રુવીકરણ થયું અને મત વહેંચાઈ ગયા. યાદવોની જેમ મુસ્લિમ મતોમાં પણ તિરાડો પડી હતી. મુસ્લિમ વિસ્તારોમાં ઓવૈસીની એન્ટ્રીએ કિશનગંજ, અરરિયા, પૂર્ણિયામાં ત્રિકોણિય મુકાબલો થયો અને મહાગઠબંધનને નુકસાન થયું. તેજસ્વીની રેલીઓ મોટી હતી પણ અસરકારક રહી નહીં. જંગલરાજનો ભય અને રોજગારીના વાયદાથી પણ એનડીએને ફાયદો થયાનો દાવો જેડીયુ કરી રહ્યું છે. જો કે, આ ચૂંટણીના પરિણામોમાં કેટલીક રસપ્રદ બાબતો પણ હતી. આરજેડીના 143 ઉમેદવારોમાંથી માત્ર 25 જીત્યા છે. પણ તેને 23 ટકા વોટશેર મળ્યો છે. જ્યારે મતમાં આ આંકડો સવા કરોડની આસપાસ છે. જ્યારે કોંગ્રેસને 6 બેઠકો સાથે 8.7 ટકા વોટ શેર તથા સીપીઆઈને બે બેઠકો સાથે 2.8 ટકા વોટશેર મળ્યો છે. બીજી તરફ આશ્ચર્યજનક રીતે નીતિશની જેડીયુના 101માંથી 85 ઉમેદવારો જીત્યા, જેનો કુલ વોટ શેર આરજેડી કરતા ચાર ટકા ઓછો 19 ટકા રહ્યો હતો. એ જ રીતે બીજેપીને 101માંથી 89 બેઠક મળી, જેનો વોટ શેર 20 ટકા રહ્યો હતો. મતોના આંકડામાં જેડીયુને 89 લાખ તથા બીજેપીને 85 લાખ આસપાસ મત મળ્યા છે. એટલે મત મળવાની દ્રષ્ટિએ તો તેજસ્વી ટોચે છે. પરિણામો બાદ ભાજપે ગુરુવારે અટકળોથી વિરુદ્ધ નીતીશ કુમારને જ સમર્થન આપી સીએમ પદે બેસાડ્યા હતા. નીતીશ ફરી મુખ્યમંત્રી બનતાં બિહારમાં હાલ પૂરતું ઘીના ઠામમાં ઘી પડી રહ્યું છે પણ ભાજપ આ સ્થિતિ લાંબો સમય નહીં રાખે એવી અટકળો હડી પણ ચાલી રહી છે. રાજકીય વિશ્લેષકોના મતે, ભાજપ નીતીશને એકાદ વર્ષ પૂરતા મુખ્યમંત્રીપદે રાખશે અને પછી મહારાષ્ટ્રની ફોર્મ્યુલા અપનાવીને જેડીયુમાં ભંગાણ પડાવીને નીતિશને રવાના કરી દેશે. અગાઉ મધ્ય પ્રદેશમાં 2018માં કૉંગ્રેસના કમલનાથ મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમની પાસે કટોકટ બહુમતી હતી અને ભાજપને બહુમતી માટે 15 જેટલા ધારાસભ્યો ઘટતા હતા. ત્યારે ભાજપે જ્યોતિરાદિત્ય સિંધિયાને સાધીને વીસેક ધારાસભ્યો પાસે બગાવત કરાવી તેમની પાસે રાજીનામાં અપાવી દઈ કમલનાથની સરકાર ઘરભેગી કરી દીધી હતી. હિરમાં મધ્ય પ્રદેશ જેવી જ સ્થિતિ છે. એનડીએમાં અત્યારે જેડીયુના 85 ધારાસભ્યો છે જ્યારે ભાજપના 89, ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના 19, જીતનરામ માંઝીની હિંદુસ્તાન અવામ મોરચા (હમ)ના પાંચ અને ઉપેન્દ્ર કુશવાહાની રાષ્ટ્રીય લોકશાહી મોરચાના ચાર મળીને કુલ 107 ધારાસભ્યો જેડીયુ સિવાયની પાર્ટીના છે.

ભાજપ જેડીયુના 30 ધારાસભ્યો પાસે રાજીનામાં અપાવે તો વિધાનસભાની સભ્યસંખ્યા ઘટીને 213 થાય અને બહુમતી માટે 107 ધારાસભ્યોનો ટેકો જોઈએ. પેટાચૂંટણીમાં ભાજપ રાજીનામાં આપનારા બધા ધારાસભ્યોને ટિકિટ આપીને ફરી લડાવે અને તેમાંથી 16 પણ જીતી જાય તો ભાજપની બહુમતી થઈ જાય તેમ છે.

ચૂંટણીમાં સૌથી કફોડી સ્થિતિ તો કોંગ્રેસની થઈ છે. ભૂંડી રીતે હારી ગયેલી કૉંગ્રેસે ફરી ‘નાચ ના જાને આંગન ટેઢા’વો ખેલ શરૂ કરી દીધો છે. કૉંગ્રેસ પાસ મતદારોને આકર્ષવા માટે કશું નથી પણ આ વાતનો સ્વીકાર કરવામાં કૉંગ્રેસીઓને નાનમ લાગે છે. એટલે ક્યાંય પણ હાર થાય એટલે ચૂંટણી પંચ પર આક્ષેપો કરાય રહ્યા છે. કૉંગ્રેસે પહેલાં વધારાના 3 લાખ મત ક્યાંથી આવી ગયા એવો વાંધો ઉઠાવ્યો. પછી દિગ્વિજયસિંહે દાવો કર્યો છે કે, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન્સ (EVM)માં ઘાલમેલ અને મતદાર યાદીઓમાં ચેડાં કરીને ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએએ જીત મેળવી છે. મજાની વાત એ છે કે, રોબર્ટ વાડરાએ દિગ્વિજયસિંહની વાતમાં સૂર પુરાવીને બિહારમાં નવેસરથી ચૂંટણીની સાવ હાસ્યાસ્પદ માગ કરી નાખી છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# વડોદરામાં બાળકી મુદ્દે પતિએ પત્નીનું ગળું દબાવી કરી હત્યા

## છ મહિનાની બાળકીને માર મારવા બાબતે થયેલા ઝઘડામાં પતિ ઉશ્કેરાયો, ઘટના બાદ આરોપીની ધરપકડ કરાઈ

**વડોદરા**

વડોદરાના તાંદલજા વિસ્તારમાં રવિવારે મોડી રાત્રે એક ચોંકાવનારી ઘટના બની. છ મહિનાની બાળકીને માર મારવા બાબતે થયેલા ઝઘડામાં પતિએ પત્નીનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દીધી હતી. પોલીસે પતિની ધરપકડ કરી હત્યાનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા શહેરના તાંદલજાના મહાબલીપુરમ વિસ્તારમાં કાસીમ શબ્બીરભાઈ શેખ અને તેની પત્ની મિસબા ઉર્ફે આરજુ તેમની છ મહિનાની બાળકી સાથે થોડા સમય પહેલા જ ભાડાના મકાનમાં રહેવા આવ્યા હતા. રવિવારે રાત્રે મિસબા કોઈ કારણસર બાળકીને માર મારી રહી હતી, જેથી પતિ કાસીમે તેને આમ કરવાથી રોકી હતી. પતિએ વારંવાર ના પાડવા છતાં પત્નીએ બાળકીને માર મારવાનું ચાલુ રાખ્યું હતું. બંને વચ્ચે બોલાચાલી થતાં પત્નીએ પતિને કહ્યું કે, ‘તમે કોઈ કામ કરતા નથી, પૈસા કમાવાની ઓકાત નથી અને મને સલાહ આપો છો.’

આ સાંભળી કાસીમ ગુસ્સે ભરાયો હતો. તેણે પોલીસ સમક્ષ કબૂલાત કરી કે, “મેં માર મારવાની ના પાડતા તેણે માર મારવાનું ચાલુ રાખતા મને ગુસ્સો આવી ગયો હતો અને તેનું ગળું દબાવી દીધું હતું.’ બનાવની જાણ થતાં જેપી રોડ પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે અને મિસબાના પરિવારજન પાસે પહોંચ્યો હતો. પોલીસે કાસીમને પણ પોલીસ સ્ટેશન લાવી પૂછપરછ કરતાં તેણે પત્નીનું ગળું દબાવી દીધું હોવાની કબૂલાત કરી હતી. પોલીસ જ્યારે મહાબલીપુરમના મકાનમાં પહોંચી ત્યારે મિસબા ભોંય તળિયે મૃત હાલતમાં પડેલી હતી. પોલીસે તાત્કાલિક હત્યાનો ગુનો નોંધી પતિ કાસીમ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# બનાસકાંઠાના ઇકબાલ ગઢની ફૉરેસ્ટ રેન્જથી 10 શિકારીઓ હથિયાર સાથે પકડાયા, 4 ફરાર

## કૌભાંડ ચાલતું હોવાની આશંકા, 5 બંદૂકો જપ્ત કરાઈ

**બનાસકાંઠા**

બનાસકાંઠા જિલ્લાની ઈકબાલગઢ ફોરેસ્ટ રેન્જમાં વન્યજીવોના શિકારનું એક મોટું કૌભાંડ સામે આવ્યું છે. વન વિભાગે ગેરકાયદેસર રીતે શિકાર કરવા નીકળેલા 14 શિકારીઓની ટુકડીમાંથી હથિયારો સાથે 10 શિકારીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે અન્ય 4 શિકારીઓ ફરાર થવામાં સફળ રહ્યા છે.

વન વિભાગ દ્વારા ઝડપાયેલા શિકારીઓ પાસેથી કુલ 5 બંદૂકો જપ્ત કરવામાં આવી છે. આ હથિયારોની તપાસ કરતા મોટો ખુલાસો થયો છે કે જપ્ત કરાયેલી 5 બંદૂકોમાંથી 4 બંદૂકો લાયસન્સ વિનાની હતી. આ મામલે વન વિભાગે ગેરકાયદેસર શિકાર (વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ) અને ગેરકાયદેસર હથિયારો રાખવા બદલ અર્મ્સ એક્ટ હેઠળ તમામ આરોપીઓ વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધી છે. ઝડપાયેલા તમામ 10 આરોપીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી કોર્ટે તેમને જેલના સળિયા પાછળ મોકલી આપવાનો આદેશ આપ્યો છે.

# સહકાર ક્ષેત્રે આબરૂનું ધોવાણ રોકવા વડોદરા સહકારી સંઘની ચૂંટણીમાં ભાજપે છેલ્લે દિવસે મેન્ડેટ આપ્યો

## જે ઉમેદવાર બિનહરીફ વિજેતા થાય તેમ હતા તેમના નામો મેન્ડેટમાં સમાવી લીધા

**વડોદરા**

વડોદરા જિલ્લા સહકારી ક્ષેત્રે આબરૂ બચાવવા જિલ્લા ભાજપના આગેવાનોએ ફૂંકીફૂંકીને પગલાં ભરવા માંડયા છે.જેમાં વડોદરા જિલ્લા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં જૂની તારીખ નાંખી છેલ્લી ઘડીએ મેન્ડેટ અપાતાં ચર્ચાનો વિષય બન્યો છે.

સહકારી ક્ષેત્રે મેન્ડેટ આપવાની પ્રથા અમલમાં મુક્યા બાદ ભાજપને અનેકવાર પછડાટ ખાવી પડી છે.જેમાં તાજેતરમાં પાદરા એપીએમસીમાં ભાજપે સત્તા ગુમાવી હતી.તો ડભોઈ એપીએમસીમાં ૧૦માંથી ૪ બેઠક ગુમાવી હતી. પરિણામે વડોદરા જિલ્લા સંઘની ચૂંટણીમાં પ્રભુત્વ સાબિત કરવા માટે જિલ્લા ભાજપના પ્રમુખે બે દિવસ પહેલાં ફોર્મ ચકાસણી વખતે છેલ્લી ઘડીએ મેન્ડેટ આપ્યો હતો.આ મેન્ડેટમાં જેમણે પક્ષને પૂછ્યા વગર ફોર્મ ભર્યા હતા અને બિનહરીફ જાહેર થયા છે તેમના નામનો પણ સમાવેશ કરી દેવામાં આવ્યો હતો. વળી મેન્ડેટમાં જૂની તારીખ લખવામાં આવી હોવાથી કાર્યકરો અચરજ પામ્યા છે. વડોદરા જિલ્લા સહકાર સંઘની ત્રણ બેઠકો પર સહમતી નહિ થતાં ચૂંટણી થશે. જેમાં બે બેઠક પર તો ભાજપના જ બળવાખોર ચૂંટણી લડી રહ્યા છે.જેમાં પાદરામાં ચંદ્રેશ પટેલ સામે પક્ષના પિનાકીન પટેલ અને કરજણમાં ધર્મેશ પટેલની સામે વિશાલ પટેલે ઉમેદવારી કરી છે.વાઘોડિયામાં કોંગ્રેસના મહેન્દ્રસિંહ પરમાર સામે ભાજપના હરિકૃષ્ણ પટેલ ઉમેદવાર છે.

# મોડાસાથી અમદાવાદ જતી એમ્બ્યુલન્સમાં આગ લાગતાં 1 ડોક્ટર અને 1 નર્સ સહિત 4ના મોત

## એમ્બ્યુલન્સના પાછળના ભાગમાં બેઠેલા ચાર લોકો સળગી ગયા, અન્ય 3 દાઝ્યા

**મોડાસા**

ધનસુરા તરફ જતા રોડ પર પેટ્રોલ પંપની સામેથી પસાર થઈ રહેલી એક ખાનગી એમ્બ્યુલન્સમાં અચાનક ભીષણ આગ લાગતાં તેમાં સવાર ચાર લોકોના સ્થળ પર જ કરૂણ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય ત્રણ વ્યક્તિઓ દાઝી ગયા હતા.

લુણાવાડાના રહેવાસી જીગ્નેશભાઈ મોચીના તાજા જન્મેલા (ઉ.વ. 1 દિવસ) બાળકને વધુ સારવાર માટે મોડાસાની રીચ હોસ્પિટલથી અમદાવાદની ઓરેન્જ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન ગોઝારી ઘટના બની હતી, જેમાં એમ્બ્યુલન્સના પાછળના ભાગમાં બેઠેલા ચાર લોકો સળગી જતાં મૃત્યુ પામ્યા હતા. એમ્બ્યુલન્સમાં આગ લાગતા ડ્રાઈવરે વાહન ઊભું રાખ્યું હતું.

એમ્બ્યુલન્સના આગળના ભાગમાં બેઠેલા અને દાઝી ગયેલા અન્ય ત્રણ વ્યક્તિઓને તાત્કાલિક સારવાર માટે ખસેડાયા છે, જેમાં એમ્બ્યુલન્સ ડ્રાઈવર અંકિત ઠાકોર (ઉ.વ. 24), ગૌસંગકુમાર મોચી (ઉ.વ. 40) અને ગીતાબેન મોચી (ઉ.વ. 60)નો સમાવેશ થાય છે.

મોડાસા ટાઉન પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મૃતકોમાં જીગ્નેશ મોચી: (ઉ.વ. 38) - નવજાત શિશુના પિતા, જીગ્નેશભાઈનું તાજું જન્મેલું બાળક: (ઉ.વ. 1 દિવસ), રાજકરણ રેટીયા: (ઉ.વ. 30) - ડોક્ટર, ભુરીબેન મનાત: (ઉ.વ. 23) - નર્સનો સમાવેશ થાય છે.

# સગીરાનું અપહરણ કરીને બળાત્કાર ગુજારનાર આરોપીને 20 વર્ષની કેદ

## 30 હજારનો દંડ, સગીરાને ચાર લાખ વળતર ચૂકવવા હુકમ

**ગાંધીનગર**

ગાંધીનગરના પેથાપુર ખાતે ત્રણ વર્ષ અગાઉ સગીરાને પ્રેમ જાળમાં ફસાવીને અપહરણ કરીને લઈ જઈ બળાત્કાર ગુજારનાર આરોપી સામે ગુનો દાખલ થયા બાદ ગાંધીનગર સ્પેશિયલ પોક્સો કોર્ટમાં કેસ ચાલ્યો હતો અને સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટ દ્વારા પોક્સોના ગુનામાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે. ેના પગલે આરોપીને કાયદામાં દર્શાવવામાં આવેલી સખતમાં સખત સજા કરવામાં આવે. જેના પગલે કોર્ટ દ્વારા આ દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપી હરેશકુમાર ઉર્ફે લાલભાઈ મેઘજીભાઈ ચૌધરીને બળાત્કાર અને પોક્સો એક્ટની કલમ હેઠળ ૨૦ વર્ષની સખત કેદની સજા કરવામાં આવી છે અને ૩૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો.

એટલું જ નહીં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મારફતે ભોગ બનનાર સગીરાને ચાર લાખ રૂપિયા વળતર ચૂકવી આપવા માટે પણ હુકમ કરવામાં આવ્યો હતો.

# કપડવંજમાં BLOની કામગીરી કરતાં આચાર્યનું હૃદય રોગના હુમલાથી મોત

**કપડવંજ**

કપડવંજના જાંબુડી ગામમાં રહેતા અને નવાપુરા પ્રાથમિક શાળાના આચાર્ય તેમજ બૂથ લેવલ ઓફિસર (BLO) તરીકે ફરજ બજાવતા 50 વર્ષીય રમેશભાઈ પરમારનું હૃદય રોગના હુમલાથી નિધન થયું હતું. મૃતકના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે, BLO કામગીરીના અસહ્ય ભારણ અને સતત મુસાફરીના કારણે આચાર્યનું મૃત્યું થયું છે. મૃતકના પરિવારજનોના જણાવ્યાનુસાર, રમેશભાઈ પરમાર મંગળવારે મોડી રાત સુધી મતદાર યાદી સુધારણાની કામગીરી કરીને ઘરે આવ્યા હતા. કામના ભારણ અને થાકને કારણે તે જમ્યા પણ નહોતા અને રાત્રે સૂઈ ગયા હતા, પરંતુ સવારે તેઓ ઉઠ્યા જ નહીં.

# દિલ્હી-મુંબઈ હાઈવેનું સમારકામ કરતાં 5 શ્રમિકોને કારે કચડ્યાં, બેના મોત

## ચાલતે અચાનક સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવી દેતાં અકસ્માત

**વડોદરા**

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર વડોદરાના પાદરા નજીક બુધવારે સવારે એક અત્યંત ગમખ્વાર અને દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો છે. પાદરાના સરસવણી ગામ પાસે હાઈવે પર સમારકામની કામગીરી કરી રહેલા પાંચ મજૂરોને એક પૂરઝડપે આવી રહેલી કારે અડફેટે લીધા હતા. આ ભીષણ ટક્કરમાં બે મજૂરોના ઘટનાસ્થળે જ કરૂણ મોત થયા હતા, જ્યારે અન્ય ત્રણ મજૂરોનો આબાદ બચાવ થયો છે.

મળતી માહિતી મુજબ, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર સરસવણી ગામ પાસે પાંચ મજૂરો રોડ મેન્ટેનન્સનું કામ કરી રહ્યા હતા. બુધવારે સવારે લગભગ 9 વાગ્યે, વડોદરાથી ભરૂચ તરફ જઈ રહેલી એક કારના ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો અને કાર સીધી કામ કરી રહેલા મજૂરો પર ફરી વળી. અકસ્માત એટલો ગંભીર હતો કે બે મજૂરો, દિલીપ દહિયા અને મનોજ કુમાર, ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમના મોત થયા હતા.

# છોટાઉદેપુરમાં તિરંગા યાત્રા બાદ ભાજપના નેતા મુકેશ પટેલનું હાર્ટ એટેકથી નિધન

**વડોદરા**

છોટાઉદેપુર જિલ્લામા સરદાર પટેલની 150મી જન્મજયંતી નિમિત્તે છોટાઉદેપુર નગરના ઝંડા ચોકથી ઘેલવાંટ સુધી 6 કિલોમીટરની તિરંગા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપના પૂર્વ મહામંત્રી અને ઉચ્ચતર માધ્યમિક સંઘના પ્રમુખ એવા મુકેશ પટેલ પણ આ પદયાત્રામાં પૂરા ઉત્સાહ સાથે જોડાયા હતા. યાત્રા ઘેલવાંટ ખાતે પૂર્ણ થઈ, તે સમયે જ મુકેશ પટેલની તબિયત અચાનક લથડી હતી. તેમને તાત્કાલિક છોટાઉદેપુરની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મુકેશ પટેલને હાઈ ડાયાબિટીસ હતો અને પદયાત્રામાં વધુ પડતું ચાલવાને કારણે તેમને હાર્ટ એટેક આવ્યો હોઈ શકે છે.

# બીલીમોરામાં માતાએ બે માસૂમ પુત્રોને રહેંસી નાખતા અરેરાટી

## પિતૃદોષથી મુક્તિ માટે મધરાતે માતાજીએ હુકમ કરતા હત્યા કરી હોવાનું રટણ, માતાજીની પૂજા કરી બે પુત્રોનું ગળુ દબાવી દીધું

**નવસારી**

નવસારી જિલ્લાના બીલીમોરા દેવસર નજીક મહારાજા હાર્મોનિયમ એપાર્ટમેન્ટમાં રહેતા યુપી વાસી પરિવારની મહિલાએ રાત્રીના અંધકારમાં પરિણીતાએ પોતાના ૭ અને ૪ વર્ષીય પુત્રોની હત્યા કરતાં અરેરાટી વ્યાપી ગઈ છે. કથિત અંધશ્રદ્ધામાં ઝનુને ભરાયેલી મહિલાએ ઘટના જોઈ ગયેલા સસરાની પણ હત્યાનો પ્રયાસ કર્યો હતો. સસરાએ બૂમાબૂમ કરી સ્થાનિકોની મદદથી પોલીસ બોલાવી હતી. દરવાજો તોડીને પ્રવેશેલી પોલીસ અંદરના દ્રશ્યો જોઈને ડઘાઈ ગઈ હતી. બે પુત્રોની લાશ પાસે હત્યારી માતા મૂઢ બનીને બેઠેલી હતી.હાલ આ હત્યારી માતાનું કહેવું છે કે માતાજીનો આદેશ મળતાં તેણે પુત્રોની હત્યા કરી હતી.

નવસારી જિલ્લામાં ચકચાર મચાવનાર બે માસુમ પુત્રોની ગળુ દબાવી માતાએ કરેલી અંગે મળતી વિગતો અનુસાર, ઉત્તરપ્રદેશના ગોંડા જિલ્લાના કર્લીંગગજ તાલુકાના અલીંગપુરમ ગામનો શર્મા પરિવાર ૩૫ વર્ષથી રોજગારી માટે બીલીમોરામાં સ્થાયી થયો છે. શર્મા પરિવારમાં ઈન્દ્રપાલ શર્મા તેમની પત્ની અને ચાર સંતાનો પૈકી બીજા નંબરના શિવાકાંત( ઉ.વ. ૩૫) પુત્રવધૂ સુનિતા તેમજ પૌત્ર હર્ષ (ઉ.વ. ૭), વેદ ( ઉ.વ. ૪)નો સમાવેશ થાય છે. તેઓ દેવસર રોડના મહારાજા હાર્મોનિયમ એપાર્ટમેન્ટના બી બ્લોકમાં, ફ્લેટ નં. ૩૦૧માં રહે છે. તેમના પુત્ર શિવાકાંતને ચારેક દિવસથી ટાઈફોઈડ થયો હોવાથી બીલીમોરાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો છે. ઈન્દ્રપાલ શર્મા ગઈકાલે ગુરૂવારે રાતે ટીફીન આપવા હોસ્પિટલ ગયા હતાં. ઈન્દ્રપાલના પત્ની તેમના બીમાર પુત્ર શિવાકાંત પાસે હોસ્પિટલમાં રોકાઈ જતા ઈન્દ્રપાલ દસેક વાગ્યે ઘરે પહોંચી આગળના રૂમમાં સુઈ ગયા હતા. રાત્રે દોઢેક વાગ્યાના અરસામાં રોદ્ર સ્વરૂપ ધારણ કરેલ પુત્રવધૂએ તેમના પર હુમલો કર્યો હતો. સુનિતાએ પ્રથમ ગળુ દબાવવાનો પ્રયાસ કર્યા બાદ સ્ટીલનો ગ્લાસ મારતા સસરા ઈન્દ્રપાલને કાન પર ઈજા પહોંચી હતી. પુત્રવધૂ સુનિતા આટલેથી અટકી ન હતી અને સસરાના હાથ પર બચકા ભરવા લાગ્યા હતા. જોકે સસરા ઈન્દ્રવદન પુત્રવધુના સકંજામાંથી છટકી ફ્લેટમાંથી બહાર નીકળી ગયા હતા અને બુમાબુમ કરી મુકતા લોકો દોડી આવ્યા હતાં. જોકે લોકો પહોંચે એ પહેલા સુનિતાએ ફ્લેટનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. રાત્રે દોઢેક વાગ્યાના અરસામાં સર્જાયેલી આ ધમાચકડી અંગે બીલીમોરા પોલીસને જાણ કરતા પોલીસ અહીં પહોંચી હતી. ફ્લેટનો દરવાજો તોડી અંદર પ્રવેશતા બે પુત્રોની લાશ પાસે માતા સુનિતાને બેસેલી જોઈ પોલીસ ડઘાઇ ગઈ હતી. પોલીસે બે પુત્રોની હત્યા કરનાર સુનિતા શર્માની અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ ગયા હતાં. ઈન્દ્રપાલ શર્માએ બીલીમોરા પોલીસ સ્ટેશનનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સુનિતા શર્મા સામે હત્યાનો ગુનો દાખલ કરી પીઆઈ ચાવડાએ વધુ તપાસ શરૂ કરી છે.

# પિતાને ફોન કર્યા બાદ સુરતની સગીરા અમદાવાદથી ગુમ, અપહરણની આશંકા

**સુરત**

સુરતના વરાછાના રહેવાસી અને હીરા ઘસવાનું કામ કરતા જયંતિભાઈ ગોહિલે તેમની ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમની મોટી દીકરી રિદ્ધિ જે B.Com પ્રથમ વર્ષની વિદ્યાર્થીની છે. તે 14 નવેમ્બરના રોજ અમદાવાદની તેની મહિલા હોસ્ટેલમાંથી બે દિવસની રજાની અરજી આપીને નીકળી હતી.

જયંતિભાઈએ જણાવ્યું કે, તે બપોરે લગભગ ૩ વાગ્યે ઘરે હતા, ત્યારે તેમના દીકરીના ફોન પરથી એક કોલ આવ્યો હતો. જો કે, સામે રિદ્ધિ નહોતી, પરંતુ એક યુવકે પોતાનો પરિચય ગોપાલ તરીકે આપ્યો અને કહ્યું કે 'હું ગોપાલ છું અને રિદ્ધિ મારી સાથે છે. અમે ભાગી જઈ રહ્યા છીએ. તમે અમને શોધતા નહીં.' જ્યારે રિદ્ધિ સાથે વાત કરાવવા કહ્યું, ત્યારે કોલ કરનારે તરત જ ફોન કાપી નાખ્યો હતો.

ત્યારબાદ તેઓ અમદાવાદ આવ્યા અને તેમના સંબંધીઓ પાસેથી જાણવા મળ્યું કે રિદ્ધિએ એક દિવસ પહેલા જ હોસ્ટેલમાં રજા માટે અરજી આપી હતી.પરિવારે રિદ્ધિને અમદાવાદ અને સુરત બંને જગ્યાએ શોધી પરંતુ તે મળી નહોતી. આ કિસ્સા પરિવારે સગીરાનું અપહરણ થયાની શંકા સેવી છે.

# સુરતની કોલેજમાં સ્ટેજ પર સ્પીચ આપતી અમદાવાદની યુવતીનું હાર્ટ એટેકથી મૃત્યુ

## મૃતક યુવતી જીલ આઈટી કંપની માટે પ્રચારનો કામ કરવા સુરત આવી હતી

**સુરત**

અમદાવાદના રાયપુર ખાતે આવેલ અકાશેઠની પોળ ખાતે રહેતા 24 વર્ષીય જીલબેન સુરેશભાઈ ઠક્કર કાપોદ્રા ખાતે આવેલી ધારુકાવાળા કોલેજના ઓડિટોરિયમમાં મંચ ઉપર સ્પીચ આપતા હતા. દરમિયાન ચાલુ સ્પીચે તેઓ અચાનક પડી ગયા હતા અને બેભાન થઈ ગયા હતા.તેમને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં ખાસેડવામાં આવ્યા હતા જ્યાં પ્રાથમિક



સારવાર દરમિયાન તબીબે મરણ જાહેર કર્યા હતા.

આ બનાવની તપાસ કરી રહેલા કાપોદ્રા પોલીસે જણાવ્યું હતું કે જીલબેન આઈટી કમ્પનીમાં કામ કરતા હતા અને આ કંપનીનું કેમ્પન ચાલી રહ્યું હતું. જેથી જીલબેન અમદાવાદથી સુરત આવ્યા હતા અને ધારુકાવાળા કોલેજમાં સેમિનારમાં સ્પીચ આપતા હતા ત્યારે ચાલુ સ્પીચે જ તેઓ અચાનક બેભાન થઈ ગયા હતા. તેમના મૃતદેહનું પોસ્ટમાર્ટમ કરવામાં આવ્યું છે અને મોતનું સાચું કારણ જાણવા સેમ્પલો લેવામાં આવ્યા છે. હાલમાં હાર્ટ એટેકની શક્યતા લાગી રહી છે.જયારે

# પોલીસની ઓળખ આપી આરોપીઓએ કારમાં ભરૂચ જતાં યુવકની ગર્લ ફ્રેન્ડનું અપહરણ કર્યું

## આરોપીઓએ ખોટી ફરિયાદ કરવાની ધમકી આપી રૂપિયા 50 લાખ માંગ્યા હતા

**વડોદરા**

ભરૂચ શેરપુરા રોડ પર મદીના પાર્ક સોસાયટીમાં રહેતો ૩૦ વર્ષનો અફાન ઉસ્માનભાઈ કાની ઓન લાઈન ટ્રેડિંગનો બિઝનેસ કરે છે. તેણે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૧૨ મી તારીખે બપોરે હું તથા મારી ગર્લફ્રેન્ડ કારમાં વડોદરા એમ.એસ. યુનિવર્સિટીથી ભરૂચ જતા હતા. અમારી કારનો ડ્રાઈવર નબીલ શેખ હતો. અઢી વાગ્યે સુશેન સર્કલ તરફ જતા આર્મી કેમ્પ આગળ રોડ પર એક સ્કોર્પિયો કારના ચાલકે અમને ઊભા રાખ્યા હતા. અમે એસ.ઓ.જી. અમદાવાદના પોલીસના માણસો છીએ. તેવું કહી મને ડરાવ્યો હતો. કારમાં બેઠેલા એક વ્યક્તિએ પોતાની ઓળખ યાજ્ઞિક સાહેબ, બીજાએ આફતાબ પઠાણ તથા ત્રીજાએ પોતાની ઓળખ અમદાવાદ એસ.ઓ.જી. પોલીસ તરીકે આપી હતી. તેઓ અમારી કારમાંથી મારી ગર્લ ફ્રેન્ડને ઉતારી તેઓની કારમાં બેસાડીને લઈ ગયા હતા. જ્યારે અન્ય બે આરોપીઓ મને તથા ડ્રાઈવરને બળજબરીથી કારમાં બેસાડી અમદાવાદ લઈ ગયા હતા. તેઓએ મારી પાસેથી બળજબરીથી સાડા ચાર લાખ પડાવી લીધા હતા. ધમકીથી ગભરાઈ ગયેલા અફાને આરોપીઓને કહ્યું કે, તમારે જે જોઈએ તે લઈ લો પણ મને છોડી દો. આરોપીઓએ મારી પાસે ૫૦ લાખ માંગ્યા હતા.ત્યારબાદ તેઓ મને વડોદરા પરત લઈ આવ્યા હતા. મેં મારા ભાઈ પાસેથી ચાર લાખ ભરૂચથી મંગાવ્યા હતા.

# નવસારીમાં મોડી રાત્રે કાર અકસ્માતમાં એકનું કરૂણ મોત, ત્રણ બાળકોને ઈજા

## કાર ચાલકે શ્વાનને બચાવવા પ્રયાસ કરતાં ગફલત ખાધી

**નવસારી**

નવસારી શહેરમાં તીઘરાથી કબીરપોર તરફ જઈ રહેલી એક કાર સેન્ટ્રલ મોલ નજીક ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાતાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ થયું છે, જ્યારે કારમાં સવાર અન્ય ત્રણ બાળકોને ઈજા પહોંચી છે.

મંગળવારે મોડી રાત્રે કાર પૂરપાટ ઝડપે તીઘરા તરફથી કબીરપોર જઈ રહી હતી. તે દરમિયાન સેન્ટ્રલ મોલ નજીક અચાનક રસ્તા વચ્ચે એક શ્વાન આવી જતાં કાર ચાલકે તેને બચાવવા માટે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાબૂ ગુમાવતા જ કાર રોડની વચ્ચે આવેલા સેન્ટ્રલ મોલના ડિવાઈડર સાથે જોરદાર રીતે અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર ચાર લોકો પૈકી એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે તેની સાથે સવાર ત્રણ બાળકોને શરીરે ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક સ્થાનિક લોકોએ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા હતા.

# સુરતના પુણામાં રૂપિયાની લેતીદેતીમાં યુવકને ટાઇલ્સના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવાયો

## શહેરમાં છેલ્લા 24 કલાકમાં જ ત્રણ-ત્રણ હત્યાના બનાવો બન્યા

**સુરત**

રાજ્યમાં 'ડાયમંડ સિટી' સુરત જાણે 'ક્રાઈમ કેપિટલ' બની રહ્યું હોય તેમ હત્યાના બનાવો સામાન્ય બની ગયા છે. શહેરમાં છેલ્લા 24 કલાકમાં જ ત્રણ-ત્રણ હત્યાના બનાવો સામે આવતા પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા છે. ત્યારે સુરતના પુણા વિસ્તારમાં રૂપિયાની સામાન્ય લેતીદેતી જેવી બાબતે એક યુવકની ઘાતકી હત્યા કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના પુણા વિસ્તારમાં વિકી નામના શખ્સે લાલુ યાદવ (મૂળ બિહાર) નામના યુવક સાથે રૂપિયાની લેતીદેતી બાબતે બોલાચાલી કરી હતી. આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં વિકીએ આવેશમાં આવી જઈ લાલુ યાદવ પર હુમલો કર્યો હતો. વિકીએ નજીકમાં પડેલી ટાઇલ્સ ઉઠાવી તેના ઉપરાછાપરી ઘા લાલુ યાદવને માથાના ભાગે મારી દેતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

હત્યાના આ ચકચારી બનાવની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત પુણા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સુરતમાં આ પ્રકારની ઘટનામાં ત્રણ લોકોએ 24 કલાકમાં પોતાના જીવ ગુમાવ્યા હતા.

# નવસારી પાસે કારચાલકે બાઈકને મારી ટક્કર પિતા-પુત્રનું બ્રિજ ઉપરથી નીચે પટકાતા મોત

**નવસારી**

નવસારી-મરોલી રોડ પર આવેલા સાગરા ઓવરબ્રિજ પર ગંભીર અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવતા કારચાલકે બાઈકને જોરદાર ટક્કર મારતાં બાઈક પર સવાર પિતા અને પુત્રનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતા મરોલી પોલીસ ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા અને કારચાલક સામે કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, કારચાલક હરીશ નવીન મિસ્ત્રી કાર લઈને મરોલીથી નવસારી તરફ આવી રહ્યો હતો. જ્યારે બાઈક પર સવાર અમૃત મિસ્ત્રી (પિતા) અને હિરેન અમૃત મિસ્ત્રી (પુત્ર) નવસારીથી મરોલી તરફ જઈ રહ્યા હતા. આ દમિયાન કારચાલક હરીશ મિસ્ત્રી પૂરઝડપે કાર હંકારી રહ્યો હતો અને મોબાઈલ પર વાત કરી રહ્યો હોવાથી તેણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ કાર સામેથી આવતી બાઈક સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કાર બ્રિજની દીવાલ સાથે અથડાઈ હતી.

આ ભયાનક અકસ્માતમાં પિતા અમૃત મિસ્ત્રીનું બ્રિજ પર જ અવસાન થયું હતું. જ્યારે પુત્ર હિરેન મિસ્ત્રી ટક્કર બાદ બ્રિજ પરથી નીચે પટકાતાં ગંભીર ઈજાઓને કારણે તેનું પણ મોત નિપજ્યું હતું. બંને મૃતક અને કારચાલક ત્રણેય મરોલીના જ રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

# વડોદરામાં ડ્રગ્સના 23 કેસ, રૂપિયા 2 કરોડની મતા અને 42 પેડલર પકડાયા

## ડ્રગ્સની હેરાફેરી માટે ટ્રેન અને બસોનો ઉપયોગ કરાયો

**વડોદરા**

વડોદરામાં વર્ષ દરમિયાન ડ્રગ્સના ૨૩ જેટલા કેસો કરી પોલીસે બે કરોડથી વધુ રકમની મતા કબજે કરી છે. વડોદરા પોલીસ દ્વારા મિશન ક્લિન હાથ ધરવામાં આવ્યું છે.જ અંતર્ગત શહેર પોલીસ દ્વારા એક વર્ષ દરમિયાન જુદાજુદા સ્થળોએ દરોડા પાડીને એમડી ડ્રગ્સ,ચરસ અને ગાંજાના ૪૨ આરોપી પકડવામાં આવ્યા છે,જ્યારે રૂ.બે કરોડનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.ડ્રગ્સ માફિયાઓની નજર શૈક્ષણિક સંકુલો અને બ્રિજોની આસપાસ વધુ રહેતી હોય છે.

દરમિયાનમાં આજે પોલીસેડ્રગ્સના વધુ બે કેસ કર્યા હતા.જેમાં મચ્છીપીઠ વિસ્તારમાં મોદી હાઉસ નામના મકાનના ત્રીજા માળેથી પોલીસે મોહંમદ રફીક ઈકબાલભાઈ મલેકને રૂ.૧.૭૫ લાખના ૫૮ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડયો હતો.પોલીસે રોકડા રૂ.૧૪૭૦૦, અને મોબાઈલ પણ કબજે કર્યા હતા.

આવી જ રીતે મકરપુરા પોલીસે ગાંજાના જથ્થા સાથે કાર પકડી કુલ રૂ.૧૦લાખ ઉપરાંતની મતા સાથે પ્રિતુલ નામના કેરિયરને પકડયો હતો. તો બીજીતરફ પોલીસ કમિશનર દ્વારા ડ્રગ્સના કેસો રોકવા માટે મિશન ક્લિન અમલમાં મુકવામાં આવ્યું છે.જે અંતર્ગત ડ્રગ્સના કેસોની સાથેસાથે સ્કૂલ, કોલેજો સહિતના સ્થળોએ જાગૃતિ લાવવામાં આવી રહી છે. વડોદરામાં પકડાયેલા ડ્રગ્સના મોટાભાગના કેસોનું કનેક્શન સુરત, યુપી, પંજાબ,મહારાષ્ટ્ર,રાજસ્થાન અને ઓરિસ્સા સાથે જોડાય છે.પરંતુ વડોદરામાં કેરિયર પકડાયા બાદ આગળનું પગેરું શોધવામાં પોલીસને ધારી સફળતા મળતી નથી. ડ્રગ્સની હેરાફેરી માટે પોલીસની નજરથી બચવા માટે ટ્રેન અને બસનો ઉપયોગ કરવામાં આવતો હોવાના પણ બનાવો બન્યા છે.અગાઉ યુપીથી ટ્રેનમાં મોટી સંખ્યામાં ઈંજેક્શનો લાવવામાં આવતા હોવાના કેસો પણ કરવામાં આવ્યા હતા.

# છોટાઉદેપુરમાં ચૈતર વસાવાની સભામાં કોંગ્રેસ-ભાજપના 200 કાર્યકરો આપમાં જોડાયા

**છોટાઉદેપુર**

છોટાઉદેપુરના સંખેડા ખાતે આમ આદમી પાર્ટી (AAP)ના ધારાસભ્ય ચૈતર વસાવાની જાહેરસભામાં મોટું રાજકીય ગાબડું પડ્યું હતું. ભાજપના ગઢ ગણાતા આ વિસ્તારમાં ચૈતર વસાવાની સભામાં કોંગ્રેસ અને ભાજપના 200 જેટલા કાર્યકરો AAPમાં જોડાયા હતા. આ સભામાં ખેડૂતોના મુદ્દા અને બરોડા ડેરીના કથિત કૌભાંડનો મુદ્દો ઉગ્રતાથી ઉછાળવામાં આવ્યો હતો. આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ સભામાં ખેડૂતોને પડતી મુશ્કેલીઓ અંગે સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. આ સભામાં બરોડા ડેરીના માજી ચેરમેન અજીત ઠાકોરે AAPના મંચ પરથી ડેરીના કથિત ભ્રષ્ટાચાર અંગે ગંભીર આક્ષેપો કર્યા હતા. અજીત ઠાકોરે જણાવ્યું હતું કે, ‘બરોડા ડેરીમાં વ્યાપકપણે ભરતીમાં કૌભાંડ છે, ડેરીમાં નોકરી કરનારા લોકો કરોડપતિ થઈ ગયા છે.

# અંધશ્રદ્ધાનો કિસ્સો : છોટાઉદેપુરમાં મૃતકનો આત્મા લેવા માટે પરિવાર હોસ્પિટલ પહોંચ્યો

## સ્ટાફે પરિવારને રોકવાનો પ્રયાસ કર્યો પણ સફળતા ન મળી

**છોટાઉદેપુર**

છોટાઉદેપુર જિલ્લો આદિવાસી બાહુલ્ય વિસ્તાર છે. અહીંના લોકો હજુ પણ જૂની પરંપરાઓ અને માન્યતાઓને માન આપે છે. આ ઘટના ખોડિયાવલી ગામના રહેવાસી ધનજીભાઈ વેચલભાઈ રાઠવા સાથે જોડાયેલી છે. ત્રણ દિવસ પહેલાં ધનજીભાઈનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. મૃત્યુ પછી ત્રીજે દિવસે પરિવારના સભ્યો એક બળવા સાથે હોસ્પિટલના મુખ્ય દરવાજા પાસે પહોંચી ગયા.

ત્યાં બળવાએ ધૂપ-દીવો કરી, મંત્રોચ્ચાર કર્યા અને એવો દાવો કર્યો કે મૃતકનો આત્મા હવે તેમની સાથે આવી ગયો છે અને તેને ઘરે લઈ જવામાં આવ્યો છે. પરિવારજનોએ જણાવ્યું કે, આદિવાસી સમાજની વર્ષો જૂની પરંપરા મુજબ આજે આ રીતે વિધિ કરવામાં આવી હતી. મરનારના આત્માને શાંતિ મળે તે માટે અમે આ વિધિ કરીએ છીએ.

આ ઘટના હોસ્પિટલમાં બની ત્યારે સ્ટાફે રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ સુરક્ષા ગાર્ડની ઉણપ અને સ્ટાફની ઓછી સંખ્યાને કારણે તેઓ સફળ ન થયા. હોસ્પિટલના ઈન્ચાર્જ સુપ્રિટેન્ડન્ટ ડૉ. કેવલ મોદીએ જણાવ્યું કે, “અમે અંધશ્રદ્ધાનો સખત વિરોધ કરીએ છીએ. અગાઉ પણ સ્ટાફને સૂચના આપી છે કે આવી પ્રવૃત્તિઓને હોસ્પિટલમાં પ્રવેશ ન આપવો. પરંતુ સુરક્ષાના અભાવે અને લોકોની લાગણીઓને કારણે ઘણી વખત આવું થઈ જાય છે. અમે જેટલો પ્રયાસ કરી શકીએ તેટલો રોકવાનો કરીએ છીએ.”

આ ઘટનાની વિજ્ઞાન જાગૃતિ સંસ્થાના કાર્યકર્તા જયંત પંડ્યાએ પણ નિંદા કરી છે. તેમણે કહ્યું કે, “આત્માને બાંધીને લઈ જવાની વાત તદ્દન અવૈજ્ઞાનિક અને અંધશ્રદ્ધા છે. મૃત્યુ પછી આત્મા ક્યાંય જતો નથી કે કોઈના શરીરમાં પ્રવેશતો નથી. આવી માન્યતાઓને કારણે લોકો વિજ્ઞાનથી દૂર રહે છે.

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :-------- 10 AM TO 7 PM
--------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ભાવનગર હત્યાકાંડ : પત્ની-બાળકોની લાશ પથ્થર બાંધી દાટી

## ઠંડા કલેજે પરિવારની હત્યા કરનાર હેવાન વિરૂધ્ધ ફિટકાર, ફાંસી આપવા પિતાની માંગ, જંગલ ખાતાના અધિકારીની પ્રેમિકાની પૂછપરછ

**ભાવનગર**

ભાવનગર વન વિભાગમાં આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ તરીકે ફરજ બજાવતા શૈલેષ ખાંભલાનાં પત્ની, પુત્ર અને પુત્રીના મૃતદેહો મળ્યા હતા. આ ત્રણેય હત્યા બીજા કોઈએ નહીં, પરંતુ ખુદ ફોરેસ્ટ અધિકારીએ જ કરી હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું છે. તેઓ ભાવનગર વન વિભાગમાં આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ તરીકે ફરજ બજાવતા હતા. જો કે, શૈલેષ ખાંભલાની ઈચ્છા હતી કે, તેમના પત્ની અને સંતાનો સુરતમાં સાસરે જ રહે, પરંતુ પત્નીને તેમની સાથે ભાવનગરમાં રહેવું હતું. આ મુદ્દે તેઓ વચ્ચે અવારનવાર ઉગ્ર ઝઘડો થતો. આ દરમિયાન 27 ઓક્ટોબરે તેમના પત્ની



નયનાબહેન સુરતથી સંતાનોને લઈને ભાવનગર રજાઓ ગાળવા આવ્યા હતા. ત્યારે તેઓ વચ્ચે ફરી એકવાર વિવાદ થતા આ હત્યાઓ થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે.

પોલીસને પ્રાથમિક તપાસમાં શંકા છે કે, શૈલેષ ખાંભલાએ અચાનક ગુસ્સામાં નહીં, પરંતુ પૂર્વાયોજન કરીને જ આ હત્યાઓ કરી છે. તેનું કારણ એ છે કે, હત્યા કરતા પહેલા તેણે પહેલી અને બીજી નવેમ્બરે અવાવરુ સ્થળે ખાડા કરાવ્યા હતા. આ પહેલા ત્યાં એક જ ખાડો હતો. બીજી તરફ, પોલીસે નોંધ્યું હતું કે, પરિવારના ત્રણેય સભ્યની હત્યા પછીયે શૈલેષ ખાંભલાના ચહેરા પર કોઈ લાગણી કે ગુસ્સો નહોતો દેખાતો. આ સ્થિતિએ પોલીસને શંકા ઉપજાવી હતી. તેની પૂછપરછમાં પણ તેને કોઈ પસ્તાવો ન હતો. આમ, આ હત્યાઓ ઠંડા કલેજે કરાયેલી છે. એટલું જ નહીં, ખાડામાં પાણી ભરાઈ જતા તેણે મૃતદેહોને પથ્થર સાથે બાંધીને તેના પર ગાદલાં નાંખ્યા હતા અને બાદમાં ખાડા પૂર્યા હતા. આ કામમાં તેણે કેટલાક કર્મચારીઓની પણ મદદ લીધી હતી.

ત્રણેયની હત્યા કર્યા બાદ આરોપી 7 નવેમ્બરે પોલીસ મથકે પહોંચ્યો અને ફરિયાદ નોંધાવી કે 5 નવેમ્બરથી તેની પત્ની અને બાળકો ગુમ છે. તેણે પત્નીના મોબાઈલમાંથી મેસેજ કરીને પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ પણ કર્યો હતો, જોકે તે મેસેજ કોઈને સેન્ડ થયો ન હતો. ફરિયાદ નોંધાવ્યા બાદ પણ આરોપીના ચહેરા પર કોઈ ચિંતા, લાગણી કે ગુસ્સો (એગ્રેશન) ન દેખાતા પોલીસને તેના પર શંકા ગઈ હતી. આ કેસમાં અધિકારીએ પ્રેમિકાને પામવા માટે આ ઘટનાને અંજામ આપ્યો હોવાનો બહાર આવતા પ્રેમિકાને ઉચકી લાવી વધુ પૂછપરછ હાથ ધરી હતી.

# હળવદમાં કારખાનેદારનો વ્યાજખોરો બેંકની ઉઘરાણીથી કંટાળી આપઘાત

## પોલીસે સુસાઈડ નોટના આધારે તપાસ હાથ ધરી

**હળવદ**

હળવદ-માળિયા હાઈવે પર કેદારીયા પાટિયા પાસે અનાજ સાફ કરવાની ફેક્ટરી ધરાવતા નવનીત રૂગનાથભાઈ આદ્રોજા (ઉ.વ.૪૪, રહે. ઉમા સોસાયટી, હળવદ) આજે સવારે તેઓ રાબેતા મુજબ કારખાને ગયા હતા. ત્યાં તેમણે પોતાની ક્રેટા ગાડીમાં બેસીને ઝેરી દવા પી લીધી હતી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

નવનીતભાઈના પાર્ટનર ગૌરવભાઈ સાડા નવ વાગે કારખાને આવ્યા ત્યારે કારમાં બેભાન અવસ્થામાં નવનીત ભાઈને જોતા તાત્કાલિક ૧૦૮ને જાણ કરી હતી. ૧૦૮એ ૧૧૨ નંબરમાં જાણ કરતાં હળવદ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને હળવદની સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના ડોક્ટરે નવનીત ભાઈને મૃત જાહેર કર્યા હતા. પોલીસને તપાસ દરમિયાન મૃતક નવનીત આદ્રોજા પાસેથી એક સુસાઈડ નોટ મળી આવી છે.

# રાજકોટમાં ખેતલાઆપા મંદિરમાંથી 52 સાપ મળતાં ખળભળાટ, તંત્ર દ્વારા મહંતની ધરપકડ

## મહંત 'નાગદેવતાનું મંદિર' કહીને સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રચાર કરતો હતો

**રાજકોટ**

શહેરના ગ્રીનલૅન્ડ ચોકડી વિસ્તારમાં આવેલા ખેતલાઆપા મંદિરમાંથી ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલા 52 જેટલા જીવતા સાપ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. રાજકોટ વન વિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને મંદિરના મહંત મનુ મણિરામ દૂધરેજિયાની ધરપકડ કરી છે. મહંત 'નાગદેવતાનું મંદિર' કહીને સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રચાર કરતો હતો. વન વિભાગના જણાવ્યા મુજબ મંદિરમાં 100થી વધુ સાપ રાખવામાં આવ્યા હોવાની આશંકા છે.

મહંત મનુ મણિરામ દૂધરેજિયા છેલ્લા ઘણા સમયથી આ મંદિરમાં મોટી સંખ્યામાં સાપને ગેરકાયદેસર રીતે રાખીને તેને 'નાગદેવતાનું મંદિર' ગણાવીને ભક્તોને આકર્ષિત કરતો હતો. તે સોશિયલ મીડિયા પર પણ આનો પ્રચાર કરતો હતો, જેના કારણે ભોળા ભાવિકો મોટી સંખ્યામાં અહીં આવતા હતા.

વન વિભાગને આ અંગે બાતમી મળતાં જ અધિકારીઓએ દરોડો પાડ્યો હતો. આ દરોડામાં અલગ-અલગ જાતિના કુલ 52 સાપ મળી આવ્યા હતા, જેમને તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વન વિભાગના અધિકારીઓએ વન્યજીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ મહંત મનુ મણિરામ દૂધરેજિયાની ધરપકડ કરીને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

# ગીર સોમનાથમાં ઉના પાસે બોલેરોએ બે બાઈકને ફંગોળી દીધી, બે સગા ભાઈઓ સહિત ૩ના મોત

**ગીર સોમનાથ**

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં એક ગોઝારો માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં બે સગા ભાઈઓ સહિત ત્રણ યુવાનોએ પોતાના જીવ ગુમાવ્યા છે. કેસરીયા ગામ નજીક રાત્રિના સમયે, એક બેફામ ગતિએ ધસી આવેલી બોલેરો જીપે બે અલગ-અલગ બાઈકને અડફેટે લેતા આ ગમખ્વાર દુર્ઘટના બની હતી. આ ઘટનામાં એક કિશોરી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કેસરીયા ગામના હિતેશ શિંગડ (ઉ.વ. 20) પોતાના નાના ભાઈ પરિમલ શિંગડ (ઉ.વ. 11) અને કાકાની દીકરી કલુબેન (ઉ.વ. 17) સાથે પોતાની વાડીએ જઈ રહ્યા હતા. તે જ સમયે, નજીકના નાથડ ગામના ભીખાભાઈ દમણિયા (ઉ.વ. 35) અન્ય બાઈક પર સોનારી ગામેથી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા.

કેસરીયા-સોનારી રોડ પર દીવ તરફથી તોફાની ઝડપે આવી રહેલી એક બોલેરો જીપના ચાલકે બંને બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે હિતેશ, પરિમલ અને ભીખાભાઈનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ થયું હતું, જ્યારે કલુબેનને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત બાદ, ઈજાગ્રસ્ત કલુબેનને તાત્કાલિક ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી છે. ત્રણેય મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ઉના સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ દુઃખદ સમાચાર વાયુવેગે ફેલાતા જ કેસરીયા, નાથડ અને સોનારી સહિતના આસપાસના ગામોના લોકોના ટોળેટોળા હોસ્પિટલ ખાતે ઉમટી પડ્યા હતા. એક જ પરિવારના બે ભાઈઓના મૃત્યુથી પરિવારજનોના હૈયાફાટ રુદનથી હોસ્પિટલનું વાતાવરણ અત્યંત ગમગીન અને શોકાતુર બની ગયું હતું.

# 7 વર્ષમાં 600 'સહકારી' મંડળીઓ પાસે યાર્ડ-બેંકને બચાવવા ભાજપનું જૂથ મેદાને

**જૂનાગઢ**

જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના ડિરેક્ટરોની મુદત પૂર્ણ થયાને ત્રણ-ચાર માસ થઈ ગયા છે. તેવી જ રીતે ૧૦-૧૨ દિવસ બાદ જૂનાગઢ યાર્ડની કમિટીની મુદત પૂર્ણ થઈ રહી છે. આ બંને સહકારી સંસ્થાઓની ચૂંટણી યોજાય તે પહેલા બોગસ મંડળીનો મુદ્દો ગરમાયો છે. ભાજપના આગેવાને સહકારી વિભાગના નિયમોને નેવે મુકી બોગસ મંડળીઓ બનાવી લીધી હોવાનો ગણગણાટ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. આ બંને સહકારી સંસ્થાઓમાં નિયમોને બદલે ઘરની પેઢી જેવો વહીવટ ચાલી રહ્યો છે. સહકારી ક્ષેત્રના કેટલાક આગેવાનોમાં જ થતી ચર્ચામાં તથ્ય હોય તો બોગસ મંડળીઓના આધારે સહકારી સંસ્થાઓ પર કબ્જો જમાવી દેવાયો હતો, હવે ફરીવાર કબ્જો ન જમાવી લેવાય તે માટે ભાજપનું જ એક જૂથ સક્રિય બન્યું છે.

તદનુસાર, જિલ્લા સહકારી બેંક અને જૂનાગઢ માર્કેટીંગ યાર્ડની ગત ચૂંટણી વખતથી બોગસ મંડળીનો રાફડો ફાટયો અને સહકારી ક્ષેત્રમાં જુના જોગીઓ હતા તેને ઘરે બેસાડી દેવાયા છે. માર્કેટીંગ યાર્ડની ગત ચૂંટણી પહેલા યાર્ડમાં ૮થી ૧૦ કરોડ રૂપિયાની બેલેન્સ હતી. હાલમાં યાર્ડની તમામ બેલેન્સનો વિકાસ થઈ ગયો છે.

# સુરેન્દ્રનગરમાં પ્રેમલગ્નનું મનદુ:ખ રાખી યુવક પર સાળા સહિત બે શખ્સનો હુમલો

**સુરેન્દ્રનગર**

વઢવાણના અધેલી ગામે રહેતા વિશાલભાઈ ધનજીભાઈ સોલગામાએ ભાગીને પ્રેમ લગ્ન કર્યા હતા. તેનું મનદુ:ખ રાખી ફરીયાદી પોતાના બાઈક પર સુરેન્દ્રનગરથી અધેલી જઈ રહ્યા હતા ત્યારે બહુચર હોટલ પાસે આવેલ જે.પી. શેરી નંબર ૦૧ નજીક બે શખ્સોએ રિક્ષા આડી ઊભી રાખી ફરિયાદીને ગાળો આપી લાકડાના ધોકા અને લોખંડના પાઈપ વડે મારમારી હાથે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. જે અંગે વિશાલભાઈએ એ-ડિવિઝન પોલીસ મથકે (૧) રવિ કિશોરભાઈ દેત્રોજા (સાળો) અને (૨) અજય ભૂપતભાઈ દેત્રોજા, (બંને રહે.ખમીસાણા) સામે મારમારી ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# પોરબંદરનું માધવપુર ઘેડ પ્રવાસ સ્થળ તરીકે ઉભરશે

## શ્રી કૃષ્ણ અને માતા રુક્ષ્મણીના મિલન સ્થળ ગણાતા સ્થળે અનેક વિકાસકાર્યો થયા

**પોરબંદર**

શ્રી કૃષ્ણ અને માતા રુક્ષ્મણીના મિલન સ્થળ તરીકે પવિત્ર ગણાતા આ યાત્રાધામના કલેવર બદલવા માટે વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. માધવપુર ઘેડનું મહત્ત્વ ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીજીના સંદર્ભમાં ખૂબ જ પૌરાણિક અને સાંસ્કૃતિક છે. આ સ્થળને માત્ર યાત્રાધામ તરીકે જ નહીં, પણ એક પવિત્ર મિલન સ્થળ તરીકે ઓળખવામાં આવે છે. અહીં શ્રી માધવરાયજીનું મંદિર આવેલું છે. માધવપુરનું સૌથી મોટું આકર્ષણ અહીં ભરાતો મેળો પણ છે. દર વર્ષે ચૈત્ર મહિનાની સુદ નોમથી તેરસ સુધી પાંચ દિવસનો ભવ્ય મેળો યોજાય છે. થોડા સમય પહેલા અંદાજે રૂ. 48 કરોડના ખર્ચે થયેલા વિકાસકાર્યોનું લોકાર્પણ થયું હતું. જેના પરિણામે શ્રી રુક્ષ્મણી માતા મંદિર, ચોરી માયરાની જગ્યા, બ્રહ્મ કુંડ અને માધવરાયજી મંદિર તરફ જતાં રસ્તા પર બીચ ડેવલપમેન્ટ કરવામાં આવ્યું હતું.







સ્વદેશ



## વિક્રમ ભટ્ટ સામે છેતરપિંડીની ફરિયાદ

મુંબઇ : ફિલ્મસર્જક વિક્રમ ભટ્ટ પર ઉદયપુરની એક આઈવીએફ કંપનીના માલિક ડો. અજય મુરડિયાએ ૩૦ કરોડની છેતરપિંડીનો આરોપ મૂકતી પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં આરોપ અનુસાર ડો. મુરડિયાને એક ફિલ્મ પ્રોજેક્ટમાં ૩૦ કરોડનું રોકાણ કરવા જણાવાયું હતું. આ ફિલ્મ થકી ૨૦૦ કરોડની કમાણી થવાની લાલચ અપાઈ હતી. ડો. મુરડિયાની સ્વર્ગસ્થ પત્નીની બાયોપિક સહિતં ચાર ફિલ્મોના નિર્માણ કરવાના કરાર હતા. પ્રોડક્શન હાઉસે કોન્ટ્રાક્ટ પ્રમાણે કામ કર્યું નહોતું. તેણે ફક્ત બે ફિલ્મો બનાવી હતી જે કોઇ ઢંગની નહોતી.





## બોલીવૂડમાં ફલોપ જતાં રાશા હવે તેલુગુ ફિલ્મ કરશે



મુંબઈ : રવીના ટંડનની દીકરી રાશા બોલીવૂડમાં પહેલી જ ફિલ્મથી ફલોપ ગયા બાદ હવે સાઉથની ફિલ્મો તરફ વળી છે. તે મહેશ બાબુના ભત્રીજા જયકૃષ્ણ સાથે 'એબી ફોર' એવું ટાઈટલ ધરાવતી ફિલ્મ કરી રહી છે. રાશાએ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે હું નવી શરૂઆત કરીરહી છું. હું તેલુગુ ફિલ્મમાં કદમ રાખી રહી છું. આ અવસર માટે નિર્માતા-દિગ્દર્શકનો આભાર માનું છું. રાશાએ આ અગાઉ હિંદી ફિલ્મ 'આઝાદ'માં કામ કર્યું હતું. જોકે, રાશા સોશિયલ મીડિયા પર બહુ લોકપ્રિય છે.

## હનુમાનજી અંગે ટિપ્પણી કરતા રાજામૌલી પર ચાહકો ભડક્યા



મુંબઈ : ફિલ્મસર્જક એસ એસ રાજામૌલીની ફિલ્મ 'વારાણસી'ની એક ઈવેન્ટમાં ટેકનિકલ ખામીઓ સર્જાઇ હતી. રાજામૌલીના પિતા અને પત્ની બન્ને હનુમાન ભક્ત છે, અને તેમનામાં અતૂટ શ્રદ્ધા ધરાવે છે. પરંતુ ઈવેન્ટમાં ફજતી થતાં રાજામૌલીએ નિરાશા અને ગુસ્સેથી ભગવાન હનુમાન પર ગુસ્સો ઠાલવ્યો હતો. તેણે નિરાશ થઈને કહ્યું હતું કે, હું ભગવાનમાં વિશ્વાસ કરતો નથી.પરંતુ મારા પિતાએ મને કહ્યું હતું કે, ભગવાન તારું માર્ગદર્શન કરશે. શું ભગવાન આ રીતે મને મદદ કરી રહ્યા છે ? ફરી બીજી વખત રાજામૌલીએ ટ્રેલર દેખાડવાના પ્રયાસ કરતા કહ્યું હતું કે, હવે મારી પત્નીના હનુમાન બીજી વખત મારી મુશ્કેલીમાંથી રાહત આપે છે કે નહીં તે જોઇએ.

# બોલીવૂડમાં અડધોઅડધ લોકોને હિંદી નથી આવડતું



મુંબઈ : બોલીવૂડ એટલે હિંદી સિને ઉદ્યોગ એવો અર્થ કાઢવામાં આવે છે પરંતુ વાસ્તવમાં બોલીવૂડમાંથી હાલ હિંદીનો સાવ છેદ ઉડી ગયો છે. એક્ટ્રેસ હુમા કુરેશીએ કરેલા ઘટસ્ફોટ મુજબ બોલીવૂડમાં અડધો અડધ કલાકારો, ફિલ્મ દિગ્દર્શકો તથા અન્ય ક્રૂને હિંદી બોલતાં, લખતાં કે વાંચતાં આવડતું જ નથી. હુમાના જણાવ્યા અનુસાર તેમને સ્ક્રિપ્ટ પણ અંગ્રેજીમાં જ મળે છે. હિંદી સંવાદો પણ અંગ્રેજી લિપિમાં લખાયેલા અપાય છે. ફિલ્મના સેટ પર કલાકારો અને ટેકનિશિયન્સ વચ્ચે ભાગ્યે જ હિંદીમાં વાતચીત થાય છે. હુમાના જણાવ્યા અનુસાર હિંદી ભાષી પ્રેક્ષકો માટે ફિલ્મો બનાવતા લોકો પણ અંગ્રેજીથી અંજાયેલા છે અને બોલીવૂડની જાણે કે સત્તાવાર ભાષા જ અંગ્રેજી બની ગઈ છે. જોકે, વક્રતા એ છે કે તેમાંથી મોટાભાગના લોકોને સારું અંગ્રેજી પણ આવડતું નથી. આથી બહુ મોટાપાયે કમ્યુનિકેશન ગેપ રહી જાય છે અને તેની અસર ફિલ્મો પર પણ વર્તાય છે. હિંદી ફિલ્મો હાલ તળ હિંદીભાષી પ્રેક્ષકો સાથે તાદાત્મ્ય નથી સાધી શકતી તેનું આ એક બહુ મોટું કારણ છે. કેટલીય ફિલ્મોમાં ક્રેડિટ લાઈન પણ હિંદીમાં અપાતી હતી. હવે એ બધું ગાયબ થઈ ચૂક્યું છે. અગાઉ નવાઝુદ્દિન સિદ્દિકીએ પણ એક વાતચીતમાં ફરિયાદ કરી હતી કે આજકાલ કાસ્ટિંગ પણ કલાકાર અંગ્રેજી બરાબર જાણે છે કે નહિ એ લાયકાતના આધારે થાય છે. તેના કારણે નાના શહેરોમાંથી આવતા ઉમદા કલાકારોને કામ મળતું નથી.

## મારા માટે ફેમિલી-ફ્રેન્ડ્સ અને શાંતિ મહત્ત્વપૂર્ણ : મલાઈકા

મલાઈકા અરોરાએ તાજેતરમાં જ પોતાનો 52મો જન્મદિવસ ઉજવ્યો હતો. પરંતુ તેના લુકને જઈને તેની ઉમરનો અંદાજો લગાવવો મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં ચાહકો ઘણીવાર તેની ફિટનેસ અને ગ્લેમરસ લુક પર ફિદા થઈ જાય છે. જોકે, કેટલાક લોકો એવા પણ છે જેઓ એક્ટ્રેસને તેની ઉમર અને પર્સનલ લાઈફને લઈને ટ્રોલ કરે છે. હવે મલાઈકા અરોરાએ તાજેતરમાં જ જણાવ્યું કે તે સોશિયલ મીડિયા પર થતી ટ્રોલિંગ સાથે કેવી રીતે ડીલ કરે છે. મલાઈકાની અત્યાર સુધીની જર્નીમાં તેને સતત ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો છે, પછી ભલે તે અરબાઝ ખાન સાથે સેપરેશનને લઈને હોય, સિંગલ મધર તરીકે પુત્ર અરહાનને ઉછેરવાનો હોય, કે પછી ફરીથી પ્રેમ કરવા અંગે હોય. તે છતાં મલાઈકા પોતાની શરતો પર જીવન જીવે છે, તેની આસપાસ થઈ રહેલા ટ્રોલિંગથી તેને કોઈ ફરક નથી પડતો. મલાઈકાએ હવે તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં આ અંગે ખુલીને વાત કરી. એક્ટ્રેસે કહ્યું કે, 'મેં મારી સચ્ચાઈ પર ફોકસ કરવાનું શીખી લીધું છે અને હું નેગેટિવિટીને પોતાનું સેલ્ફ વર્થ ડિસાઈડ નથી કરવા દેતી.





## નેપોટિઝમ અંગે કરીના કપૂરનો જવાબ : ડેબ્યૂ મળી શકે પણ કરિયર તો લોકો જ નક્કી કરે છે

એક્ટ્રેસ કરીના કપૂર ખાને નેપોટિઝમ મુદ્દે વાત કરી છે. તેણે કહ્યું કે, ફિલ્મી ફેમિલીમાંથી હોવાના કારણે તમને ફાયદો મળી શકે છે. તમને પહેલી ફિલ્મ મળી શકે છે. પરંતુ બાકીનું કરિયર તમારી મહેનત, ટેલેન્ટ અને ઓડિયન્સ ડિસાઈડ કરે છે.

બરખા દત્ત સાથે વાતચીતમાં કરીનાએ ઈનસાઈડર vs આઉટસાઈડર અંગે વાત કરી. તેણે કહ્યું કે, 'નેપોટિઝમ તમને ડેબ્યૂ કરાવી શકે છે. પરંતુ લાંબુ કરિયર ન અપાવી શકે. ઓડિયન્સની સ્વીકૃતિ તમારું કિસ્મત નક્કી કરે છે, તમારી સરનેમ નહીં.'

કરીના કપૂર પહેલા કોરિયોગ્રાફર અને ડાયરેક્ટર ફરાહ ખાને પણ નેપોટિઝ મુદ્દે વાત કરી હતી. સાનિયા મિર્ઝાના પોડકાસ્ટમાં ફરાહ ખાને કહ્યું હતું કે, 'મુંબઈ આવતા લોકોનો ગુસ્સો હું સમજી શકું છું. તેમનામાં સ્ટાર કિડ્સ અથવા નેપો કિડ્સને લઈને થોડી નારાજગી રહે છે. તેમનો ગુસ્સો વ્યાજબી છે. તેમને દર મહિને પોતાનું ઘર ચલાવવા માટે કમાણી કરવી પડે છે. જો જોવા જઈએ તો સ્ટાર કિડ્સનું સ્ટ્રગલ તેમની સામે કંઈ જ નથી.' કરીનાના વર્કફ્રન્ટની વાત કરીએ તો તે છેલ્લે ફિલ્મ સિંઘમ અગેનમાં જોવા મળી હતી, જેમાં તેણે અવની સિંઘમની ભૂમિકા ભજવી હતી. તે ફિલ્મમાં ફીમેલ લીડ રોલમાં હતી. આ ફિલ્મમાં અજય દેવગન લીડ રોલમાં હતો. આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ, અર્જુન કપૂર, જેકી શ્રોફ, ટાઈગર શ્રોફ, રણવીર સિંહ અને અક્ષય કુમાર જેવા એક્ટર્સ પણ હતા. હવે કરીના નેટફ્લિક્સ ડોક્યુમેન્ટરી 'Dining with the Kapoors' માં જોવા મળશે. આ ડોક્યુમેન્ટરીમાં આખું કપૂર ખાનદાન નજર આવશે. 21 નવેમ્બરના તેનું રોજ સ્પેશિય પ્રીમિયર થશે. ડોક્યુમેન્ટરીનું ટીઝર રિલીઝ થઈ ગયુ છે. તેમાં તમામ કપૂર્સ ભોજનની ચર્ચા કરતા દેખાયા. તેઓ જણાવી રહ્યા છે કે, કેવી રીતે તેઓ તહેવારોમાં સાથે મળીને લંચ અને ડિનર કરે છે.







Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)

+1 437-421-2992

Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


## ડ્રોન થકી ભારતમાં મોટા હુમલાનું રચાયું હતુ ષડયંત્ર

# દિલ્હી બ્લાસ્ટ એક આત્મઘાતી હુમલો : NIAનું તારણ

પ્રાસંગિક
ધવલ શુક્લ

લાલ કિલ્લાની સામે થયેલા ભયાનક વિસ્ફોટની તપાસ જેમ જેમ આગળ વધી રહી છે, તેમ તેમ અનેક ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. દિલ્હી બ્લાસ્ટ આત્મઘાતી હુમલો હતો અને તે માટે ડોક્ટર ઉમરે વાહન જનીત આઈઈડીનો ઉપયોગ કર્યો હોવાનું તારણ એનઆઈએ દ્વારા કઢાયું છે. એક તરફ લાલ કિલ્લા નજીક થયેલા ધડાકાને કારણે એક તરફ મૃતકોની સંખ્યા 15 ઉપર પહોંચી છે ત્યાં બીજી તરફ તપાસ કરી રહેલી એનઆઈએ દ્વારા દાવો થયો છે કે, કારમાં ધડાકા સમયે બેઠેલો યુવાન ડૉ. ઉમર હતો. DNA પરીક્ષણ દ્વારા આ વાતની પુષ્ટિ થઈ છે. તપાસ એજન્સીઓએ ડૉ. ઉમરની માતાના DNA નમૂનાઓ i20 કારમાંથી મળેલા હાડકાં અને દાંતના DNA નમૂનાઓ સાથે મેચ કર્યા હતા. જે બાદ તેણે હુમલાને અંજામ આપવા ઉમરે પોતે પણ જીવ ગુમાવ્યાની વાત કરી હતી.

દિલ્હી બ્લાસ્ટ કેસમાં NIA દ્વારા 6 આરોપીને ઝડપી લેવાયા છે. જેમાં વિસ્ફોટનું ષડયંત્ર ઘડવામાં મુખ્ય ભૂમિકા નિભાવનાર શ્રીનગરના વધુ ચાર આરોપીની ધરપકડ કરાઈ હતી. આ આરોપીની ઓળખ ડોક્ટર મુઝમ્મિલ શકીલ ગનાઈ (પુલવામા), ડોક્ટર અદીલ અહમદ રાઠર (અનંતનાગ), ડોક્ટર શાહીન સઈદ (લખનઉ), મુફ્તી ઈરફાન અહમદ વાગે (શોપિયા) તરીકે થઈ છે. આ તમામે વિસ્ફોટનું ષડયંત્ર અને હુમલા માટે મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. જ્યારે વિસ્ફોટ માટે ઉપયોગમાં લેવાયેલી આમિર રાશિદના નામે ખરીદી કરાઈ હતી. બિલાલ વાની ઉર્ફે દાનિશે હુમલામાં ટેક્નિકનો ઉપયોગ કર્યો હતો. ચારેય આરોપીએ i20 કાર પ્રાપ્ત કરવા, તેની મૂવમેન્ટ નક્કી કરવાની પણ મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. તેમણે જ નક્કી કર્યું હતું કે દિલ્હી સુધી સુરક્ષિત પહોંચવાનું. આ બ્લુપ્રિન્ટ ડોક્ટર મુઝમ્મિલ અને ડોક્ટર રાઠરે તૈયાર કર્યું છે. લખનઉની ડોક્ટર શાહીને ફંડ ચેઈન મારફત મેડિકલ વિઝિટની આડમાં આ લોકો સાથે મીટિંગ કરી હતી. જયારે મુફ્તી ઈરફાન અહમદ વાગેએ આતંકી મોડ્યુલને આઈડિયોલોજિકલ સપોર્ટ આપ્યો હતો.

આ કેસમાં આત્મઘાતી હુમલાખોર ડૉ. ઉમરના સાથી જાસિર બિલાલ વાની ઉર્ફે દાનિશે કરેલી કબૂલાત મુજબ હમાસની જેમ ડ્રોન અને નાના રોકેટ બનાવીને ભારતમાં મોટા હુમલાનું



ષડયંત્ર રચાયું હતું. આતંકીઓ ડ્રોનને હથિયાર તરીકે ઉપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આતંકવાદીઓ એવા ડ્રોન તૈયાર કરવાની ફિરાકમાં હતા, જેને મોડિફાઈ કરીને હથિયાર તરીકે ઉપયોગમાં લઈ શકાય. ડ્રોનમાં કેમેરા અને બેટરીની સાથે નાના બોમ્બ લગાવવાની તૈયારી હતી, પરંતુ તે પહેલા જ આ મોડ્યુલનો ઘટસ્ફોટ થઈ ગયો. NIAએ પકડેલો આતંકવાદી દાનિશ આ પ્રકારના ડ્રોન બોમ્બ બનાવવામાં માહેર હતો. યોજના મુજબ, આતંકવાદી ડ્રોનને ભીડવાળી જગ્યા અથવા સુરક્ષા સ્થળ પર લઈ જઈને વિસ્ફોટ કરવા માંગતો હતો. દાનિશ જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લાના કાઝીગુંડ વિસ્તારનો રહેવાસી છે. તેના પર આક્ષેપ છે કે, તે આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા માટે ટેકનિકલ મદદ કરતો હતો. જાસિરે વિસ્ફોટ કરનાર આતંકી ઉમર ઉન નબી સાથે મળીને આ હુમલાની તૈયારી કરી હતી. આ કેસમાં પકડાયેલા કાર માલિકનું નામ આમિર રાશિદ અલી છે. એનઆઈએએ તેને દિલ્હીથી પકડ્યો છે. આમિર અલી જમ્મુ કાશ્મીરના સાંબુરા પંપોરનો રહેવાસી છે. તેને પુલવામાના ઉમર ઉન નબી નામના વ્યક્તિ સાથે મળીને હુમલાની યોજના ઘડી કાઢી હતી.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની તપાસનો રેલો કાનપુર સુધી પણ લંબાયો હતો. જેમાં જણાયું કે, દિલ્હીના બોમ્બ ધડાકાના એક પહેલાં સુધી ડૉ. શાહીનના ભાઈ ડૉ. પરવેઝ, હૃદય રોગ નિષ્ણાત ડૉ. આરિફ અને ડૉ. ફારૂક અહમદ ડાર ડૉ. ઉમરના સતત સંપર્કમાં હતા. વધુમાં, ડૉ. શાહીન અને ડૉ. મુઝમ્મિલ પણ 8 નવેમ્બરની સવાર સુધી સીધા ડૉ. ઉમરના સંપર્કમાં હતા. આ બ્લાસ્ટનું આયોજન 2 ઓક્ટોબરે શરૂ થયું હતું અને 28 ઓક્ટોબરે તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ ઓપરેશનને અંજામ આપવા માટે ટેકનિકલ નેટવર્ક ઊભું કરવામાં આવ્યું હતું. વિસ્ફોટ માટે નેપાળથી ખરીદવામાં આવેલા સાત સેકન્ડ-હેન્ડ મોબાઈલ ફોન અને 17 સિમકાર્ડનો ઉપયોગ થયો હતો, જેમાંથી 6 સિમ કાર્ડ કાનપુરથી ખરીદવામાં આવ્યા હતા. આમાંથી બે સિમ કાર્ડ બેકનગંજ વિસ્તારની ID પરથી મેળવવામાં આવ્યા હતા. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે આ જ કનેક્શનના આધારે બેકનગંજમાં કપડાની દુકાન ચલાવતા અને ડૉ. પરવેઝના સાળા ઉસ્માનની છ કલાક સુધી આકરી પૂછપરછ કરી હતી. જોકે તેમાં કોઈ મહત્વની જાણકારી બહાર આવી ન હતી. વધુમાં કાર વિસ્ફોટ બાદ અલ ફલાહ યુનિવર્સિટીનું નામ ચર્ચામાં આવ્યું છે. કારણ કે આ કાવતરાને અંજામ આપનાર 'વ્હાઈટ કોલર ટેરર મોડ્યુલ'ના ડૉક્ટર આ યુનિવર્સિટી સાથે સંકળાયેલા હતા. હવે અલ ફલાહ ગૃપના ચેરમેનની ધરપકડ કરવામાં આવી છે. EDએ અલ ફલાહ ગ્રુપ સાથે જોડાયેલા પરિસર પર દરોડા પાડ્યા હતા, જેમાં મહત્વપૂર્ણ માહિતી મળી હતી. દિલ્હીમાં 19 સ્થળોએ દરોડા દરમિયાન, EDને $4.8 મિલિયનથી વધુ રોકડ, અસંખ્ય ડિજિટલ ઉપકરણો, મહત્વપૂર્ણ દસ્તાવેજો અને અનેક શેલ કંપનીઓના પુરાવા મળી આવ્યા હતા. EDનું કહેવું છે કે સિદ્દીકીએ વિવિધ માધ્યમો દ્વારા ગુનાહિત રકમ છુપાવી અને મની લોન્ડરિંગ કર્યું હતું, જેના પુરાવાના આધારે તેની ધરપકડ કરવામાં આવી છે. સુરક્ષા એજન્સીનો દાવો છે કે આ આતંકી હુમલામાં એક નહીં, પરંતુ બે આત્મઘાતી હુમલાખોરો (સુસાઈડ બોમ્બર) સામેલ થવાના હતા. કાઝીગુંડ, કાશ્મીરના રહેવાસી જસીર બિલાલ (ઉર્ફ દાનિશ) ને માસ્ટરમાઈન્ડ ડોક્ટર ઉમર નબીએ આત્મઘાતી હુમલાખોર બનવા માટે તૈયાર કર્યો હતો, પરંતુ છેલ્લી ઘડીએ જસીરે પીછેહઠ કરી રાજનીતિ વિજ્ઞાનના વિદ્યાર્થી જસીર બિલાલને ઓક્ટોબર 2023માં આ ગેંગના સભ્યો મળ્યા હતા. ત્યાર બાદ તેને હરિયાણાના ફરિદાબાદમાં અલ-ફલાહ યુનિવર્સિટી નજીક એક ભાડાના મકાનમાં લઈ જવામાં આવ્યો, જ્યાં યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ઉમર નબીએ મહિનાઓ સુધી તેનું બ્રેઈનવોશ કર્યું હતું. ડૉ. ઉમર નબીએ જસીરને આત્મઘાતી હુમલાખોર બનાવવા પર ભાર મૂક્યો હતો. જોકે, એપ્રિલ 2025માં જ્યારે તેને હુમલો કરવાનું કહેવામાં આવ્યું, ત્યારે જસીરે તેના પરિવારની નબળી આર્થિક સ્થિતિ અને સૌથી અગત્યનું, ઈસ્લામમાં આત્મહત્યાના નિષેધના કારણો આપીને ઈનકાર કરી દીધો. જસીરના ઈનકાર પછી ડૉ. ઉમર નબી પોતે જ આત્મઘાતી હુમલાખોર બન્યા અને 10 નવેમ્બર, 2025ના રોજ લાલ કિલ્લા પાસે વિસ્ફોટકોથી ભરેલી કાર ચલાવી વિસ્ફોટ કરતા 14 લોકોના મોત થયા હતા. NIA જેવી એજન્સીની તપાસની અસર હોસ્પિટલ પ્રશાસન પર પણ પડી છે. તાજેતરમાં હોસ્પિટલના ઘણા કર્મચારીઓ પોતાનો સામાન વાહનોમાં મૂકતા જોવા મળ્યા હતા, જ્યારે હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા અડધાથી વધુ ઘટી ગઈ છે. તપાસ એજન્સીએ નૂહની હિદાયત કોલેજમાં આત્મઘાતી બોમ્બર ડૉ. ઉમર ઉન નબી માટે રૂમ ભાડે લેનારી 35 વર્ષીય મહિલા (આંગણવાડી કાર્યકર)ની અટકાયત કરી છે, જે વિસ્ફોટ બાદ ફરાર હતી. ઘણા લોકોએ તેમના મોબાઈલ ફોનનો ડેટા ડિલીટ કરી દીધો છે, જેની પણ તપાસ કરવામાં આવશે. વધુમાં દિલ્હી બ્લાસ્ટના તાર જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા છે. જે ભારતમાં 'આત્મઘાતી બોમ્બર' તૈયાર કરવા ડિજિટલ હવાલાથી ફંડિંગ કરી રહ્યું હતુ. અત્યારે જૈશ-એ-મોહમ્મદ આતંકવાદી સંગઠનનો કમાન મૌલાના મસૂદ અઝહરના હાથમાં હોવાનું પણ સૂત્રો દ્વારા જણાવા મળ્યું છે.

**તપાસમાં વિદેશી ફંડીગના પણ પુરાવા મળ્યા, ડૉ. ઉમરના સાથી જાસિર બિલાલ વાનીએ કરેલી કબૂલાત મુજબ આતંકવાદીઓ એવા ડ્રોન તૈયાર કરવાની ફિરાકમાં હતા, જેને મોડિફાઈ કરીને હથિયાર તરીકે ઉપયોગમાં લઈ શકાય. ડ્રોનમાં કેમેરા અને બેટરીની સાથે નાના બોમ્બ લગાવવાની તૈયારી હતી, પરંતુ તે પહેલા જ આ મોડ્યુલનો ઘટસ્ફોટ થઈ ગયો**

# બ્રામ્પટન સિટી હોલમાં હિન્દુ હેરિટેજ મહિનાનો ધ્વજવંદન સમારોહ

## સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિપેક્ષમાં હિન્દુ કેનેડિયનોના અસાધારણ યોગદાનને બિરદાવાયું








**બ્રામ્પટન, ઓન્ટેરિયો**

ગત તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બ્રામ્પટનના સિટી હોલમાં કેનેડાના સમૃદ્ધ બહુસાંસ્કૃતિક માળખાના શક્તિશાળી ઉજવણીમાં હિન્દુ હેરિટેજ મહિનાનો ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો, જેમાં રાષ્ટ્રના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિપેક્ષમાં હિન્દુ કેનેડિયનોના અસાધારણ યોગદાનને બિરદાવાયું હતુ. કાર્યક્રમમાં નવેમ્બરને હિન્દુ હેરિટેજ મહિના તરીકે જાહેર કરવામાં આવ્યો હોય, જે 20મી સદીની શરૂઆતમાં હિન્દુ કેનેડિયનોના પ્રથમ આગમનથી વિજ્ઞાન, દવા, કાયદો, શિક્ષણ, રાજકારણ, વ્યવસાય, મીડિયા, ન્યાયતંત્ર, રમતગમત અને કલા જેવા ક્ષેત્રોમાં થયેલા અમીટ પ્રભાવની માન્યતા છે. બ્રામ્પટનના મેયર પેટ્રિક બ્રાઉને ઉજવણીમાં જોડાયેલા ચૂંટાયેલા અધિકારીઓના પ્રતિષ્ઠિત રોસ્ટરનું નેતૃત્વ કર્યું હતું, જેમાં સિટી કાઉન્સિલરો હરકીરત સિંહ, નવજીત બ્રાર, ડેનિસ કીનન, રોડ પાવર અને પોલ વિસેન્ટે; સંસદ સભ્યો અમરજીત ગિલ (બ્રામ્પટન વેસ્ટ) અને અમનદીપ સોઢી (બ્રામ્પટન સેન્ટર) અને પ્રાંતીય સંસદ સભ્યો અમરજોત સંધુ (બ્રામ્પટન વેસ્ટ) અને દીપક આનંદ (મિસિસૌગા-માલ્ટન)નો સમાવેશ થાય છે.

મેયર પેટ્રિક બ્રાઉને જનમેદનીને સંબોધન કરતાં જાહેર કર્યું કે "બ્રામ્પટનને પૃથ્વી પરના સૌથી વૈવિધ્યસભર શહેરોમાંનું એક હોવાનો ગર્વ છે, અને આપણો હિન્દુ સમુદાય આપણને મજબૂત, દયાળુ અને ભવિષ્યવાદી બનાવે છે, આજે આપણે આ ધ્વજ ફક્ત ઉજવણીમાં જ નહીં, પરંતુ કૃતજ્ઞતામાં પણ ફરકાવીએ છીએ. સાંઈ ધામ ફૂડ બેંકના સહ-સ્થાપક વિશાલ ખન્નાએ સેવા (નિઃસ્વાર્થ સેવા) ના કાલાતીત હિન્દુ સિદ્ધાંતો અને જરૂરિયાતમંદોને મદદ કરવા માટે સમુદાયની અતૂટ પ્રતિબદ્ધતા પર એક ઉત્તેજક ભાષણ આપ્યું હતુ. હિન્દુ સભા ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા મનમોહક સંગીતમય પ્રદર્શન દ્વારા સમારોહને વધુ ઉત્તેજિત કરવામાં આવ્યો હતો, જેમના ભક્તિગીતોની ભાવનાત્મક રજૂઆતે ગર્જનાઓથી તાળીઓનો ગડગડાટ મેળવ્યો અને ઘણા લોકો તેમના ચરણોમાં ઊભા રહ્યા હતા. આ કાર્યક્રમને બે ડઝનથી વધુ અગ્રણી સમુદાય સંગઠનોનો ભારે ટેકો મળ્યો હતો, જેમાં કેનેડિયન હિન્દુ એસોસિએશન, વર્લ્ડ બ્રાહ્મણ ફેડરેશન ઓફ કેનેડા, અખંડ ભારતી ક્લબ, હિન્દુ સભા મંદિર, સાંઈ ધામ ફૂડ બેંક, વિશ્વ હિન્દુ પરિષદ, હિન્દુ સ્વયંસેવક સંઘ, કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ, ગુજરાત પબ્લિક અફેર્સ કેનેડા, મહારાજા અગ્રસેન પરિવાર કેનેડા, ગૌરી શંકર મંદિર, સાઉથ એશિયન ટ્રકિંગ એસોસિએશન, કેર4કોઝ, મલ્ટીકલ્ચરલ ઈવેન્ટ્સ એન્ડ ફેસ્ટિવલ્સ એલાયન્સ ઓફ કેનેડા, સાઉથ એશિયન્સ ઈન ઓન્ટેરિયો, બ્રામ્પટન ફર્સ્ટ ફાઉન્ડેશન, એઝેડ કેનેડિયન ટ્રકર્સ એસોસિએશન, સરિતા કલ્ચરલ ફોરમ, ગુજરાતી ગ્રુપ ઓફ બ્રામ્પટન અને અન્ય ઘણા લોકોનો સમાવેશ થાય છે. હિન્દુ હેરિટેજ સેલિબ્રેશન ફાઉન્ડેશન - જે બહુસાંસ્કૃતિકતા, સમાવેશીતા, સહિષ્ણુતા અને વિવિધતાને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત એક રજિસ્ટર્ડ બિન-લાભકારી સંસ્થા છે. ફાઉન્ડેશનના સભ્યો રાકેશ જોશી, મધુસુદન લામા, મનન ગુપ્તા, આનંદ ઐયર, પીયૂષ ગુપ્તા, સુભાષ ચંદ, પથિક શુક્લા, ડોન પટેલ, મધુ શારદા, અનિલ શર્મા, દવે કપિલ, વીરેન્દ્ર રાઠી અને નિક મેંગીએ બ્રામ્પટન શહેર અને તમામ સહભાગીઓનો દિવસને એક અવિસ્મરણીય સીમાચિહ્નરૂપ બનાવવા બદલ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. હિન્દુ-કેનેડિયન સમુદાયના સમૃદ્ધ યોગદાનને સન્માનિત કરવા માટે, ગઈકાલે રાત્રે આઈકોનિક બ્રામ્પટન ક્લોક ટાવર ભગવા રંગથી ઝળહળી ઉઠ્યો હતો, જેને સુંદર રીતે રોશનીથી શણગારવામાં આવ્યો હતો.

### હિન્દુ સભા ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા મનમોહક સંગીતમય પ્રદર્શન દ્વારા સમારોહને આનંદીત બનાવ્યો

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

36 Room EconoLodge by Choice Hotels in Huntsville - $4.2M
Built by the current owener 20 years ago
Well maintained Rooms – No PIP

• 54 Room RESORT in Gananoque (1000 Islands) – Asking $3.2M (Seasonal Operation)
7 Acres Land, Indoor / Outdoor Pool, Restaurant, Bar, Party Room – Option to operate year round

• 54 Room HOTEL in Gananoque (1000 Islands) – Asking $5.5M (Year Round Operation)
Renovated and Upgraded Room, Outdoor Pool, Restaurant and Bar

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room
Located in downtown, everything is close by

• 78 Room HOTEL Ramada By Wyndham Hotels – Asking $6.9M - SOLD

• 43 Room Motel + Restaurant 241 Pizza with Building in Cochrane – $4.5M
• 40 Room Motel only (without Restaurant Building & 3 Motel Rooms) - $3.8M
• Only Restaurant 241 Pizza Builing with 3 Motel Room - $900K
Both businesses are money making, both are Absentee Owner – ideal for owner operator
(Buyers option – to buy entire property OR just Motel OR just Restaurant & Building)

21 Room Motel in Gravenhusrt - $1.7M
100% occupancy by longterm customers living for many years – Selling AS IS – Buyer to assume all customers on closing

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel near Chatham - $1.7M
With 2 BR fully renovated house, One Man
Opertion and operating costs are under $40K

Motel Jobs AND Working Partner (min 200K to invest) opportunity – Northern Ontario
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

15 Room Motel + 1BR Apt nr Sudbury - $1.2M
Indoor Corridor, Restaurant & Bar (closed)
Easy one man operation

10 Room Motel & Restaurant in Manitulin Island - $799,000
Nicely renovated, year round buniness

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

## કેનેડા-ભારત વચ્ચેના આર્થિક સંબંધોને આગળ વધારવા પ્રયાસ કરાશે

# CHCC દ્વારા ભારતમાં 2026 ટ્રેડ મિશન શરૂ

### 2026 ટ્રેડ મિશન હેઠળ વિશેષ ટીમ ભારતના રાજ્યોની મુલાકાત લઈ સંભવિત રોકાણની સમીક્ષા કરશે






**ઓન્ટેરિયો**

કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ (CHCC)એ ટોરોન્ટોમાં ICICI બેંક કેનેડાના મુખ્યાલય ખાતે આયોજિત એક હાઈ-પ્રોફાઈલ મીડિયા બ્રીફિંગમાં તેના 2026 ટ્રેડ મિશન ટુ ઈન્ડિયા (ભારત)ના લોન્ચની ગર્વથી જાહેરાત કરી હતી. 70 થી વધુ બિઝનેસ લીડર્સ, મહાનુભાવો અને મીડિયા પ્રતિનિધિઓની હાજરી સાથે, આ કાર્યક્રમ CHCCના અત્યાર સુધીના સૌથી મજબૂત ટ્રેડ-મિશન કિકઓફ્સમાંનો એક હતો, જે કેનેડા-ભારત આર્થિક સંબંધોને આગળ વધારવામાં ચેમ્બરના વધતા પ્રભાવ પર ભાર મૂકે છે.

2026 ટ્રેડ મિશન આસામ, ઉત્તર પ્રદેશ, ચંદીગઢ (પંજાબ અને હરિયાણા), દિલ્હી અને હિમાચલ પ્રદેશની મુલાકાત લેશે, જે ટેકનોલોજી, શિક્ષણ, સ્વચ્છ ઉર્જા, ઉત્પાદન, ફાર્માસ્યુટિકલ્સ, કૃષિ અને રોકાણ સુવિધામાં કેનેડિયન વ્યવસાયો માટે નવા માર્ગો ખોલશે. નેતૃત્વ એક મજબૂત મિશન વર્ષ માટે સૂર સેટ કરે છે.

કાર્યક્રમની શરૂઆત ઉપપ્રમુખ મહર્ષિ જાની સાથે થઈ, જેમણે મહાનુભાવો અને મીડિયા ભાગીદારોનું સ્વાગત કર્યું હતુ. જેમાં CHCCના વિસ્તરણ અને અગાઉના મિશનની સફળતા પર પ્રકાશ પાડ્યો હતો. તેમના ભાષણોએ કેનેડા-ભારત આર્થિક સહયોગને મજબૂત બનાવવામાં ચેમ્બરની સતત ભૂમિકા માટે આશાવાદી સૂર સેટ કર્યો હતો. CHCCના પ્રમુખ કુશાગ્ર દત્ત શર્માએ ચેમ્બરની વૈશ્વિક વ્યૂહરચના રજૂ કરી અને મિશન લીડરશીપ ટીમનો પરિચય આપ્યો હતો. જેમાં 2026 ટ્રેડ મિશન ચેર - ડૉ. રાકેશ કંટારિયા, ભારત-કેનેડા ટ્રેડ કમિટી ચેર - હેમંત શાહ, 2026 ટ્રેડ મિશન કો-ચેર - અમિત ચૌધરીના નામની જાહેરાત થઈ હતી.

### ભારત વિકસતી અર્થવ્યવસ્થા, કેનેડિયન ઉદ્યોગસાહસિકો તક ગુમાવી શકે નહીં : કુશાગ્ર શર્મા

CHCCના પ્રમુખ કુશાગ્ર શર્માએ જણાવ્યું કે, ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે, અને કેનેડિયન વ્યવસાયો આ તક ગુમાવી શકે તેમ નથી," "આ મિશન કેનેડિયન ઉદ્યોગસાહસિકો અને ભારતના સૌથી આશાસ્પદ ક્ષેત્રો વચ્ચે સીધો સેતુ પૂરો પાડે છે.

ડૉ. રાકેશ કંટારિયાએ મિશનના ઉદ્દેશ્યોનો વિસ્તાર કર્યો હતો, સાથે જ ભારતના નવીનતા-સંચાલિત ક્ષેત્રોમાં કેનેડિયન કુશળતાની વધતી માંગ પર ભાર મૂક્યો અને પ્રાયોજકો અને ભાગીદારોનો તેમના લાંબા સમયથી સમર્થન માટે આભાર વ્યક્ત કર્યો હતો.

ઓન્ટેરિયો સરકાર વતી સભાને સંબોધતા MPP દીપક આનંદના ભાષણો એક મહત્વપૂર્ણ ક્ષણ બની ગયા હતા. તેમણે દ્વિપક્ષીય વેપારને પ્રોત્સાહન આપવામાં CHCCના નેતૃત્વની પ્રશંસા કરી અને ઓન્ટારિયો વિધાનસભામાં 2026 ટ્રેડ મિશનની ઔપચારિક જાહેરાત કરી હતી, જે મજબૂત પ્રાંતીય સમર્થન દર્શાવે છે.

આ ગતિમાં વધારો કરતા ICICI બેંક કેનેડાના પ્રમુખ અને CEO હિમાદ્રી મદીપટલાએ પ્રતિનિધિઓનું સ્વાગત કર્યું અને સરહદ પાર વાણિજ્ય અને ભારત-કેનેડિયન વ્યાપાર વૃદ્ધિને ટેકો આપવા માટે ICICI બેંકની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી હતી. કાર્યક્રમમાં ટોરોન્ટોમાં ભારતના કોન્સ્યુલ જનરલ કપિધ્વજ સિંહ દ્વારા મુખ્ય ભાષણ પણ આપવામાં આવ્યું હતું, જેમણે ભારતની આર્થિક પ્રાથમિકતાઓ અને કેનેડાની ઈન્ડો-પેસિફિક વ્યૂહરચના સાથે મિશનના જોડાણની પ્રશંસા કરી હતી. તેમણે વેપાર, રોકાણ અને નવીનતા સંબંધોને ગાઢ બનાવવા માટે સમયસર ઉત્પ્રેરક તરીકે મિશનને પ્રકાશિત કર્યું હતુ. કાર્યક્રમમાં મીડિયાનો વ્યાપક સમાવેશ થયો, જેમાં પત્રકારોએ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, સપ્લાય-ચેઈન સ્થિતિસ્થાપકતા, સ્વચ્છ ટેકનોલોજી, અદ્યતન ઉત્પાદન અને કૃષિ સેકટરમાં તક અંગે સવાલો પુછી માહિતી મેળવી હતી.

કાર્યક્રમના સમાપન સમયે ભૂતપૂર્વ પ્રમુખ નરેશ ચાવડાએ સૌનો આભાર માન્યો હતો.

## સ્પીડ કેમેરા પર પ્રતિબંધને કારણે આવક ઘટી જતા 1,000 કર્મચારીઓની છટણી સંભવ

### વળતરની માંગ અને મેયર દ્વારા રજૂ થયેલા પ્રસ્તાવ પર મતદાન થયું

**ટોરોન્ટો**

ટોરોન્ટોના મેયર ઓલિવિયા ચાઉ કહે છે કે, ઓન્ટેરિયો સરકારે પ્રાંતભરની નગરપાલિકાઓમાં સ્પીડ કેમેરા પર અસરકારક રીતે પ્રતિબંધ મૂક્યો હોવાથી શહેરને હવે લગભગ એક હજાર કામદારોને છટણી કરવી પડી શકે છે. શહેર દ્વારા તેના ઓટોમેટેડ સ્પીડ એન્ફોર્સમેન્ટ પ્રોગ્રામ દ્વારા મેળવેલી આવક $31.2 મિલિયનમાંથી 911 ક્રોસિંગ ગાર્ડ અને $3.9 મિલિયનના ખર્ચે 18 ટ્રાફિક સેફ્ટી પોલીસ અધિકારીઓના ખર્ચને આવરી લેવાતા હતા. જો કે, હવે તે આવક બંધ થશે. એટલે શહેરને ઓટોમેટેડ સ્પીડ એન્ફોર્સમેન્ટ પ્રોગ્રામ ચલાવતા લગભગ 1000 કામદારોને છટણી કરવી પડશે.

ગુરુવારે, ટોરોન્ટો સિટી કાઉન્સિલે ચાઉ દ્વારા પ્રસ્તાવિત પ્રસ્તાવની તરફેણમાં સર્વાનુમતે મતદાન કર્યું, જેમાં પ્રાંતને ક્રોસિંગ ગાર્ડ્સ અને ટ્રાફિક સેફ્ટી પોલીસ અધિકારીઓના સંચાલન ખર્ચ માટે શહેરને વળતર આપવા વિનંતી કરવામાં આવી હતી, જે અગાઉ સ્પીડ કેમેરા રેવન્યુ દ્વારા આવરી લેવામાં આવતા હતા. પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું હતું કે વળતર "ખાતરી કરશે કે આ મહત્વપૂર્ણ સલામતી કાર્યક્રમો બંધ ન થાય." શહેરે શુક્રવારે એક ઈમેઈલમાં જણાવ્યું હતું કે તેણે 1 જાન્યુઆરીથી 31 ઓગસ્ટ, 2025 દરમિયાન કાર્યક્રમ દ્વારા જારી કરાયેલી સ્પીડિંગ ટિકિટ સાથે સંકળાયેલા $30,375,060 દંડ એકત્રિત કર્યા છે.

## ટોરોન્ટોનું પ્રતિષ્ઠિત ઈમ્પીરીયલ પબ ૮૧ વર્ષ પછી બંધ થઈ ગયું

### મેટ્રોપોલિટન યુનિવર્સિટીએ પબ સ્થિત જમીન ખરીદી લેતા નવી સ્થિતિનું નિર્માણ

**ટોરોન્ટો**

શનિવારે ઈમ્પીરીયલ પબમાં છેલ્લી વખત પીણાંનો પ્રવાહ વહેતો હતો. કારણ કે, ભૂતકાળ અને વર્તમાનના ગ્રાહકો અંતિમ પીણા માટે રોકાયા હતા. ટોરોન્ટો બાર ૮૧ વર્ષના ઈતિહાસ પછી સાંકોફા સ્ક્વેર નજીક તેના સ્થાન પર તેના દરવાજા બંધ કરી રહ્યો છે. ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટીએ પબ સ્થિત જમીન ખરીદી છે અને તે સ્થાન પર એક નવું વિદ્યાર્થી નિવાસસ્થાન બનાવવાની યોજના ધરાવે છે. ટીએમયુ વિદ્યાર્થીઓ પબના ગ્રાહકોનો મોટો ભાગ છે અને જેડ ડેલુકા-આહૂજા અને લ્યુક મેથ્યુઝ જેવા ઘણા લોકો તેને જતા જોઈને દુઃખી છે. મેથ્યુઝે કહ્યું હતુ કે, અમારી પાસે ઘણી બધી સમુદાયિક જગ્યાઓનો અભાવ છે, આ પ્રકારની એક પૂરક જગ્યા હતી, મેથ્યુઝે તેમના "સ્વપ્નની દુનિયા"માં જણાવ્યું હતું કે TMU નિવાસસ્થાન બન્યા પછી પબ ચલાવવા માટે જગ્યા રાખશે. તે કેમ્પસના જીવનમાં એટલું બધું યોગદાન આપે છે કે મને લાગે છે કે તે ખોવાઈ જશે,"

## ઓલિમ્પિક ખેલાડી બની ગયો ડ્રગ માફિયા, પકડવા માટે ઈનામ જાહેર

**ઓન્ટેરિયો**

કેનેડાના પૂર્વ ઓલિમ્પિક સ્નોબોર્ડર રાયન વેડિંગના જીવનમાં આવો નાટ્યાત્મક ઘટનાક્રમ સર્જાયો છે. રાયન પર આંતરરાષ્ટ્રીય સ્તરે માદક દ્રવ્યોની તસ્કરી અને હત્યા જેવા ગંભીર આરોપો લાગેલા છે. હાલમાં જ અમેરિકાએ રાયનની ધરપકડ કરાવવા બદલ આપવામાં આવતા ઈનામમાં નોંધપાત્ર વધારો કર્યો છે. ઓલિમ્પિકની ઝમકદાર દુનિયામાંથી ઉભરી આવેલો ખેલાડી મોસ્ટ વોન્ટેડ ગુનેગાર કઈ રીતે બની ગયો એની કથા રસપ્રદ છે. રાયન વેડિંગે 2002ના સોલ્ટ લેક સિટી ઓલિમ્પિક્સમાં કેનેડાનું પ્રતિનિધિત્વ કર્યું હતું, પરંતુ તેને કોઈ મેડલ નહોતો મળ્યો. તેણે સ્નોબોર્ડ ક્રોસ અને જાયન્ટ સ્લેલોમ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો, જ્યાં તે અનુક્રમે 31મા અને 33મા સ્થાને રહ્યો હતો. આમ, તેની ઓલિમ્પિક ભૂમિકા માત્ર એક પ્રતિસ્પર્ધી તરીકેની રહી હતી, રમતજગતમાં ખાસ સફળ ન થઈ શકવાને લીધે જ તે ગુનાખોરીની દુનિયા તરફ વળ્યો હોવાનું અનુમાન લગાવવામાં આવે છે. અમેરિકા અને કેનેડાના પોલિસ દળો ભેગા મળીને 'ઓપરેશન જાયન્ટ સ્લેલોમ' નામનું સંયુક્ત તપાસ અભિયાન ચલાવ્યું છે, જેના ભાગરૂપે કેનેડામાં રાયનના ગેરકાયદેસર નેટવર્ક સાથે જોડાયેલા સાત લોકોને પકડવામાં આવ્યા છે.

## એપ્રિલ સુધી TTC પર ઈ-બાઈક અને ઈ-સ્કૂટર ઉપર પ્રતિબંધ : ઉલ્લંઘન થશે તો આકરી કાર્યવાહી

### કોઈપણ વ્યક્તિને "પ્રતિબંધ વિશે શિક્ષિત કરવામાં આવશે

**ટોરોન્ટો**

શનિવારથી શરૂ કરીને, ટોરોન્ટો ટ્રાન્ઝિટ કમિશનના વાહનો અને મિલકતમાંથી 15 એપ્રિલ સુધી ઈ-બાઈક અને ઈ-સ્કૂટર પર પ્રતિબંધ છે. TTCની વેબસાઈટ અનુસાર, પ્રતિબંધ દરમિયાન TTC મિલકતમાં ઈ-બાઈક અથવા ઈ-સ્કૂટર લાવનાર કોઈપણ વ્યક્તિને "પ્રતિબંધ વિશે શિક્ષિત કરવામાં આવશે, અને જો તેઓ પાલન કરવાનો ઈનકાર કરશે, તો તેમને સિસ્ટમ છોડી દેવાનું કહેવામાં આવશે. જે કોઈ વધુ પાલન કરવાનો ઈનકાર કરશે તેની ધરપકડ અથવા દંડ થઈ શકે છે. મીઠું અને પાણીની હાજરીને કારણે આગના વધતા જોખમ અંગે ચિંતાઓને પગલે ગયા વર્ષે લિથિયમ-આયન સંચાલિત ઈ-બાઈક અને સ્કૂટર પર શિયાળાનો પ્રતિબંધ રજૂ કરવામાં આવ્યો હતો.

આ અઠવાડિયાની શરૂઆતમાં, ટોરોન્ટો પોલીસ સર્વિસે કાર્લટન સ્ટ્રીટ અને શેરબોર્ન સ્ટ્રીટ નજીકના એક એપાર્ટમેન્ટમાં વિસ્ફોટ વિશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી, જે ઈ-બાઈક બેટરીને કારણે થયો હોય તેવું લાગતું હતું. સપ્ટેમ્બરમાં, ટોરોન્ટોના ફાયર ચીફ, જીમ જેસોપે, ઈ-બાઈક અને ઈ-સ્કૂટર બેટરી આગને "શહેરમાં સૌથી મોટો વધતો ફાયર સેફ્ટીનું જોખમ" ગણાવ્યો હતો. જેસોપે ફેડરલ સરકારને લિથિયમ-આયન બેટરી પરના નિયમો વધારવા હાકલ કરી હતી અને કહ્યું હતું કે ટોરોન્ટો ફાયર સર્વિસે જાહેર શિક્ષણના સંદર્ભમાં જે કરી શકે તે કર્યું છે. જેસોપે જણાવ્યું હતું કે, "અમારું નિયંત્રણ બેટરીના પ્રમાણપત્ર અને ધોરણો પર નથી, મુખ્યત્વે ગતિશીલતા ઉપકરણો માટે, જે સમસ્યાનું કારણ બની રહ્યું છે."

# આંતરરાષ્ટ્રીય સાયબર-ગુલામી રેકેટનો પર્દાફાશ: સૂત્રધારની ધરપકડ

**પુરોહિત એક અત્યંત સંગઠિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નેટવર્ક ચલાવતો હતો, જેમાં 126 થી વધુ સબ-એજન્ટો તેના હેઠળ કામ કરતા હતા**

**અમદાવાદ**

ગુજરાતના સાયબર સેન્ટર ઑફ એક્સેલન્સ (CCoE) એ નીલેશ ઉર્ફે નીલ નરપતસિંહ પુરોહિતની ધરપકડ કરી છે. તેની ઓળખ મ્યાંમાર, કંબોડિયા અને અન્ય દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોમાં ચાઈનીઝ સાયબર માફિયા નેટવર્ક્સ દ્વારા ચલાવવામાં આવતા સાયબર-ગુલામી સંકુલમાં સેંકડો ભારતીયો અને વિદેશી નાગરિકોની તસ્કરી કરવા બદલ ભારતના મુખ્ય એજન્ટોમાંના એક તરીકે થઈ છે.

તપાસકર્તાઓને જાણવા મળ્યું છે કે પુરોહિત એક અત્યંત સંગઠિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નેટવર્ક ચલાવતો હતો, જેમાં 126 થી વધુ સબ-એજન્ટો તેના હેઠળ કામ કરતા હતા. તેના પર ભારત, શ્રીલંકા, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, ફિલિપાઈન્સ, નાઈજીરીયા, ઈજિપ્ત, કેમરૂન, બેનિન અને ટ્યુનિશિયામાંથી 500થી વધુ લોકોની સીધી અથવા દુબઈ થઈને મ્યાંમાર, કંબોડિયા, વિયેતનામ અને થાઈલેન્ડમાં કાર્યરત સ્કેમ સેન્ટરોમાં તસ્કરી કરવાનો આરોપ છે. આ નેટવર્ક પીડિતોને વિદેશમાં ઉચ્ચ પગારવાળી ડેટા-એન્ટ્રી અથવા આઈટી નોકરીઓની




ઓફર આપીને લલચાવતું હતું.

તેઓ ફ્લાઈટ્સ, ટ્રાન્ઝિટ હોટેલ્સ અને ગેરકાયદે સરહદ પાર કરવાની વ્યવસ્થા કરતા હતા, અને પછી તેમને ગુનાહિત સંગઠનોને સોંપી દેતા હતા. જેઓ તેમને ફિશિંગ, ક્રિપ્ટો સ્કેમ્સ, પોન્ઝી સ્કીમ્સ અને રોમાન્સ ફ્રોડ સહિતના સાયબર ક્રાઈમ ઓપરેશન્સ કરવા માટે મજબૂર કરતા હતા.

CID અધિકારીઓના જણાવ્યા અનુસાર પુરોહિત 30થી વધુ પાકિસ્તાની એજન્ટો સાથે સતત સંપર્કમાં હતો અને સાયબર-ફ્રોડ હબ્સને મેનપાવર સપ્લાય કરતી 100થી વધુ ચાઈનીઝ અને વિદેશી કંપનીઓની HR ટીમો સાથે તેના સીધા સંપર્કો હતા.

છેલ્લા ત્રણ વર્ષોમાં ભારત સરકાર થાઈલેન્ડ અને મ્યાંમારના સંકલિત પ્રયાસોને કારણે સાયબર-ગુલામી કેમ્પમાં ફસાયેલા લગભગ 4,000 ભારતીયોને બચાવીને સ્વદેશ પરત લાવવામાં આવ્યા છે. CBI, ઈન્ટેલિજન્સ બ્યુરો અને રાજ્ય પોલીસ દ્વારા નોંધાયેલા સંયુક્ત નિવેદનોમાં તેમની મુસાફરીની વ્યવસ્થા કરનાર એજન્ટ તરીકે 'નીલ પુરોહિત' ના વારંવાર ઉલ્લેખ મળ્યા છે.

VPE હાર્દિક પટેલ દ્વારા કરવામાં આવેલા તકનીકી વિશ્લેષણથી તપાસકર્તાઓને પુરોહિત દ્વારા ઉપયોગમાં લેવાતા અનેક વર્ચ્યુઅલ ફોન નંબરો અને તેની ઓળખ છુપાવવાના ઈરાદાપૂર્વકના પ્રયાસો છતાં તેને ટ્રેસ કરવામાં મદદ મળી.

# 957 કરોડનો ધુમાડો કરવા છતાં ગુજરાતમાં હવા શુદ્ધ ન થઈ! અમદાવાદમાં તો દિલ્હી જેવી દશા

**અમદાવાદની હવા ઝેરી : PM 2.5 જોખમી સ્તરે, પ્રજાના સ્વાસ્થ્યને જોખમ**

**અમદાવાદ**

દેશમાં વાયુ પ્રદૂષણ હજારો લોકોનો ભોગ લઈ રહ્યું છે. અમદાવાદ સહિત રાજ્યના મોટા શહેરોમાં દિવસે દિવસે વાયુ પ્રદૂષણ એટલી હદે વકરી રહ્યું છે કે, અસ્થમા સહિત અન્ય રોગોના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. આ તરફ, રૂ. ૯૦૦ કરોડથી વધુનો ખર્ચ કરાયા પછી પણ ગુજરાતમાં હવા શુદ્ધ થઈ શકી નથી. નિષ્ણાતોએ ભીતિ વ્યક્ત કરી છે કે, જો આ જ સ્થિતિ રહી તો ગુજરાતમાં પણ દિલ્હીવાળી થઈ શકે છે.

અમદાવાદ જેવી મેટ્રો સિટીમાં હવા વધુને વધુ ઝેરી બની રહી છે. પીએમ 2.5 એટલે હવામાં ઉડતા અત્યંત બારીક રજકણો જે શ્વાસ લેતાં જ ફેફસામાં પહોંચી જાય છે. આ ઝેરી રજકણો ટીબી, શ્વસન સહિત હૃદયરોગના દર્દીઓ માટે જોખમી સાબિત થઈ શકે છે. છેલ્લાં કેટલાય દિવસોથી એર ક્વોલિટી ઈન્ડેક્સ 100ના આંકડાને વટાવી રહ્યો છે,

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ હવાની ગુણવત્તા પર પણ નજર રાખે છે. થોડાક વખત અગાઉ અમદાવાદ શહેરમાં હવાની ગુણવત્તા જાણી શકાય તે માટે સ્ક્રીન બોર્ડ લગાવાયા હતા પણ હવે તે પણ દેખાતા નથી. શિયાળાની ધીમા પગલે એન્ટ્રી થઈ છે ત્યારે વહેલી સવારે તો એટલુ ધુમ્મસ હોય કે, વાહન ચલાવવું જ નહીં, મોર્નિંગ વોક કરવું મુશ્કેલ થઈ જાય છે.

# ઇસ્કોન બ્રિજ અકસ્માત : તથ્ય અને પિતા પ્રજ્ઞેશ સામે અઢી વર્ષે ચાર્જફ્રેમ

**અમદાવાદ**

અમદાવાદના ચકચારી ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં મુખ્ય આરોપી તથ્ય પટેલ અને તેના પિતા પ્રજ્ઞેશ પટેલ સામે આજે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ચાર્જફ્રેમ કરવામાં આવ્યા છે. જુલાઈ 2023માં 9 લોકોનો ભોગ લેનાર આ દુર્ઘટના બાદ સુપ્રીમ કોર્ટના આદેશને પગલે અઢી વર્ષે આ કાર્યવાહી શક્ય બની છે. તથ્ય પટેલ આજે કોર્ટમાં હાજર થયો હતો.

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં આ કેસમાં વિલંબ બદલ નારાજગી વ્યક્ત કરી હતી અને ત્રણ અઠવાડિયામાં ચાર્જફ્રેમ કરવાનો સ્પષ્ટ આદેશ આપ્યો હતો. આ આદેશ બાદ ગ્રામ્ય કોર્ટમાં કાર્યવાહી ઝડપી બની હતી. આજે જજે તથ્ય અને પ્રજ્ઞેશ પટેલ પર લાગેલા આરોપો વાંચી સંભળાવ્યા હતા અને તેમની સહી લીધી હતી. ચાર્જફ્રેમ થવાથી હવે આ હાઈ-પ્રોફાઈલ કેસની ટ્રાયલ શરૂ થવાનો માર્ગ મોકળો થયો છે. આગામી સમયમાં કોર્ટ દ્વારા સાક્ષીઓને તપાસવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, પોલીસે આ કેસમાં ઘટનાના 7 દિવસમાં જ 1684 પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી.

# સાબરમતી સેન્ટ્રલ જેલમાં આતંકવાદી પ્રવૃત્તિના આરોપી પર કેદીઓનો હુમલો

**અમદાવાદ**

નવનિર્મિત સાબરમતી સેન્ટ્રલ જેલમાં કેદ એક આતંકવાદી કેસના આરોપી પર સોમવારે ત્રણ કેદીએ હુમલો કર્યો હતો. આ ઘટનામાં આરોપીને તેને ઈજા પણ થઈ છે. હાઈ સિક્યોરિટી જેલમાં બનેલી આ ઘટના બાદ ગુજરાત એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ (ATS) અને રાણીપ પોલીસે તપાસ શરૂ કરી છે.

ઉચ્ચ પોલીસ અધિકારીઓએ આપેલી માહિતી પ્રમાણે, આતંકવાદ સંબંધિત કેસમાં જેલમાં બંધ અહેમદ મોહિયુદ્દીન સૈયદ પર જેલ પરિસરમાં ત્રણ કેદીએ અચાનક હુમલો કર્યો હતો. જો કે, આ હુમલા પાછળનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. આ ઘટનાની જાણ થતાં જ ગુજરાત એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડના જવાનો સહિતની ટીમ તાત્કાલિક જેલ પર પહોંચી હતી. બીજી તરફ, જેલ સત્તાવાળાએ ઈજાગ્રસ્ત સૈયદને સારવાર માટે તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. ડૉક્ટરોના જણાવ્યા અનુસાર, સૈયદને આંખ, ચહેરા અને શરીરના અન્ય ભાગે ઈજા થઈ છે અને હાલ તે તબીબી દેખરેખ હેઠળ છે. આ હુમલાને કારણે સાબરમતી જેલની આંતરિક સુરક્ષા વ્યવસ્થા પર ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે.

# ખંડણી માંગતા કુખ્યાત વિશાલ ગોસ્વામી સહિત ત્રણને પાંચ વર્ષની કેદની સજા, લાખોનો દંડ

**અમદાવાદ**

અમદાવાદમાં 50 લાખ રૂપિયાની ખંડણી માંગવાના ચકચારભર્યાં કેસમાં મેટ્રોપોલીટન કોર્ટે કુખ્યાત ખંડણીખોર વિશાલ ગોસ્વામી સહિત ત્રણ આરોપીઓને પાંચ-પાંચ વર્ષની કેદની સજા ફટકારતો ચુકાદો જાહેર કર્યો છે. વધુમાં કોર્ટે આરોપી વિશાલ ગોસ્વામી અને રિન્કુ ગોસ્વામીને 1.75 લાખ રૂપિયા અને અન્ય આરોપીઓ સતીષ ગોસ્વામીને ચાર-ચાર લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. કોર્ટે દંડની રકમ ફરિયાદીને વળતર પેટે ચૂકવી આપવા પણ હુકમમાં ઠરાવ્યું હતું. કોર્ટે આરોપી વિશાલ ગોસ્વામી, રિન્કુ ગોસ્વામી અને સતીષ ગોસ્વામીને સજા ફટકારતાં ચુકાદામાં જણાવ્યું કે, આરોપીઓ સામે 50 લાખ રૂપિયાની ખંડણી માંગવાનો કેસ નિશંકપણે પુરવાર થાય છે, તે જોતાં ન્યાયના હિતમાં આરોપીઓને યોગ્ય સજા કરવાની ન્યાયોચિત લેખાશે.

ચકચારભર્યા કેસના ટ્રાયલ દરમિયાન રાજ્ય સરકાર તરફથી સ્પેશ્યલ પબ્લીક પ્રોસીક્યુટર ચેતન શાહ અને અધિક સરકારી વકીલ કમલેશ જૈને કોર્ટ સમક્ષ પૂરતા સાક્ષીઓ તપાસી અને દસ્તાવેજી પુરાવાઓ અદાલતના રેકર્ડ પર મૂકતાં જણાવ્યું હતું કે, શહેરના નારણપુરા વિસ્તારમાં રહેતા જ્વેલર્સ હર્ષદ ઝીંઝુવાડિયાને વર્ષ 2014-2015 દરમિયાન કુખ્યાત વિશાલ ગોસ્વામી સહિતના આરોપીઓએ જુદા જુદા નંબરો પરથી ફોન કરી ધમકીઓ આપી હતી અને 50 લાખ રૂપિયાની ખંડણી માંગી હતી.

આરોપીઓએ ખંડણીની રકમ જમા કરાવવા માટે જુદા જુદા બેન્ક એકાઉન્ટ નંબરો પણ આપ્યા હતા. જેમાં હર્ષદભાઈ દ્વારા 11 લાખ રૂપિયા જેટલી રકમ પણ જમા કરાવાઈ હતી. જે પૈસા બાદમાં આરોપીઓએ ખાતામાંથી ઉપાડી લીધા હતા.

# ઉપવાસ કાર્યક્રમ મામલામાં હાર્દિક પટેલ વિરુદ્ધ ચાર્જફ્રેમ

**અમદાવાદ**

વર્ષ 2018માં અમદાવાદના નિકોલ વિસ્તારમાં પોલીસની મંજૂરી વિના આમરણાંત ઉપવાસ કાર્યક્રમના મામલાના અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલ વિરુદ્ધ ચાર્જફ્રેમ કર્યું છે. હાર્દિક વિરુદ્ધ જ્યારે ચાર્જફ્રેમ કરવામાં આવ્યું, ત્યારે તે કોર્ટરૂમમાં હાજર હતો.

આ મુદ્દે નિકોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ પ્રમાણે કુલ સાત આરોપીઓ છે. આ પૈકી ગીતા પટેલ અને કિરણ પટેલે કોર્ટ સમક્ષ કેસમાંથી દોષમુક્ત થવા માટે ડિસ્ચાર્જ અરજી દાખલ કરી છે. હાર્દિક પટેલ વિરુદ્ધ આગામી દિવસોમાં કોર્ટ આ મામલે ટ્રાયલની શરૂઆત કરી શકે છે. અગાઉ સપ્ટેમ્બર 2025માં આ મામલાની સુનાવણી દરમિયાન ઘણીવાર હાર્દિક પટેલ કોર્ટ સમક્ષ ગેરહાજર રહી ચૂક્યો છે અને તેની વિરુદ્ધ બિન-જામીનપાત્ર વોરન્ટ પણ કાઢવામાં આવ્યું હતું.

# ગુજરાતમાં કરિયરની સમસ્યાને કારણે આત્મહત્યા કરનારા પુરુષોનું પ્રમાણ 60% જેટલું વધ્યું : અહેવાલ

**પુરુષોમાં હતાશાના મુખ્ય કારણોમાં બેરોજગારી અને ધંધાની મુશ્કેલી : 5 વર્ષમાં 1303 પુરુષ, 817 મહિલાએ જીવ ગુમાવ્યો**

**ગાંધીનગર**

છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં લગ્ન, કારકિર્દી જેવી સમસ્યાઓને કારણે આત્મહત્યા કરનારા પુરુષોના પ્રમાણમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. મનોચિકિત્સકો પાસે વધતા પુરુષ દર્દી અને આત્મહત્યામાં તેમનું વધતું પ્રમાણ ચિંતાનો વિષય બન્યા છે. કારકિર્દીની સમસ્યાને કારણે આત્મહત્યા કરનારા પુરુષોનું પ્રમાણ 2018માં 106 હતું અને તે 2023માં વધીને 311 થયું છે. નોકરી નહીં મળવી, ધંધા-



રોજગારમાં સમસ્યા તેના માટે વિવિધ જવાબદાર પરિબળ છે. પાંચ વર્ષના આ સમયગાળામાં 70 મહિલાઓએ કારકિર્દીને કારણે આત્મહત્યા કરી છે. પ્રેમપ્રકરણને કારણે 2022માં 409 પુરુષ અને 269 મહિલાઓએ આત્મહત્યા કર્યાનું સામે આવ્યું છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના અહેવાલ અનુસાર વર્ષ 2018થી 2023 દરમિયાન ગુજરાતમાંથી લગ્નને લગતી વિવિધ સમસ્યાને કારણે 1303 પુરુષ અને 817 મહિલાએ આત્મહત્યા કરી છે. વર્ષ 2023માં 86 પુરુષે લગ્ન નહીં થવા, 19 પુરુષે લગ્નેતર સંબંધને કારણે, 62 પુરુષે છૂટાછેડાથી આત્મહત્યા કરી હતી. આ સિવાય 1189 પુરુષને પારિવારિક સમસ્યાને કારણે પોતાનું જીવન ટૂંકાવવું પડ્યું છે.

# આર્થિક સંકટના કારણે ગુજરાતમાં 25 દિવસમાં 6 ખેડૂતોનો આપઘાત

## માવઠાંને કારણે રાજ્યમાં 42 લાખ હેક્ટરમાં ખેતીને નુકશાન થયું : પેકેજની જાહેરાત છતાં ખેડૂતોની આર્થિક સ્થિતિ જ ન સુધરી

**અમદાવાદ**

ગુજરાતમાં આ વખતે માવઠાએ ખેડૂતોની માઠી દશા કરી છે. ઓચિંતા વરસેલાં વરસાદને લીધે રાજ્યમાં 42 લાખ હેક્ટરમાં ખેતીને નુકશાન પહોંચાડ્યું છે, જ્યારે 16 હજારથી વધુ ગામડાઓને ખેડૂતો અસરગ્રસ્ત થયાં છે. ખેતરોમાં ઊભા પાક ભોંયભેગાં થતાં ખેડૂતોના મોઢાંમાંથી જાણે કોળિયો છીનવી લેવાયો છે. આર્થિક રીતે તબાહ થયેલાં ખેડૂતો મજબૂરવશ થઈ જીવનલીલા સંકેલી રહ્યાં છે. છેલ્લાં એકાદ મહિનામાં ગુજરાતમાં કુલ મળીને છ ખેડૂતોએ આપઘાત કર્યો. આના પરથી ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ કેટલી હદે કથળી હશે તેનો અંદાજ લગાવી શકાય છે.




માવઠાને લીધે પાક નિષ્ફળ જતાં આર્થિક સંકળામણના ભારથી ગુજરાતમાં વધુ એક ખેડૂતે આપઘાત કર્યો છે. વિસાવદરના ઈશ્વરીયા ગામમાં 42 વષીય ખેડૂત શૈલેષ સાવલિયાએ ઝેરી દવા પીને જીવન ટૂંકાવ્યુ હતું. આ ખેડૂતે આઠ વીધા જમીનમાં મગફળીની સાથે સાથે ડુંગળી અને તુવેરનું વાવેતર કર્યું હતું. કમોસમી વરસાદ વરસતાં મગફળી અને તુવેરનો પાક ધોવાયો હતો. પાક નિષ્ફળ જતાં હવે કેવી રીતે દેવુ ચૂકવવું અને કેવી રીતે જીવન નિર્વાહ કરવો તે મુદ્દે ખેડૂત શૈલેષભાઈ મૂંઝવણમાં મૂકાયા હતાં. હવે આર્થિક રીતે બેઠાં થવાય તેવી સ્થિતિ નથી તેવું વિચારી તેણે ખેતરમાં ઝેરી દવા પીને મોતને વ્હાલ કર્યું હતું. ચિંતાજનક એછેકે, પાક નિષ્ફળ જતાં આર્થિક સંકડામણ અનુભવતાં ખેડૂતોએ એક પછી મોતને વ્હાલુ કરી રહ્યાં છે. અગાઉ રાજકોટ જિલ્લાના કોટડા સાંગણી તાલુકાના અરડોઈ ગામમાં 50 વર્ષિય ખેડૂત દીલીપ વિરિયાએ ઝેરી દવા પીને આપઘાત કરી હતી. જ્યારે વિંછીયા તાલુકાના રેવાણિયા ગામમાં 49 વર્ષિય ગફારભાઈ ઉનડે કૂવામાં ઝંપલાવી આપઘાત કર્યો હતો. ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના રબારિકા ગામમાં 65 વર્ષિય વૃદ્ધ ખેડૂતે પણ આપઘાત કર્યો હતો. દેવભૂમિ દ્વારકામાં માનપુર ગામમાં 37 વર્ષિય કરશનભાઈ વાનોરિયાએ પણ આપઘાત કરી મોતને વ્હાલ કર્યું હતું. રાજ્ય સરકારે 10 હજાર કરોડ રૂપિયાનું કૃષિ સહાય પેકેજ જાહેર કર્યું છે, પરંતુ હજુ સુધી એકેય ખેડૂતને સહાયની કાણી પાઈ ચૂકવાઈ નથી.

# રાજ્યમાં ડિજિટલ એરેસ્ટ બાદ આપઘાતનો પહેલો બનાવ બન્યો: વડોદરાના ખેડૂતે જીવન ટૂંકાવી લીધું

## તમારા ખાતામાં 40 કરોડનું ફ્રોડ થયું હોવાનું કહીને એક દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ રખાયો

**વડોદરા**

રોજબરોજ સાયબર ફ્રોડની ફરિયાદો સામે આવતી હોય છે, ત્યારે વડોદરાના એક ખેડૂતને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા. જેમાં આરોપીએ કરોડો રૂપિયાનું ફ્રોડ આચર્યું હોવાનું કહેતા ખેડૂતે આપઘાત કરીને જીવન ટૂંકાવતા પરિવારમાં શોક છવાયો છે. ડિજિટલ એરેસ્ટ બાદ ગુજરાતમાં આપઘાતનો પહેલો બનાવ સામે આવ્યો છે, ત્યારે ડભોઈ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, વડોદરાના કાયાવરોહણમાં અતુલભાઈ હીરાભાઈ પટેલ(ઉ.વ.૬૫)ને દિલ્હી છૂજીના નામે ફોન આવ્યો હતો. જેમાં આરોપીઓએ અતુલભાઈને તમારા ખાતામાં ૪૦ કરોડનું ફ્રોડ થયું હોવાનું કહીને ધમકાવ્યા હતા અને એક દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ કરી રાખ્યા હતા. આરોપી દ્વારા ધમકાવતા અને સતત દબાણ કરતાં ગત ૧૭ નવેમ્બરના રોજ અતુલભાઈએ ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો. સમગ્ર મામલે મૃતક ખેડૂતના પરિવારને શંકા જતાં તેમણે અતુલભાઈનો ફોન તપાસ્યો હતો. જેમાં દિલ્હીથી છૂજીના ઈન્સ્પેક્ટર ગૌરવ ગ્રોવર હોવાનો દાવો કરનાર વ્યક્તિ ૪૦ કરોડના ફ્રોડની ધમકી આપતો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી ડરના માર્યા ખેડૂતે આ પગલું ભર્યું હતું. ઘટના અંગે ડભોઈ પોલીસ સ્ટેશનને જાણ કરતાં પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# ભારતીય સેનાના જવાનો માટે હવે ગુજરાતમાં તૈયાર થશે યુદ્ધ વાહન

**નવી દિલ્હી**

ભારતીય સેનાની લડાઈ ક્ષમતામાં વધારો કરે એવું નવું અને શક્તિશાળી વાહન ઉમેરાઈ રહ્યું છે. પર્વતો, બર્ફસ્તાન, જંગલો અને અત્યંત ખરાબ ભૂપૃષ્ઠ પર પણ સહેલાઈથી ચાલી શકે એવા ૧૮ નંગ 'S૧૦' ઓલ-ટેરેન વાહનોનો ઓર્ડર ભારત સરકારે આપ્યો છે. આ વાહનો બ્રિટિશ સંરક્ષણ દિગ્ગજ છઈ સિસ્ટમ્સની ડિઝાઈન પર આધારિત હશે અને ભારતમાં જ લાર્સન એન્ડ ટુબ્રો (ન્યૂ) કંપની દ્વારા નિર્માણ કરવામાં આવશે. આ ડીલ ભારતના 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને વધુ મજબૂત બનાવે છે. લાર્સન એન્ડ ટુબ્રો (ન્યૂ) કંપનીએ જાહેરાત કરી હતી કે તેને રક્ષણ મંત્રાલય તરફથી ૧૮ નંગ ઓલ-ટેરેન 'BvS૧૦' વાહનોના કોન્ટ્રાક્ટની પ્રાપ્તિ થઈ છે. ચ્છઈ સિસ્ટમ્સની ટેકનોલોજી ટ્રાન્સફર દ્વારા આ વાહનો ભારતમાં જ બનાવશે. ગુજરાતમાં સુરતની નજીક આવેલા હજીરા ખાતે આ વાહનોનું નિર્માણ કરાશે. ભારતીય સંસ્કરણના આ વાહનને 'સિંધુ' નામ આપવામાં આવ્યું છે. આ ડીલ ટેકનોલોજી ટ્રાન્સફર અને ટેકનિકલ સપોર્ટનું પ્રતીક છે, જે ભારતના સંરક્ષણ કાફલાને વધુ મજબૂત બનાવે છે. આ ડીલની કુલ કિંમત હજુ સાર્વજનિક થઈ નથી.



# 125 ભારતીયોને થાઈલેન્ડથી પરત લવાયા ફ્રોડના ચક્કરમાં મ્યાનમારમાં ફસાયા હતા

**નવીદિલ્હી**

થાઈલેન્ડમાં ફસાયેલા કુલ 125 ભારતીય નાગરિકોને ભારતીય વાયુસેના(IAF)ના ખાસ વિમાન દ્વારા સુરક્ષિત રીતે વતન પરત લાવવામાં આવ્યા છે. આ નાગરિકો મ્યાનમારના કુખ્યાત મ્યાવાડી સાયબર ઠગાઈ કેન્દ્રોમાંથી કોઈક રીતે ફરાર થઈને થાઈલેન્ડ પહોંચ્યા હતા, જ્યાં સ્થાનિક અધિકારીઓએ તેમની અટકાયત કરી હતી. ભારતીય દૂતાવાસના જણાવ્યાનુસાર, આ બધા લોકો મ્યાનમારના સાયબર ઠગાઈ કેન્દ્રોમાં ફસાયેલા હતા. ત્યાંથી ભાગી નીકળ્યા બાદ થાઈલેન્ડ પહોંચતા તેમને સ્થાનિક અધિકારીઓ દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યા હતા, દંડ ફટકારવામાં આવ્યો હતો અને તેમની ઘણી વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. દક્ષિણપૂર્વ એશિયામાં કાર્યરત ઠગાઈ કેન્દ્રોમાં ફસાયેલા ભારતીયોની સુરક્ષિત વાપસી ભારત સરકાર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે.

આ મિશનના ભાગ રૂપે, બેંગકોકમાં ભારતીય દૂતાવાસ અને ચિયાંગ માઈમાં ભારતીય કોન્સ્યુલેટે થાઈ વહીવટીતંત્ર, ટાક પ્રાંતીય એજન્સીઓ અને સુરક્ષા વિભાગો સાથે સતત સંકલન કરીને આ બચાવ કામગીરી હાથ ધરી હતી.

તાજેતરમાં મ્યાનમારના મ્યાવાડી વિસ્તારમાં આવેલા ઠગાઈ કેન્દ્રો પર દરોડા પાડવામાં આવ્યા હતા, જેના પગલે ઘણા ભારતીયોને મુક્ત કરવામાં આવ્યા હતા અને તેમને સ્વદેશ લાવવા માટે આ કામગીરી શરુ કરવામાં આવી હતી. આ પહેલા એક દિવસ પૂર્વે જ 11 મહિલાઓ સહિત 269 ભારતીયોને સ્વદેશ પરત લાવવામાં આવ્યા હતા.

# સુપ્રીમે આઇએચએફએલના કેસમાં સીબીઆઇ અને સેબીની ટીકા કરી

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે બુધવારે ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની વિરુદ્ધ શંકાસ્પદ લેવડદેવડનાં આરોપોની તપાસમાં અનિચ્છા બદલ સીબીઆઈ અને સેબીની ટીકા કરી છે. સુપ્રીમે સીબીઆઈના ડાયરેક્ટરને કેસની તપાસ માટે સેબી, એસએફઆઈઓ અને ઈડીની સાથે બેઠક કરવાનો પણ આદેશ આપ્યો છે. ન્યાયમૂર્તિ સૂર્યકાંત, ન્યાયમૂર્તિ ઉજ્જલ ભૂઈયા અને ન્યાયમૂર્તિ એન કોટિશ્વર સિંહની ખંડપીઠે આઈએચએફએલનાં અનેક અપરાધો માટે કોર્પોરેટ બાબતોનાં મંત્રાલય (એમસીએ)ની પણ ટીકા કરી હતી. ખંડપીઠે વિભિન્ન કેસોમાં સેબી દ્વારા અનિયમિતતાઓની તપાસ માટે પોતાના અધિકાર ક્ષેત્રને લઈને અમલમાં મૂકવામાં આવેલા બેવડા ધોરણો બદલ તેની ટીકા કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે સીબીઆઈ ડાયરેક્ટર દ્વારા સેબી, એસએફઆઈઓ અને ઈડીના અધિકારીઓ સાથે કરવામાં આવનારી બેઠક માટે એમસીએ દ્વારા બંધ કરવામાં આવેલા કેસોથી કોઈ અવરોધ ઉભો થશે નહીં.

# સપા ધારાસભ્ય સુધાકર સિંહનું નિધન, ઘોસીમાં દારા સિંહને હરાવી ધારાસભ્ય બન્યા હતા

**લખનઉ**

ઉત્તર પ્રદેશના મઉ જિલ્લાની ઘોસી વિધાનસભા બેઠક પરથી સપાના ધારાસભ્ય સુધાકર સિંહનું નિધન થયું છે. 60 વર્ષીય સુધાકર સિંહને બે દિવસ પહેલા છાતીમાં દુખાવાની ફરિયાદ બાદ લખનઉની એક હોસ્પિટલમાં દાખલ કરાતાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. સપાએ સોશિયલ મીડિયા હેન્ડલ પર આ દુઃખદ સમાચારની જાણકારી આપી હતી. તેમના નિધનથી સમાજવાદી પાર્ટીમાં શોકની લહેર વ્યાપી ગઈ છે. પાર્ટીએ 'X' પર લખ્યું, "ઘોસી વિધાનસભાના સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય સુધાકર સિંહજીનું નિધન અત્યંત હૃદયવિદારક છે. તેમના અકાળે અવસાનથી તેમના પરિવાર, સમર્થકો અને સમાજવાદી પાર્ટીને અપૂર્ણીય ક્ષતિ થઈ છે."

# બાંગ્લાદેશીઓ 'SIR'થી ગભરાઈ પશ્ચિમ બંગાળમાંથી ભાગી રહ્યાનો BSFનો દાવો

## 500 જેટલા બાંગ્લાદેશીઓને સરહદે પકડવામાં આવ્યા

**કોલકાતા**

હાલમાં ચૂંટણીપંચે મતદારયાદી સુધારણા (સર) કાર્યવાહી શરુ કરી તે આ કિસ્સામાં સાચી ઠરી છે. તેના કારણે બંગાળમાંથી બાંગ્લાદેશી ઘૂસણખોરો પલાયન થવા માંડયા છે. બીએસએફે જણાવ્યું હતું કે તેણે પરત જઈ રહેલા આવા ૫૦૦ ઘૂસણખોરો તો પકડયા હતા. હાલમાં રોજના 100થી 150 લોકો પરત જઈ રહ્યા છે. હાલમાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ બંગાળમાં ચાલી રહ્યો છે. તેના હેઠળ દરેક મતદારને ઘરે જઈને પૂછવામાં આવી રહ્યુ હતુ કે ૨૦૦૨ની મતદારયાદીમાં તેનું નામ હતુ કે નહી. જો તમારું નામ ન હતું તો તમારા કુટુંબના કયા સભ્યોનું હતું. આવી બધી જાણકારીઓ બાંગ્લાદેશીઓ ક્યાંથી આપી શકે. આ જ કારણે બાંગ્લાદેશી ઘૂસણખોરોમાં તેનો ડર જોવા મળી રહ્યો છે. પશ્ચિમ બંગાળથી મળતી વિગત મુજબ મતદારયાદી સુધારણાના ડરથી ૫૦૦થી વધુ બાંગ્લાદેશીઓ ભાગી ગયા છે. આ વાત પણ એટલા માટે આવી કેમકે બીએસએફે બાંગ્લાદેશીઓને ભાગતા પકડયા છે.

# પાર્ટ ટાઈમ નોકરીથી 1000 કમાવવાના ચક્કરમાં મહિલાએ રૂપિયા 7 લાખ ગુમાવ્યા

**મુંબઈ**

મુંબઈની રહેવાસી 26 વર્ષની મહિલાએ પાર્ટ ટાઈમ જોબ માટે ઓનલાઈન પોસ્ટ જોઈ હતી. પછી પોસ્ટ મુકનારા સાઈબર ઠગોના સંપર્કમાં આવી હતી, જેમાં તેણીએ 7 લાખ રૂપિયા ગુમાવવાની સાથે સોના-ચાંદી પણ ગીરવે મૂકવાની નોબત આવી છે. ઘટના અંગે પોલીસે કહ્યું કે, મહિલાએ મોબાઈલ પર મોટી કમાણીવાળી પાર્ટ ટાઈમ જોબની જાહેરાત જોઈ હતી, તેમાં રીલ્સ અને સોશિયલ મીડિયા પોસ્ટ પર ક્લિક કરવાનો વિકલ્પ હતો, જેમાં તેણીએ જોબ આપનારાઓનો સંપર્ક કર્યો હતો, કેટલીક લિંક પર ક્લિક કરવા પણ કહ્યું હતું. ત્યારબાદ મહિલાને મેસેજ મળ્યો હતો કે, તેણીને બેંક એકાઉન્ટમાં રૂપિયા આવી ગયા છે. ચેક કરતાં નાણા ટ્રાન્સફર નહીં થતા મહિલા ચિંતામાં મૂકાઈ ગઈ હતી.

# દિલ્હીમાં 100 કરોડનું ડ્રગ્સ જપ્ત, 4 વિદેશી દાણચોરો પકડાયા

### 4 આરોપીઓ મોબાઇલ લેબમાં મેથાફ્ફેટામાઇનનું ઉત્પાદન કરતા હતા, મોબાઇલ ડ્રગ મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપ્યું

**નવી દિલ્હી**

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે દિલ્હી-એનસીઆર, મુંબઈ અને બેંગલુરુમાં કાર્યરત આંતરરાષ્ટ્રીય ડ્રગ રેકેટનો પર્દાફાશ કર્યો છે. આશરે 100 કરોડના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસે ચાર આરોપીઓની પણ ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાંથી ત્રણની દિલ્હીમાં અને એક બેંગલુરુમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓ પાસેથી જપ્ત કરાયેલા ડ્રગ્સ રેવ પાર્ટીઓમાં ઉપયોગ માટે બનાવાયેલા હતા.

દિલ્હી પોલીસની કાર્યવાહીમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે. એક આરોપીએ દિલ્હીમાં મોબાઇલ ડ્રગ મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપ્યું હતું. તેનું ઉત્પાદન ચાલતા ટ્રકમાં કરવામાં આવતું હતું. સ્પેશિયલ સેલના ડીસીપી પ્રશાંત ગૌતમે જણાવ્યું હતું કે આ કન્સાઈન્મેન્ટ નવા વર્ષની પૂર્વ સંધ્યાની પાર્ટીઓ માટે નક્કી કરવામાં આવ્યું હતું. આ મોટી માત્રામાં મેથામ્ફેટામાઈન વિદેશથી આયાત કરવામાં આવ્યું હતું અને આ નેટવર્ક આંતરરાષ્ટ્રીય નેટવર્ક સુધી ફેલાયેલું છે. પોલીસ હાલમાં તેમના વિદેશી જોડાણોની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

દિલ્હી પોલીસ કમિશનર સંજય અરોરાએ જણાવ્યું હતું કે સ્પેશિયલ સેલની ટીમે એક આંતરરાષ્ટ્રીય ડ્રગ રિંગનો પર્દાફાશ કર્યો છે. તેમણે આ સફળતા માટે ટીમને અભિનંદન આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રાજધાનીને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે દિલ્હી પોલીસની ડ્રગ્સના દુરુપયોગ સામેની ઝુંબેશને વધુ તીવ્ર બનાવવામાં આવશે. પોલીસનો દાવો છે કે આ કાર્યવાહીથી ઘણા મોટા નવા વર્ષની રેવ પાર્ટીઓમાં ડ્રગ્સનો પુરવઠો સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે.



# આતંકવાદીઓના અડ્ડા અલ-ફલાહ યુનિ.ની રૂ. 450 કરોડની હેરાફેરી

### યુનિ.ના ચેરમેન જાવેદ અહમદ સિદ્દીકીની ધરપકડ

**નવી દિલ્હી**

દિલ્હી વિસ્ફોટ કેસ સાથે સંકળાયેલા મોટાભાગના આરોપી ડોક્ટરો અલ ફલાહ યુનિવર્સિટી સાથે જોડાયેલા છે. આ કેસમાં નાણાકીય વ્યવહારોની તપાસ કરી રહેલી ઈડીએ અલ ફલાહ યુનિવર્સિટીના ચેરમેન જાવેદ અહમદ સિદ્દીકીની ધરપકડ કરી હતી, જેને હવે ૧૩ દિવસ માટે ઈડીની કસ્ટડીમાં મોકલી દેવાયા છે. તપાસમાં સામે આવ્યું છે કે અલ ફલાહ યુનિવર્સિટીએ ગેરરીતીથી ૪૧૫ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ પાસેથી જ આ મોટી રકમ પડાવવામાં આવી હતી. ઈડીએ અગાઉ અલ ફલાહ ગ્રુપના ૩૦ જેટલા સ્થળો પર દરોડા પાડયા હતા. ૧૫થી વધુ લોકોનો ભોગ લેનારા દિલ્હી આત્મઘાતી હુમલાની તપાસ કરી રહેલી ઈડીએ હવે અલ ફલાહ ગ્રુપ અને તેની શૈક્ષણિક સંસ્થા વિરુદ્ધ આકરી કાર્યવાહી કરી છે. અગાઉ દિલ્હી પોલીસ દ્વારા અલ ફલાહ ગ્રુપ વિરુદ્ધ બે ફરિયાદ દાખલ કરાઈ હતી.

# 350 કરોડ યુઝર્સના પાસવર્ડ, ઈ-મેઈલ લીક : નેટ યુઝર્સની ડિજિટલ સિક્યોરિટી સામે પ્રશ્નાર્થ સર્જાયો

### મેટાને 8 વર્ષ પહેલાં સિસ્ટમની ખામીની જાણ થઈ છતા પગલાં ન લેતાં લોકો ભયમાં મૂકાયા

**નવી દિલ્હી**

ટેકનોલોજીની દુનિયામાં ડિજિટલ ઓળખ સૌથી મહત્વપૂર્ણ છે. આ સંજોગોમાં જો ૩૫૦ કરોડ યુઝર્સ એટલે કે વિશ્વની અડધી વસ્તીના યુઝર્સના પાસવર્ડ અને ઈ-મેઈલ લીક થવાના પગલે ખળભટ મચી ગયો છે. તેમાં બે અબજથી પણ વધુ ઈ-મેઈલનો અને ૧.૩ અબજથી વધારે પાસવર્ડ લીક થયેલા હોવાનું સાઈબર ઈન્ટેલિજન્સ ફર્મ સિન્થિયન્ટે જણાવ્યું છે.

સાઈબર થ્રેટ ઈન્ટેલિજન્સ કંપની સિન્થિયન્ટે ઓપન અને ડાર્ક વેબ પર વ્યાપકપાયા પર તપાસ અભિયાન ચલાવીને લીકડ થયેલા ઈ-મેઈલ્સ એડ્રેસીસ અને પાસવર્ડનો પતો લગાવ્યો હતો. આ જ ફર્મે તાજેતરમાં આવા ૧૮.૩ કરોડ ઈ-મેઈલ પણ શોધી કાઢ્યા છે, જેની સુરક્ષા ભયમાં મૂકાઈ હતી. આ બતાવે છે કે વિશ્વની કુલ આઠ અબજથી પણ વધુ વસ્તીમાં ૫.૫ અબજથી પણ વધુ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે ત્યારે તેમની ડિજિટલ સિક્યોરિટી ભયમાં મૂકાઈ છે.

સિન્થિયન્ટે ટ્રોય હંટ સાથે કામ કરતાં તફડાવાયેલા બે અબજથી વધુ ઈ-મેઈલ એડ્રેસ અને ૧.૩ અબજથી વધુ પાસવર્ડનો જંગી ડેટાસેટ રચ્યો છે. આ બધા ઈ-મેઈલ એડ્રેસ અને પાસવર્ડ ડાર્ક વેબ પર જુદાં-જુદાં સમયગાળા દરમિયાન વેચાવા અર્થે મૂકાયા હતા તેમાથી મેળવવામાં આવ્યા છે. આ ઘટના બતાવે છે કે કેટલા મોટા પાયા પર ડેટાચોરી થઈ રહી છે.

# આંધ્રપ્રદેશમાં સુરક્ષાદળો સાથે અથડામણમાં થતાં 7 નક્સલી ઠાર, 3 મહિલા પણ સામેલ

### ઘટના સ્થળેથી ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો, શસ્ત્રો અને તકનીકી સાધનો મળી આવ્યા

**હૈદરાબાદ**

આંધ્રપ્રદેશના પૂર્વ ગોદાવરી જિલ્લાના મારેડુમિલી વિસ્તારમાં બુધવારે સવારે સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે થયેલી અથડામણમાં સાત નક્સલીઓ માર્યા ગયા. રાજ્ય ગુપ્તચર વિભાગના એડીજી મહેશ ચંદ્રએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે આ ઓપરેશન મંગળવારે શરૂ થયું હતું અને અત્યાર સુધીમાં, ચાલુ ઓપરેશનમાં સાત નક્સલીઓ માર્યા ગયા હોવાની માહિતી મળી છે.



ઉલ્લેખનીય છે કે આંધ્રપ્રદેશ, છત્તીસગઢ અને ઓડિશાની સરહદ નજીક ગ્રેહાઉન્ડ્સ અને સ્થાનિક પોલીસ દ્વારા કરવામાં આવેલા સંયુક્ત ઓપરેશનમાં કુખ્યાત માઓવાદી નેતા હિડમા સહિત સાત નક્સલીઓ માર્યા ગયા હતા. આ ઓપરેશન મારેડુમિલી જંગલમાં ગુપ્ત માહિતીના આધારે હાથ ધરવામાં આવ્યું હતું.

એડીજીના જણાવ્યા અનુસાર માર્યા ગયેલા નક્સલીઓમાં ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે. ઓળખ પ્રક્રિયા ચાલુ છે, અને ઘટના સ્થળેથી ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો, શસ્ત્રો અને તકનીકી સાધનો મળી આવ્યા છે. પ્રારંભિક ઓળખમાં એક મુખ્ય નક્સલીની પુષ્ટિ થઈ છે.

# જમ્મુમાં કાશ્મીર ટાઇમ્સની ઓફિસ પર દરોડા AK 47 અને પિસ્તોલ સહિતના હથિયાર જપ્ત

**જમ્મુ કાશ્મીર**

જમ્મુ અને કાશ્મીર પોલીસની સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સી (SIA) એ આજે (20 નવેમ્બર) કાશ્મીર ટાઈમ્સ સમાચાર પત્રની જમ્મુ સ્થિત ઓફિસ પર દરોડો પાડ્યો છે. આ દરોડા દરમિયાન સમાચાર પત્રની ઓફિસમાંથી એકે રાઈફલ્સના કારતૂસ, પિસ્તોલની ગોળીઓ અને હેન્ડ ગ્રેનેડની પિન મળી આવતાં ખળભળાટ મચી ગયો છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, સમાચાર પત્ર અને તેના પ્રમોટર્સ વિરુદ્ધ દેશ વિરોધી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના આરોપમાં નોંધાયેલા કેસના સંબંધમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. SIAની ટીમોએ કોમ્પ્યુટર્સ સહિત ઓફિસની સંપૂર્ણ તપાસ કરી રહી છે. આગામી દિવસોમાં અખબારના પ્રમોટર્સની પૂછપરછ કરવામાં આવે તેવી શક્યતા છે.

જમ્મુ-કાશ્મીરના ઉપમુખ્યમંત્રી સુરિંદર સિંહ ચૌધરીએ દરોડા મામલે કહ્યું કે, 'કાર્યવાહી ફક્ત ત્યારે જ થવી જોઈએ જ્યારે કંઈક ગેરકાયદે જણાય. જો તેમણે કંઈ ખોટું કર્યું હોય તો કાર્યવાહી થવી જોઈએ, પરંતુ જો માત્ર દબાણ બનાવવા માટે આવું કરવામાં આવી રહ્યું હોય, તો તે ખોટું ગણાશે.'

# ભારતને હિન્દુ રાષ્ટ્ર બનવા માટે કોઈ સત્તાવાર જાહેરાત કરવાની જરૂર નથી : મોહન ભાગવત

**નવી દિલ્હી**

RSSના શતાબ્દી સમારોહના ભાગરૂપે આસામના ગુવાહાટીમાં એક કાર્યક્રમને સંબોધતી વખતે RSS વડા મોહન ભાગવતે મહત્ત્વનું નિવેદન કર્યું છે. તેમણે ભારત અને હિન્દુ રાષ્ટ્રનો ઉલ્લેખ કરીને કહ્યું કે, 'જે ભારત પર ગર્વ કરે છે, તે હિન્દુ છે. હિન્દુ માત્ર એક ધાર્મિક ઓળખ નહીં, પરંતુ એક સંસ્કૃતિગત ઓળખ છે. ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવાની કોઈ જરૂર નથી, કારણ કે તેની સભ્યતા પહેલેથી જ આ વાત જાહેર કરે છે. હિન્દુ શબ્દ ધાર્મિક નહીં પણ હજારો વર્ષોની સાંસ્કૃતિક પરંપરા સાથે જોડાયેલી એક સભ્યતાગત ઓળખ છે. ભારત અને હિન્દુ એકબીજાના પર્યાય છે. ભારતને હિન્દુ રાષ્ટ્ર બનવા માટે કોઈ સત્તાવાર જાહેરાત કરવાની જરૂર નથી.

# પાલઘરમાં શિક્ષકે 100 ઉઠક-બેઠકની સજા આપતા 12 વર્ષની વિદ્યાર્થિનીનું મોત

### વિદ્યાર્થિનીને શાળાએ આવવામાં 10 મિનિટ લેટ થયું હતું

**પાલઘર**

પાલઘરમાં શાળામાં ધોરણ-6માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને શાળામાં પહોંચવામાં 10 મિનિટનો વિલંબ થતાં ઉઠક-બેઠકની સજા આપી હતી. આ મામલે હવે પોલીસે ઉઠક-બેઠકની સજા આપનાર શિક્ષિકા મમતા યાદવ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. સારવાર દરમિયાન વિદ્યાર્થિના મોત બાદ પહેલા એડીઆર નોંધવામાં આવ્યુ હતું, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તેના પરિવારની ફરિયાદના આધાર પર હવે શિક્ષિકા વિરુદ્ધ બીએનએસની કલમો હેઠળ ગંભીર ગુનો નોંધવામાં આવ્યો છે. વરિષ્ઠ પોલીસ ઈન્સ્પેક્ટર દિલીપ ઘુગેએ જણાવ્યું કે, 8 નવેમ્બરના રોજ શિક્ષિકાએ ઘણા બાળકો મોડા આવવા બદલ 100 વખત ઉઠક-બેઠક કરાવી હતી. જેમાં 12 વર્ષની વિદ્યાર્થિની પણ પોતાના ખભા પર બેગ લટકાવીને સજા પૂરી કરે છે. ઘરે પરત ફર્યા પછી છોકરીની તબિયત ઝડપથી બગડતી ગઈ. તેના પરિવારે તેને પહેલા વસઈની એક હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જ્યા 'ઘણા દિવસો સુધી જીવન-મરણ વચ્ચે સંઘર્ષ કર્યા બાદ તેનું મોત થઈ ગયું હતું.

# 35થી વધુ હત્યામા સંડોવણી હોવાના પુરાવા મળતાં અનમોલ બિશ્નોઈને 11 દિવસની કસ્ટડી

**નવી દિલ્હી**

લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈને બુધવારે અમેરિકાથી ભારત લવાયો છે. NIA દ્વારા તેને કસ્ટડીમાં લઈ લેવાયો છે. એરપોર્ટ પરથી સીધો તેને દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં લઈ જવાયો હતો. પટિયાલા હાઉસ કોર્ટે અનમોલ બિશ્નોઈને 11 દિવસની કસ્ટડીમાં મોકલી દીધો છે. આ નિર્ણય તે સમયે લેવાયો જ્યારે NIAએ કોર્ટની સામે તર્ક આપ્યો કે અનમોલની કસ્ટોડિયલ પૂછપરછ ખૂબ જ જરૂરી છે, કારણ કે તેમના વિરૂદ્ધ 35થી વધુ હત્યાકાંડ, 20થી વધુ અપહરણ, ખંડણી, ધમકી અને હિંસાથી જોડાયેલા કેસોમાં સંડોવણીના મજબૂત પુરાવા મળ્યા છે. અનમોલ બાબા સિદ્દિકી અને સિદ્ધુ મૂસેવાલા હત્યાકાંડ, સલમાન ખાનના ઘર પર ફાયરિંગ સહિતના હાઈપ્રોફાઈલ કેસમાં પણ આરોપી છે.

# ફેક આઈડીના ખડકલા સાથે નકલી રો-ઑફિસર પકડાયો, જજને પણ પ્રેમમાં ફસાવી લગ્ન કર્યા

## આરોપી પાસેથી નકલી ID અને દસ્તાવેજો જપ્ત, દિલ્હી બ્લાસ્ટને કારણે STF સક્રિય

**લખનઉ**

ઉત્તર પ્રદેશ સ્પેશિયલ ટાસ્ક ફોર્સની ટીમે બુધવારે વહેલી સવારે એક વ્યક્તિની ધરપકડ કરી, જે પોતાને ક્યારેક 'રૉ' અધિકારી તો ક્યારેક આર્મીનો મેજર ગણાવીને રહેતો હતો. તેણે પોતાને 'રૉ' અધિકારી તરીકે રજૂ કરીને બિહારના છપરામાં ફરજ બજાવતા એક મહિલા જજને ફસાવીને તેમની સાથે લગ્ન કર્યા હતા. ધરપકડ સમયે, તે એક કંપની બનાવીને લોકો સાથે કરોડોની ઠગાઈ કરવાની યોજના બનાવી રહ્યો હતો, જેના સંબંધિત દસ્તાવેજો પણ STFએ જપ્ત કર્યા છે.

ધરપકડ કરાયેલા આ નકલી અધિકારી પાસેથી મોટી માત્રામાં પુરાવાઓ જપ્ત કરવામાં આવ્યા છે. આ પુરાવાઓમાં નકલી ID, ચેક બુક, નકલી પોલીસ વેરિફિકેશન લેટર, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, પાન કાર્ડ, આધાર કાર્ડ અને વોટર ID કાર્ડ વગેરેનો સમાવેશ થાય છે. વધુમાં, તેના ટેબલેટમાંથી દિલ્હી બ્લાસ્ટને લગતો વીડિયો પણ મળી આવ્યો છે. હાલમાં, STF અને ઇન્ટેલીજન્સ એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ તેની સઘન પૂછપરછ કરી રહ્યા છે. STFના અપર પોલીસ અધિક્ષક રાજકુમાર મિશ્રાના જણાવ્યા અનુસાર, ગઈ રાત્રે સબ-ઈન્સ્પેક્ટર અક્ષય પરમવીર કુમાર ત્યાગી અને તેમની ટીમને એક શંકાસ્પદ વ્યક્તિ વિશે માહિતી મળી હતી. આ વ્યક્તિ જુદી જુદી સોસાયટીઓમાં રહેતો હતો અને પોતાને ક્યારેક 'મેજર અમિત' તો ક્યારેક 'ડિરેક્ટર રૉ' તરીકે ઓળખાવતો હતો.

# ઈન્ડિપેન્ડેન્ટ બનવા, નોકરી કરવા માતાએ 20 દિવસના બાળકને નદીમાં ફેંકી દઈ મારી નાખ્યું

**મુંબઈ**

મહારાષ્ટ્રના ગોંદિયા જિલ્લામાં બુધવારે ખળભળાટ મચી ગયો છે. અહીં પોલીસે 22 વર્ષની એક મહિલાને તેના નવજાત બાળકની હત્યાના આરોપસર પકડી છે. પોલીસના કહેવા પ્રમાણે, આ મહિલાએ પોતાના 20 દિવસના બાળકને વેનગંગા નદીમાં ફેંકી દીધું હતું.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે મહિલાએ શરૂઆતમાં પોલીસને ગેરમાર્ગે દોરવા માટે એક ખોટી વાર્તા બનાવી હતી. તેણે દાવો કર્યો હતો કે 17 નવેમ્બરના રોજ કોઈ અજાણ્યો વ્યક્તિ બાળકને ચોરી ગયું હતું. આ નિવેદનને આધારે ગુમ થયેલા બાળકને શોધવાનું કામ શરૂ થયું, પરંતુ તપાસ દરમિયાન પોલીસને તેની વાત પર શંકા ગઈ. આથી, પોલીસે જ્યારે પૂછપરછમાં સખ્તાઈ રાખી, ત્યારે મહિલાએ પોતાનો ગુનો કબૂલી લીધો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, મહિલા નોકરી કરવા અને ઈન્ડિપેન્ડેન્ટ (સ્વતંત્ર) જીવન જીવવા માગતી હતી, પરંતુ તેને ઘરે રહીને બાળકની દેખભાળ કરવી પડતી હતી. તેને એવું લાગવા માંડ્યું હતું કે બાળકના કારણે તે ઘરમાં પુરાઈને રહી જશે. આ પ્રકારના માનસિક દબાણ અને પરિસ્થિતિઓના કારણે તેણે આ અમાનવીય કૃત્ય કર્યું હતું.

# દિલ્હીમાં ગેસ ચેમ્બર જેવી હાલત, AQI 400 પાર, NCR સુધી ઝેરીલો સ્મોગ છવાતાં ચિંતા

**નવી દિલ્હી**

રાજધાની દિલ્હી અને નેશનલ કેપિટલ રિજન (NCR)માં પ્રદૂષણની સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. ગુરુવારે સવારે દિલ્હીમાં ધુમ્મસનું જાડું સ્તર છવાઈ ગયું હતું, જેને કારણે દિલ્હી 'ગેસ ચેમ્બર' જેવી હાલતમાં ફેરવાઈ ગયું છે અને લોકોને શ્વાસ લેવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)ના આંકડા મુજબ, દિલ્હીના મોટાભાગના વિસ્તારોમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) 'ગંભીર' શ્રેણીમાં પહોંચી ગયો છે. ગુરુવારે સવારે 7 વાગ્યે દિલ્હીનો સરેરાશ AQI 399 નોંધાયો હતો, જે 'ખૂબ જ ખરાબ' શ્રેણીની ટોચ પર છે અને 'ગંભીર' શ્રેણીની નજીક છે. શહેરના કેટલાક વિસ્તારોમાં AQI 450ને પાર કરી ગયો હતો, જે અત્યંત જોખમી છે. દરમિયાન દિલ્હીને અડીને આવેલા નોઇડા સેક્ટર-62માં 348, ગાઝિયાબાદમાં વસુંધરા, 430, ઈન્દિરાપુરમમાં 428 અને ગુરુગ્રામ સેક્ટર-51માં 342 નોંધાયું હતું. બુધવારે દિલ્હીની હવાની ગુણવત્તા "ગંભીર" શ્રેણીની નજીક પહોંચી ગઈ હતી.

# અમે RBI ઑફિસર છીએ, રોકડા જમા કરો' બેંગલુરુમાં ફિલ્મી સ્ટાઈલમાં 7 કરોડની લૂંટ

## બંદૂક બતાવીને રોકડ બોક્સ કાઢ્યા, નજીકમાં પાર્ક કરેલી અન્ય કારમાં મૂકી દીધા

**બેંગ્લોર**

કર્ણાટકની રાજધાની બેંગલુરુના રસ્તાઓ પર બુધવારે એક ચોંકાવનારી ઘટના બની હતી. પાંચથી છ જેટલા શખસોએ પોતાની જાતને રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા(RBI)ના અધિકારીઓ તરીકે રજૂ કરીને એક બખ્તરબંધ કેશ વાનમાંથી 7.1 કરોડ રૂપિયાની માતબર રકમની ચોરી કરી હતી.

બુધવારે બપોરે 12:30 વાગ્યાની આસપાસ CMS ઇન્ફો સિસ્ટમ્સની કેશ વાન HDFC બેંકથી ત્રણ કેશ બોક્સ લઈને HBR લેઆઉટ તરફ જઈ રહી હતી. જયનગરમાં અશોક પિલર નજીક એક કારે વાનને અચાનક રોકી, જેની પાછળ એક ઇનોવા (MUV) પણ આવી ગઈ. કારમાંથી ત્રણ લોકો બહાર નીકળ્યા અને વાન સ્ટાફ ડ્રાઈવર વિનોદ કુમાર, કસ્ટોડિયન આફતાબ, અને બે બંદૂકધારી રાજન્ના અને તમૈયાને કહ્યું, 'અમે RBI અધિકારીઓ છીએ. તમારી કંપની પર નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે અને અમારા નિવેદનો લેવાના છે.' સ્ટાફે શંકા ન થતાં તેમની રાઈફલો વાનમાં છોડી દીધી અને આરોપીઓ સાથે MUVમાં ચઢી ગયા. ડ્રાઈવર વિનોદને અલગ સૂચના મળી કે વાન લઈને ડેરી સર્કલ ફ્લાયઓવર પર રાહ જુઓ. ડ્રાઈવર વિનોદ રાહ જોઈ રહ્યો હતો ત્યારે આરોપીઓ ત્યાં પહોંચ્યા, બંદૂક બતાવીને વાનમાંથી રોકડ બોક્સ કાઢ્યા અને નજીકમાં પાર્ક કરેલી અન્ય કારમાં મૂકી દીધા હતા.

# મહારાષ્ટ્રમાં મોટી દુર્ઘટના, રાયગઢમાં 400 ફુટ ઊંડી ખીણમાં કાર ખાબકતાં 6 લોકોના મોત

## રેલિંગ તૂટેલી જોઈ પોલીસે શંકા જતાં તપાસ કરાવતા અકસ્માતની ઘટના બહાર આવી

**રાયગઢ**

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં તામ્હિની ઘાટ વિસ્તારમાં એક ગમખ્વાર અકસ્માતમાં છ યુવકોના મોત થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર પિકનિક મનાવવા ગયેલા યુવકોની એસયુવી કાર 400 ફૂટ ઊંડી ખાઈમાં ખાબકતાં આ દુર્ઘટના સર્જાઈ હતી. પોલીસ અધિકારીએ કહ્યું કે, આ દુર્ઘટના મંગળવારના વહેલી સવારે થઈ હતી, પરંતુ પોલીસને તેની જાણ ગુરુવારે સવારે મળી હતી. મૃતક



યુવકોની ઉંમર 18થી 22 વર્ષની હતી અને તેઓ સોમવારે મોડી સાંજે પુણેથી થાર એસયુવીમાં સવાર થઈને નીકળ્યા હતા. પરિવારજનોએ મંગળવારે સવારે યુવકોનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ સતત ફોન સ્વિચ ઑફ આવતાં તેમને ચિંતિત થયા હતા. ત્યારબાદ તેમણે તાત્કાલિક પોલીસનો સંપર્ક કરી યુવકો ગુમ થયાની જાણ કરી હતી. પરિવારજનોએ માહિતી આપ્યા બાદ પોલીસે શોધખોળ શરૂ કરી હતી. આ દરમિયાન પોલીસને રસ્તા પર એક રેલિંગ તૂટેલી હાલતમાં જોવા મળી હતી. રેલિંગ તૂટેલી જોઈને પોલીસને શંકા ગઈ અને તેમણે શોધખોળ શરૂ કરી દીધી હતી.

# મુંડાવરમા ડીજે પર નાચતા યુવકે પિસ્તોલ લહેરાવીને ફાયરિંગ કરતાં બાળકીનું મોત

**જયપુર**

રાજસ્થાનના ખેરથલ-તિજારા જિલ્લાના મુંડાવર સ્થિત જસાઈ ગામમાં લગ્નની ખુશી માતમમાં ફેરવાઈ ગઈ છે. ગામમાં લગ્ન પ્રસંગ દરમિયાન ડીજે પર ડાન્સ કરતી વખતે ફાયરિંગ કરવામાં આવ્યું. ફાયરિંગની આ ઘટનામાં આ ગોળી દુલ્હાના મિત્રની 6 વર્ષની બાળકીના માથામાં વાગી. બાળકી વીરાને ગોળી વાગતા જ તે જમીન પર ઢળી પડી. ફાયરિંગ થતાં જ ચારે તરફ અફરા-તફરી મચી ગઈ. આ દુર્ઘટનામાં ઘાયલ વીરાને તાત્કાલિક નીમરાનાની એક પ્રાઈવેટ હૉસ્પિટલમાં ખસેડવામાં આવી. જોકે, હાલત ગંભીર થતા બાળકીને જયપુર રિફર કરવામાં આવી. અહીંથી જયપુર લઈ જતી વખતે બાળકીનું મોત થઈ ગયું.

પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ મહાવીર સિંહ શેખાવતે જણાવ્યું કે, ગામમાં રાજેશ જાટના લગ્ન 22 નવેમ્બરે થવાના છે. લગ્ન પહેલા 'બાન' (લગ્ન પહેલાની વિધિ) આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ દરમિયાન રાજેશનો ગામનો મિત્ર સતપાલ મીણા પોતાની દીકરી વીરા અને પરિવાર સાથે કાર્યક્રમમાં આવ્યો હતો. ત્યાં 5-7 યુવાનો દારૂના નશામાં હતા. યુવકોએ ટશન દેખાડવા માટે પિસ્તોલ લહેરાવી ફાયરિંગ કરતાં ઘટના બની હતી.

# લુધિયાણામાં ISI સાથે સંકળાયેલા 2 આતંકવાદીઓનું એન્કાઉન્ટર

**લુધિયાણા**

લુધિયાણામાં પોલીસ અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. આ અથડામણ દિલ્હી-અમૃતસર નેશનલ હાઈવે પર લાડોવાલ ટોલ પ્લાઝા નજીક થઈ છે. આ દરમિયાન પોલીસે 2 આતંકવાદીઓનું એન્કાઉન્ટર કર્યું છે. જે બંનેનું ટેરર ગ્રુપ બબ્બર ખાલસા સાથે કનેક્શન છે અને ISIના ઈશારે કામ કરતા હતા. પોલીસે બે ગ્રેનેડ, 5 પિસ્તોલ અને 50 કારતૂસ જપ્ત કરી છે. એન્કાઉન્ટરમાં લુધિયાણા પોલીસે ગ્રેનેડ હુમલો કરવા આવેલા આતંકવાદી મોડ્યુલના બે આતંકીઓનું એન્કાઉન્ટર કર્યું છે.

બીજી તરફ દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટના કેસની તપાસનો ધમધમાટ હવે ફરીદાબાદની અલ-ફલાહ યુનિવર્સિટી સુધી પહોંચ્યો છે. યુનિવર્સિટી સાથે સંકળાયેલા 200થી વધુ ડૉક્ટરો, લેક્ચરર્સ અને સ્ટાફ સભ્યો હવે તપાસ એજન્સીઓના રડાર પર છે. આ સમગ્ર ઘટનામાં એક વ્હાઈટ-કોલર આતંકી મોડ્યુલના ખુલાસા બાદ એજન્સીઓએ યુનિવર્સિટીના સ્ટાફના લોકરની તપાસ શરુ કરી દીધી છે.

# દિલ્હી બ્લાસ્ટ મુદ્દે ઇડીના 30 સ્થળે દરોડા, પાક.નો હાથ હોવાના પુરાવા

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા આત્મઘાતી વિસ્ફોટની તપાસમાં કેન્દ્રીય એજન્સી ઈડી પણ જોડાઈ છે, ઈડીએ દિલ્હી-એનસીઆરમાં અલ-ફલાહ યુનિવર્સિટી સાથે સંકળાયેલા ટ્રસ્ટી અને પ્રમોટર્સને ત્યાં આશરે ૩૦ જેટલા સ્થળે દરોડા પાડયા હતા. આ આતંકી વિસ્ફોટ પાછળ પાકિસ્તાનનો હાથ હોવાના પુરાવા સામે આવ્યા છે. જ્યારે વિસ્ફોટ માટે ખુદને બોમ્બ સાથે ઉડાવી દેનારા આરોપી ઉમર નબીનો ઘટના પહેલા બનાવાયેલો વીડિયો સામે આવ્યો છે. આ હુમલાને અંજામ આપવા માટે ઉમર નબીએ ખુદને એક કારમાં બોમ્બથી ઉડાવી દીધો હતો. જોકે આત્મઘાતી હુમલા પહેલા ઉમર નબીએ એક વીડિયો બનાવ્યો હતો, જેના પરથી તેની કટ્ટરવાદી માનસિકતા પણ સામે આવી છે. ઉમર આ વીડિયોમાં કહી રહ્યો છે કે ઈસ્લામમાં આત્મહત્યા હરામ છે પરંતુ બોમ્બિંગ મંજૂર છે. આશરે દોઢ મિનિટના અંગ્રેજી ભાષામાં બનાવેલા સેલ્ફી વીડિયોમાં ઉમર વધુમાં આત્મઘાતી હુમલા કરનારની માનસિક સ્થિતિ અંગે વાત કરતો જોવા મળ્યો હતો.

## લાલ કિલ્લાથી કાશ્મીર સુધી અમે હુમલા કરાવ્યા અને કરાવતા રહીશું : પાક. નેતા ચૌધરી અનવરુલ હક

પાકિસ્તાન સમર્થિત આતંકી સંગઠનોની ભૂમિકા હોવાનો પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના રાષ્ટ્રપતિ અને વરિષ્ઠ નેતા ચૌધરી અનવરુલ હકે દાવો કર્યો હતો. જેમા વાયરલ વીડિયોમાં તેણે કહ્યું હતું કે, 'પાકિસ્તાને બદલો લેવા માટે અને ભારતને ટાર્ગેટ કરવા માટે લાલ કિલ્લા અને પહલગામમાં આતંકી હુમલો કરાવ્યો હતો અને કરાવતા રહીશું. પાકિસ્તાન સ્થિત આતંકી મોડ્યુલે લાલ કિલ્લા પાસે કાર વિસ્ફોટ કર્યો હતો.

# ૧.૫૬ લાખની વસ્તીવાળો કુરાકાઓ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય

## FIFA ફૂટબોલ : કુરાકાઓએ આઇસલેન્ડનો (માત્ર ૩.૫ લાખની વસ્તી) રેકોર્ડ તોડયો

**કિંગસ્ટન/બાર્સેલોના**

વિશ્વના ફૂટબોલ ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે. જેની વસ્તી માત્ર ૧.૫૬ લાખ છે તે કેરેબિયન દેશ કુરાકાઓએ આગામી વર્ષે અમેરિકા, મેક્સિકો તથા કેનેડાની યજમાનીમાં રમાનારા ફિફા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થઈને ઈતિહાસ રચ્યો છે. આ દેશની સૌથી ઓછી વસ્તી છે તેથી આ સિદ્ધિ વિશેષ બની ગઈ છે. કુરાકાઓએ કિંગસ્ટન ખાતે ગ્રૂપ-બીમાં જમૈકા સામે રમાયેલી મેચને ૦-૦થી ડ્રો કરી હતી. આ ગ્રૂપમાં કુરાકાઓ ટોચના ક્રમે રહી છે. તેણે પૂરા અભિયાનમાં એક પણ મેચ ગુમાવી નથી અને ૧૨ પોઈન્ટ સાથે શાનદાર પ્રદર્શન કર્યું છે. ફિફા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થનાર સૌથી ઓછી



વસ્તીવાળા દેશનો રેકોર્ડ અગાઉ આઈસલેન્ડના નામે હતો જે ૨૦૧૮ના વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થયું હતું. તે સમયે તેની વસ્તી માત્ર ૩.૫ લાખ જેટલી હતી. કુરાકાઓએ આ રેકોર્ડને લગભગ અડધી વસ્તી સાથે તોડી નાખ્યો છે.


### સ્પેન ૩૧ મેચથી અજેય, ઇટાલીનો રેકોર્ડ સરભર કર્યો

યુરોપિયન ક્વોલિફાઈંગ રાઉન્ડનો મંગળવારે અંત આવી ગયો હતો. સ્પેને ૩૧ મેચથી અજેય રહીને ક્વોલિફાય કર્યું છે. સ્પેને તુર્કી સામેની મેચ ૨-૨થી ડ્રો કરીને યુરોપિયનમાં સતત ૩૧ સ્પર્ધાત્મક મેચમાં નહીં હારવાની સાથે ઇટાલીના રેકોર્ડને સરભર કર્યો હતો.

### જર્મની ૨૧મી વખત વર્લ્ડ કપ માટે ક્વોલિફાય

બર્લિન । યુરોપિયન ફૂટબોલમાં સુપર પાવર ગણાતી જર્મનીએ વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં સ્લોવાકિયાને ૬-૦થી હરાવીને ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ માટે ક્વોલિફાય કરી લીધું છે. આ વિજય સાથે જર્મનીએ પોતાના ગ્રૂપમાં ટોચનું સ્થાન હાંસલ કરી લીધું છે. ચાર વખતની ચેમ્પિયન જર્મની હવે ૨૩ વર્લ્ડ કપમાં ૨૧મી વખત ભાગ લેશે.

## હરભજન સિંહે પાકિસ્તાની ક્રિકેટર શાહનવાઝ સાથે હાથ મિલાવતા હોબાળો



ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવને ધ્યાનમાં રાખીને, ભારતીય ખેલાડીઓએ ક્રિકેટ મેદાન પર પાકિસ્તાનને અનેક રીતે બૉયકોટ કર્યું હતું. વર્લ્ડ ચેમ્પિયનશિપ ઑફ લીજન્ડ્સમાં પાકિસ્તાન સામે ન રમવાના નિર્ણય સાથે હરભજન સિંહ, શિખર ધવન, સુરેશ રૈના અને ઈરફાન પઠાણ જેવા સિનિયર ખેલાડીઓએ આની શરૂઆત કરી હતી. રાષ્ટ્રીય ભાવના અંગે તેમનું કહેવું હતું કે, 'તણાવપૂર્ણ રાજકીય પરિસ્થિતિમાં લોહી અને પરસેવો એક સાથે રહી શકે નહીં.' હાલમાં સોશિયલ મીડિયા પર હરભજન સિંહનો એક ફોટો વાઈરલ થયો છે, જેના કારણે ચર્ચા જાગી છે. આ તસવીર અબુધાબી T10 લીગની છે, જેમાં હરભજન પાકિસ્તાની ફાસ્ટ બોલર શહનવાઝ દહાની સાથે હાથ મિલાવતો નજરે પડે છે. મહત્ત્વનું છે કે હરભજન સિંહ પોતે પણ પાકિસ્તાન સાથે ક્રિકેટ સંબંધો સમાપ્ત કરવાની વાત કરી ચૂક્યો છે, એવામાં તેનો આ વાઈરલ વીડિયો વિવાદનું કારણ બન્યો છે.

# ICC U19 વર્લ્ડ કપનો કાર્યક્રમ જાહેર ભારત-પાકિસ્તાનને અલગ ગ્રૂપમાં મુકાયા

**દુબઈ** : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ આગામી વર્ષે યોજાનાર અંડર-19 મેન્સ વર્લ્ડ કપ 2026નું શેડ્યૂલ જાહેર કર્યું છે. આ ટુર્નામેન્ટમાં સોળ ટીમો ભાગ લઈ રહી છે, જેને ચાર ગ્રુપમાં વહેંચવામાં આવી છે. જોકે, છેલ્લા ઘણા વર્ષોથી ચાલી આવતી પરંપરાને તોડીને, ICC એ આ વખતે ભારત અને પાકિસ્તાનને અલગ ગ્રુપમાં રાખ્યા છે, જેના કારણે તેઓ ગ્રુપ સ્ટેજમાં ભાગ લઈ શકતા નથી. ICC એ બુધવારના રોજ નામિબિયા અને ઝિમ્બાબ્વેમાં રમાનારી વર્લ્ડ કપની




તારીખ જાહેર કરી. ODI ફોર્મેટમાં રમાતો આ વર્લ્ડ કપ 15 જાન્યુઆરીથી શરૂ થશે અને ફાઈનલ 6 ફેબ્રુઆરીએ રમાશે. ભારત ગ્રુપ A માં છે. ભારત સાથે ન્યુઝીલેન્ડ, બાંગ્લાદેશ અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે છે. તો બીજી બાજુ, પાકિસ્તાન ગ્રુપ B માં યજમાન ઝિમ્બાબ્વે, ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડ સાથે છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા ગ્રુપ C માં આયર્લેન્ડ, જાપાન અને શ્રીલંકા સાથે છે. ગ્રુપ D માં તાંઝાનિયા, વેસ્ટ ઈન્ડીઝ, અફઘાનિસ્તાન અને દક્ષિણ આફ્રિકાનો પણ સમાવેશ થાય છે. જોકે, છેલ્લા બે અંડર-19 વર્લ્ડ કપમાં, ભારત અને પાકિસ્તાન અલગ-અલગ ગ્રુપમાં હતા અને તેમની વચ્ચે કોઈ મેચ રમાઈ ન હતી. આ વખતે પણ પરિસ્થિતિ એવી જ છે. જોકે, ભારત-પાકિસ્તાન વચ્ચે મુકાબલો સુપર સિક્સથી ફાઈનલ સુધી કોઈપણ તબક્કે થઈ શકે છે.

## રોનાલ્ડોએ વ્હાઇટ હાઉસમાં ટ્રમ્પ સાથે ડિનર લીધું



**વોશિંગ્ટન ।** પોર્ટુગલના સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ વ્હાઇટ હાઉસમાંથી મળેલા આમંત્રણ તથા સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનના સન્માનમાં એક હાઇપ્રોફાઇલ ડિનર દરમિયાન એક સિમ્બોલિક ગોલ્ડન ચાવી ભેટમાં મળ્યા બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માન્યો હતો. પોર્ટુગલનો સુકાની તથા અલ નાસર ક્લબનો ફોરવર્ડ રોનાલ્ડો વોશિંગ્ટન ખાતે બ્લેક ટાઇ ઈવેન્ટમાં સામેલ થનાર વિશેષ મહેમાનોમાંનો એક હતો. તેણે વ્હાઇટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ડિનર લીધું હતું. રોનાલ્ડોએ એલન મસ્ક જેવા સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓ સાથે ડિનર દરમિયાન લીધેલી સેલ્ફી સોશિયલ મીડિયામાં વાઇરલ કરી હતી.

## મુશફિકુરની ૧૦૦મી ટેસ્ટમાં સદી, વિશ્વનો ૧૧મો બેટ્સમેન



ઢાકા । બાંગ્લાદેશના અનુભવી વિકેટકીપર બેટ્સમેન મુશફિકુર રહીમે ઢાકા ખાતે પોતાની ૧૦૦મી ટેસ્ટને યાદગાર બનાવી દીધી છે. આયરલેન્ડ સામે રમાતી બીજી ટેસ્ટના બીજા દિવસે તેણે સદી ફટકારીને અનોખી સિદ્ધિ મેળવી છે. પોતાની કારકિર્દીની ૧૦૦મી ટેસ્ટમાં સદી નોંધાવનાર તે વિશ્વનો ૧૧મો બેટ્સમેન બની ગયો છે. આ ઈલિટ ક્લબમાં કોલિન કાઉડ્રી, જાવેદ મિયાંદાદ, ગોર્ડન ગ્રીનિજ, એલેક સ્ટુઅર્ટ, ઈન્ઝમામ ઉલ હક, રિકી પોન્ટિંગ, ગ્રીમ સ્મિથ, હાશિમ અમલા, જોઈ રુટ, ડેવિડ વોર્નરનો સમાવેશ થાય છે. બાંગ્લાદેશે બીજી ટેસ્ટના બીજા દિવસે પોતાના પ્રથમ દાવમાં ૪૭૬ રનનો તોતિંગ સ્કોર નોંધાવ્યો હતો. તેની સામે આયરલેન્ડની ટીમે રમતના અંતે પ્રથમ દાવમાં ૯૮ રનના સ્કોરે પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. સ્ટમ્પના સમયે લોર્કાન ટકર ૧૧ તથા સ્ટેફન ડોહેની બે રન બનાવીને રમી રહ્યા હતા.

# આઈસીસી રેન્કિંગ : રોહિત શર્મા બીજા ક્રમે કીવી બેટર ડેરીલ મિચેલ ટોપ પર પહોંચ્યો

**દુબઈ**

ICCની તાજેતરની વનડે બેટિંગ રેન્કિંગ્સમાં આ વખતે નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. ટીમ ઈન્ડિયાનો પૂર્વ કેપ્ટન રોહિત શર્મા ટોચના સ્થાન પરથી ખસીને હવે બીજા ક્રમે આવી ગયો છે. જયારે પ્રથમ ક્રમે ન્યુઝીલેન્ડનો મજબૂત બેટર ડેરીલ મિચેલએ તેનું સ્થાન લીધું છે. રસપ્રદ વાત એ છે કે બંને ખેલાડીઓ વચ્ચે માત્ર એક પોઈન્ટનો મામૂલી તફાવત છે, જેના કારણે આગામી રેન્કિંગમાં ફરી બદલાવ આવવાની પૂરી સંભાવના છે. અન્ય ખેલાડીઓની રેન્કિંગમાં પણ ઘણા ફેરફાર થયા છે, જેમાં પાકિસ્તાનના બાબર આઝમને નજીવો ફાયદો થયો છે.




ન્યુઝીલૅન્ડના સ્ટાર બેટર ડેરીલ મિચેલએ ICC વનડે રેન્કિંગ્સમાં આ વખતે ઈતિહાસ રચ્યો છે, કારણ કે તે પહેલીવાર વિશ્વનો નંબર 1 બેટર બન્યો છે. તેનું આ દમદાર પ્રદર્શન વેસ્ટ ઈન્ડિઝ સામેની તાજેતરની વનડે મેચમાં કરેલા 119 રનની શાનદાર ઈનિંગ્સનું પરિણામ છે, જેણે ટીમને મજબૂત સ્થિતિમાં લાવી દીધી હતી.

ટીમ ઈન્ડિયાનો સ્ટાર પ્લેયર રોહિત શર્મા આ વખતે એક સ્થાન નીચે સરકીને બીજા નંબર પર આવી ગયો છે. તેની રેટિંગ 781 પોઈન્ટ છે, અફઘાનિસ્તાનનો યુવા બેટર ઈબ્રાહિમ ઝાદરાનને આ વખતે એક સ્થાનનું નુકસાન થયું છે. તે ત્રીજા નંબર પર પહોંચી ગયો છે અને તેની રેટિંગ 764 પોઈન્ટ છે.

વળી, ભારતના બે સ્ટાર બેટર્સ શુભમન ગિલ અને વિરાટ કોહલી પોતાની અનુક્રમે ચોથી અને પાંચમી રેન્ક પર જળવાઈ રહ્યા છે.

### શેખ હસીનાને ફાંસીની સજા કરાતાં પડઘો

# BCCIએ ભારત અને બાંગ્લાદેશ વિમેન્સની સિરીઝ રદ કરી નાખી

**નવી દિલ્હી**

ભારત અને બાંગ્લાદેશની વિમેન્સ ટીમો વચ્ચે આગામી મહિને રમાનારી વન-ડે અને ટી-20 સિરીઝને બીસીસીઆઈએ હાલપૂરતી સ્થગિત કરી દીધી છે. બોર્ડ હવે ડિસેમ્બરમાં ભારતીય ટીમ માટે એક વૈકલ્પિક શ્રેણીના વિકલ્પને શોધી રહ્યું છે.

બીસીસીઆઈએ સત્તાવાર કારણો જણાવ્યા નથી પરંતુ એક અધિકારીના અનુસાર ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ચાલી રહેલા રાજનૈતિક તનાવના કારણે આ નિર્ણય લેવાયો છે. બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાને તેમના દેશની એક કોર્ટ દ્વારા ફાંસીની સજા ફટકાર્યા બાદ બાંગ્લાદેશમાં હિંસાનો માહોલ છવાયો છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે પણ શ્રેણી સ્થગિત કરવામાં આવી છે તે બાબતને સમર્થન આપ્યું છે અને તે નવા પ્રોગ્રામની રાહ જોઈ રહ્યું છે. આ પહેલાં ઓગસ્ટ મહિનામાં ભારતની મેન્સ ટીમના વ્હાઈટબોલ પ્રવાસને પણ ૨૦૨૬ના સપ્ટેમ્બર સુધી સ્થગિત કરી દેવામાં આવ્યો છે. ભારતની વિમેન્સ ટીમ વર્લ્ડ કપ જીત્યા બાદ પ્રથમ વખત ઈન્ટરનેશનલ શ્રેણી રમવાની હતી.

# યુદ્ધવિરામ છતાં ઈઝરાયલનો ગાઝામાં બોમ્બમારો : 27ના મોત

**હમાસ સિટી**

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગયા મહિને થયેલો યુદ્ધવિરામ હવે ખતરામાં મુકાઈ ગયો હતો. ઈઝરાયેલે બુધવારે ગાઝા પટ્ટીમાં ભીષણ હવાઈ હુમલો કર્યો, જેમાં 27 પેલેસ્ટિનિયનોના મોત થયા હતા. ઈઝરાયેલી સેનાએ બુધવારે હમાસ-નિયંત્રિત ગાઝા પટ્ટી પર હવાઈ હુમલા કર્યા હતા. આ હુમલામાં ગાઝા શહેરના ઉત્તરીય ભાગમાં 12 લોકો અને દક્ષિણી ખાન યુનિસ ક્ષેત્રમાં 10 લોકો સહિત કુલ 27 લોકો માર્યા ગયા હતા. ઈઝરાયેલી સેના (IDF) એ દાવો કર્યો છે કે આ હુમલો આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલી યુદ્ધવિરામ ભંગની કાર્યવાહીના જવાબમાં હતો. સેનાના જણાવ્યા મુજબ, આતંકવાદીઓએ દક્ષિણ ગાઝામાં કાર્યરત ઈઝરાયેલી સૈનિકો તરફ ગોળીબાર કર્યો હતો, જે યુદ્ધવિરામ કરારનું સ્પષ્ટ ઉલ્લંઘન હતું. IDFએ ગાઝા પટ્ટીમાં હમાસના આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા શરૂ કર્યા હતા.




## લેબેનોનમાં પેલેસ્ટાઇન રેફ્યુજી કેમ્પ પર ઇઝરાયેલ એર સ્ટ્રાઇક : 13નાં મોત, અનેક લોકો ઘાયલ

રામલ્લાહ (વેસ્ટ બેઝ) : મધ્યપૂર્વમાં તંગદિલી તો પ્રસરી જ રહી છે. તેવામાં લેબેનોનનાં ભૂમધ્ય સમુદ્રનાં તટે રહેલાં સીડોન પાસેના ઐન એલ હીલવેર રેફ્યુજી કેમ્પ પર ઈઝરાયલે ડ્રોન વિમાન દ્વારા કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૩નાં મૃત્યુ થયાં છે. અનેક ઘાયલ થયા છે. તેમ લેબેનોનની નેશનલ ન્યૂઝ એજન્સી પેલેસ્ટાઈની આરોગ્ય મંત્રાલયે ટાંકતાં જણાવે છે. આ એરસ્ટ્રાઈક થતાં લગભગ નિરાધાર તેવા પેલેસ્ટાઈનીઓમાં અફડા તફડી મચી ગઈ હતી. આ અંગે ઈઝરાયલી સેના જણાવે છે કે વાસ્તવમાં અમે તે કેમ્પની બાજુમાં આવેલાં કમ્પાઉન્ડ ઉપર હુમલો કર્યો હતો. આ કંપાઉન્ડનો ઉપયોગ આતંકીઓને શસ્ત્ર તાલિમ આપવા થઈ રહ્યો છે તેથી અમે તે સ્થળે કે તેવાં કોઈપણ સ્થળે હુમલા કરતા જ રહીશું.

## ચીને ભારતના રાફેલને બદનામ કરવા ષડયંત્ર રચ્યું હતું : USના રિપોર્ટમાં ખુલાસો

**ન્યૂયોર્ક**

અમેરિકાએ ભારતના રાફેલ ફાઈટર જેટને બદનામ કરવાનો પ્રયાસ કરનાર ચીનની પોલ ખોલી છે. અમેરિકાના રિપોર્ટમાં કહેવાયું છે કે, ડ્રેગને પોતાના એરક્રાફ્ટ વેચવા માટે રાફેલને બદનામ કરવાનું ષડયંત્ર રચ્યું હતું. ઓપરેશન સિંદૂર વખતે ચીને AIનો ઉપયોગ કરીને રાફેલના ટુકડા જગજાહેર કર્યા હતા. ભારતીય વાયુ સેનાએ પાકિસ્તાનને હચમચાવી નાખવા માટે રાફેલનો ઉપયોગ કર્યો હતો, જોકે ચીને એઆઈથી રાફેલના ટુકડાની તસવીર બનાવવાનું, બદનામ કરવાનું ષડયંત્ર રચ્યું હતું. ચીને રાફેલ અંગે ફેક માહિતી ફેલાવી હોવાનો અમેરિકાએ દાવો સામે આવ્યો છે. અમેરિકન કોંગ્રેસ દ્વારા રચવામાં આવેલી 'અમેરિકા-ચીન આર્થિક અને સુરક્ષા સમીક્ષા આયોગ'ના રિપોર્ટમાં ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે કે, ચીન વિશ્વભરને દેખાડવા માંગતો હતો કે, તેના J-10 વિમાનો, ફ્રાન્સની કંપનીએ બનાવેલા રાફેલ જેટ વિમાનો કરતાં વધુ સારા છે. ચીન આ ષડયંત્ર રચીને ઈન્ડોનેશિયા દ્વારા રાફેલ ખરીદવાના પ્રસ્તાવને અટકાવવામાં પણ સફળ થયો હતો.

## યુક્રેનના ટર્નોપિલ શહેર પર રશિયાનો સૌથી મોટો ડ્રોન હુમલો, 6 બાળકો સહિત 25 લોકોના મોત

### યુક્રેનના ઠેકાણાઓ પર 476 સ્ટ્રાઇક, ડિકોય ડ્રોન અને 48 પ્રકારની મિસાઈલો છોડી

**કીવ**

રશિયાએ યુક્રેનના ટર્નોપિલ શહેરમાં મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા. હુમલામાં અત્યાર સુધીમાં 4 બાળકો સહિત 25 લોકોના મોત થયા છે. યુક્રેનના આંતરિક મંત્રાલયે જણાવ્યું કે, હુમલામાં 125 લોકો ઘાયલ થયા છે, જેમાં 15 બાળકો સામેલ છે. આ હુમલો રાત્રિના સમયે થયો, જેમાં ટર્નોપિલના બે નવ માળના એપાર્ટમેન્ટ બિલ્ડિંગ્સને નિશાન



બનાવવામાં આવી. આંતરિક મંત્રી ઈગોર ક્લિમેંકોએ કહ્યું કે, ઈમરજન્સી ટીમ કાટમાળમાં ફસાયેલા લોકોને બચાવવાનું કામ કરી રહી છે. પ્રાથમિક રિપોર્ટમાં ઓછામાં ઓછા 37 લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ હતા, જેમાં 12 બાળકો સામેલ હતા. યુક્રેની વાયુસેનાના અનુસાર, રશિયાએ યુક્રેનના ઠેકાણાઓ પર 476 સ્ટ્રાઈક અને ડિકોય ડ્રોન અને 48 અલગ અલગ પ્રકારની મિસાઈલો છોડી. રાષ્ટ્રપ્રમુખ વોલોદીમીર ઝેલેન્સ્કી એ કહ્યું કે, સામાન્ય લોકો પર દરેક હુમલો એ બતાવે છે કે રશિયા પર યુદ્ધ રોકવાનું દબાણ કામ નથી કરી રહ્યું.

## સિડનીમાં કાર અકસ્માત થતાં આઠ મહિનાથી ગર્ભવતી ભારતીય મહિલા અને બાળકનું મોત

### મહિલા પરિવાર સાથે પગપાળા જઈ રહી હતી ત્યારે કારે પાછળથી ઉડાવી દીધી હતી

**સિડની**

શુક્રવારે સિડનીના હોર્ન્સબી ઉપનગરમાં 33 વર્ષીય સમન્વયા ધારેશ્વર, જેઓ આઠ મહિનાના ગર્ભવતી હતા, તે પોતાના પતિ અને ત્રણ વર્ષના પુત્ર સાથે પગપાળા જઈ રહ્યા હતા. આ દરમિયાન, એક 'કિયા કાર્નિવલ' કાર તેમને રસ્તો ઓળંગવા દેવા માટે ધીમી પડી હતી.તે જ સમયે, 19 વર્ષીય એરોન પાપાજોગ્લુ દ્વારા ચલાવવામાં આવી રહેલી એક BMW સેડાન કારે કથિત રીતે પાછળથી 'કિયા'ને ટક્કર





મારી. આ જોરદાર ટક્કરને કારણે 'કિયા' કાર આગળની તરફ ઉછળી અને સીધી સમન્વયા સાથે અથડાઈ હતી. અકસ્માત બાદ તરત જ ઈમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પેરામેડિક્સે ઘટનાસ્થળે જ સમન્વયાની સારવાર કરી અને ત્યારબાદ તેને વેસ્ટમીડ હોસ્પિટલમાં લઈ જવામાં આવી. પરંતુ, તમામ પ્રયાસો છતાં ડોક્ટરો સમન્વયા અને તેના અજાત બાળક, બંનેમાંથી કોઈને પણ બચાવી શક્યા નહીં. આ દુર્ઘટનાએ એક હસતા-રમતા પરિવારને વિખેરી નાખ્યો છે. સમન્વયા માત્ર થોડા અઠવાડિયામાં જ પોતાના બીજા બાળકને જન્મ આપવાની હતી. ઓસ્ટ્રેલિયન પોલીસ આ મામલે 19 વર્ષીય BMW ચાલક વિરુદ્ધ તપાસ કરી રહી છે.

## માડાગાસ્કરમાં 300 કિલોગ્રામનો નીલમ પ્રમુખ રોહિમાના મહેલમાંથી મળી આવ્યો

### ગ્રીન કલરનો ક્રિસ્ટલ હાલ પ્રમુખના પેલેસમાં રખાયો છે

**એન્ટાનાનારિવો**

માડાગાસ્કર દુનિયાના સૌથી ગરીબ દેશો પૈકીનો એક માનવામાં આવે છે. ત્યાં ગરીબીનો દર ઘણો જ ઊંચો છે. તે વિકાસ માટે ઝૂઝી રહ્યો છે. પરંતુ માન્યામાં ન આવે તેવી વાત છે કે, તે ગરીબ દેશના પ્રમુખના મહેલમાંથી અસામાન્ય કિંમત તેવું ૩૦૦ કિ.ગ્રા. વજનનું નીલમ મળી આવ્યું છે.

માડાગાસ્કરમાં ગયા મહિને લશ્કરી બળવો થયો હતો અને કર્નલ માઈકલ રેન્ડ્રી અનિહિનાએ હિન્દ મહાસાગર સ્થિત આ ટાપુ રાષ્ટ્ર ઉપર કબજો જમાવી વચગાળાની સરકાર સ્થાપી, તેઓએ ગત માસે દુનિયાને આ અંગે માહિતી આપી હતી. તેઓએ પત્રકારોને જણાવ્યું આ લીલો ક્રિસ્ટલ, પાટનગર એન્ટાનાનારિવો સ્થિત પ્રમુખના પેલેસ અંબોહિત્સો રોહિમામા અત્યારે રખાયો છે. તે રત્નને નીલમ પ્રકારનું રત્ન વિશ્લેષિત કરી શકાય. કર્નલે કહ્યું : અમે પ્રમુખના મહેલમાં પહોંચ્યા પછી, તેમણે એકઠા કરેલા ખજાનાની શોધ કરવા લાગ્યા. દરમિયાન આ રત્ન મળી આવ્યું હતું.

## H5N5 બર્ડ ફ્લૂથી પ્રથમવાર મનુષ્ય સંક્રમિત, અમેરિકામાં એક દર્દીની ગંભીર સ્થિતિ

**વોશિંગ્ટન**

યુએસમાંથી આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. પહેલી વાર, ફક્ત પ્રાણીઓમાં જોવા મળતો બર્ડ ફ્લૂ વાયરસ માણસમાં જોવા મળ્યો છે. આ દુર્લભ H5N5 એવિયન ઈન્ફ્લ્યુએન્ઝાએ એક વૃદ્ધ વ્યક્તિને ગંભીર રીતે બીમાર બનાવ્યો છે. જોકે આરોગ્ય એજન્સીઓ કહે છે કે સામાન્ય લોકો માટે જોખમ હાલમાં ખૂબ ઓછું છે. વોશિંગ્ટન રાજ્યના આરોગ્ય વિભાગે જણાવ્યું કે ગ્રેઝ હાર્બર કાઉન્ટીમાં રહેતા એક વૃદ્ધ વ્યક્તિને શરૂઆતમાં ખૂબ જ તાવ, મૂંઝવણ અને શ્વાસ લેવામાં તકલીફનો અનુભવ થયો હતો. સૌથી મોટો પ્રશ્ન એ છે કે આ વાયરસ માણસો સુધી કેવી રીતે પહોંચ્યો. તે માણસના આંગણામાં મરઘીઓ અને અન્ય ઘરેલું પક્ષીઓનો મિશ્ર ટોળું હતું.

## સાઉદીમાં બસ અને ટેન્કર વચ્ચે અકસ્માત, 45 ભારતીયના મોત, હૈદરાબાદના એક જ ઘરના 18 સભ્યોનો સમાવેશ

**મક્કા**

સાઉદી અરબ એક ગમખ્વાર અકસ્માતના અહેવાલ સામે આવ્યા છે. અહીં મક્કાથી મદીના જતી એક બસની ટેન્કર સાથે ભયંકર ટક્કર થતા 45 ભારતીયોના મોત થયા છે. આ કરુણ દુર્ઘટનામાં હૈદરાબાદના એક જ પરિવારના 18 સભ્યોએ પણ જીવ ગુમાવ્યા છે. આ તમામ લોકો મક્કાથી ઉમરાહ કરીને મદીના જઈ રહ્યા હતા અને ત્યાંથી ભારત પરત ફરવાના હતા. આ દરમિયાન ભયાવહ અકસ્માતે જાણે આખા પરિવારનું અસ્તિત્વ જ ખતમ કરી દીધું છે.

હૈદરાબાદના મુસીરાબાદના રહેવાસી શેખ નસીરુદ્દીન અને તેમની પત્ની અખ્તર બેગમ પણ





આ બસમાં હતા. તેમની સાથે તેમનો દીકરો, બે દીકરીઓ, વહુ અને પરિવારના અન્ય સભ્યો પણ હતા. એક સંબંધીએ રડતાં રડતાં જણાવ્યું, 'તેઓ આ યાત્રા માટે અઠવાડિયાઓથી તૈયારી કરી રહ્યા હતા. બધા ખૂબ જ ખુશ હતા અને આજે એ જ ઘરમાં માતમ છવાયો છે.'

પીડિત પરિવારના સંબંધી મોહમ્મદ અસલમ આ અંગે ભાવુક થતાં જણાવ્યું હતું કે, 'અમારા 18 લોકો... બધા ખતમ થઈ ગયા. અમે સરકાર પાસે સંપૂર્ણ તપાસની માગ કરીએ છીએ અને જે જવાબદાર છે, તેમને સજા મળવી જોઈએ.'

આ દુર્ઘટનામાં અન્ય એક પરિવાર પણ સંપૂર્ણપણે વેરવિખેર થઈ ગયો છે, જેમાં સાબિહા બેગમ, તેમનો દીકરો ઈરફાન, વહુ હુમૈરા, અને તેમના બે નાના બાળકો હામદાન અને ઈઝાને જીવ ગુમાવ્યા છે. મૃતકોના સંબંધીઓએ તેમને યાદ કરતાં કહ્યું કે, 'બાળકો પહેલીવાર ઉમરાહ માટે ગયા હતા... બધા ખૂબ જ ખુશ હતા.'

# ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ દ્વારા વરિષ્ઠો માટે આરોગ્ય સેમિનાર

## દિનચર્યામાં નાની આદતોથી થતા મોટા ફેરફાર વિશે માર્ગદર્શન આપી સૂચનો કરાયા, સેમિનાર પછી મનોરંજક મનોરંજન કાર્યક્રમ સાથે વાતાવરણમાં ઉત્સાહ છવાયો

**બ્રામ્પ્ટન**



ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ (FCFC) એ 18 નવેમ્બર, 2025ના રોજ બ્રામ્પ્ટન પોલ પેલેસ્ચી રિક્રિએશન સેન્ટર ખાતે એક પ્રભાવશાળી આરોગ્ય અને સુખાકારી સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. કાર્યક્રમમાં 100થી વધુ વરિષ્ઠ સભ્યો હાજર રહ્યા હતા, જે વરિષ્ઠ સમુદાયના શારીરિક, માનસિક અને ભાવનાત્મક સુખાકારીને પ્રોત્સાહન આપવા ક્લબની મજબૂત પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. સેમિનારની શરૂઆત ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબના અધ્યક્ષ ગિયાન પોલના ઉષ્માભર્યા અને પ્રોત્સાહક ભાષણો સાથે થઈ હતી. તેમણે વરિષ્ઠ-કેન્દ્રિત સુખાકારી જાગૃતિના મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે, આપણા વરિષ્ઠ નાગરિકો શ્રેષ્ઠ સમર્થન, માર્ગદર્શન અને સંભાળને પાત્ર છે. આજનું સત્ર આપણા સ્વાસ્થ્યને વધુ સારી રીતે સમજવા અને સુખી, સ્વસ્થ જીવન જીવવા તરફ એક પગલું છે. ડો. હરેન્દ્ર જોશી દ્વારા સમજદાર સત્ર મુખ્ય પ્રેઝન્ટેશન હેલ્થ ફર્સ્ટ ફેમિલી અને જોશી (જોય ઓફ સ્પિરિચ્યુઆલિટી એન્ડ હેલ્થ ઈન્ટિગ્રેશન)ના આરોગ્ય નિષ્ણાત ડો. હરેન્દ્ર જોશી દ્વારા આપવામાં આવ્યું હતું. ડો. જોશીએ વરિષ્ઠ નાગરિકોને અસર કરતી ઘણી સામાન્ય છતાં ઘણીવાર અવગણવામાં આવતી સમસ્યાઓ પર પ્રકાશ પાડ્યો અને સમજાવ્યું કે, દૈનિક દિનચર્યામાં "નાની, નાની વસ્તુઓ" શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સંતુલનને કેવી રીતે નોંધપાત્ર રીતે અસર કરી શકે છે. તેમના સત્રમાં સ્વસ્થ જીવનશૈલી જાળવણી, તણાવ અને ભાવનાત્મક સુખાકારીનું સંચાલન, સભાન દૈનિક પ્રવૃત્તિઓનું મૂલ્ય, વ્યક્તિગત આહાર અને સુખાકારી આયોજન બાબતે વિશદ ચર્ચા કરાઈ હતી. આ સાથે જ ઈન્ટરેક્ટિવ પ્રશ્નોત્તરી થઈ હતી. સારું સ્વાસ્થ્ય ફક્ત દવા વિશે નથી; તે જાગૃતિ, સકારાત્મકતા અને નાના દૈનિક ફેરફારો કરવા વિશે છે, જે મોટા સુધારાઓને વેગ આપે છે. સુખદેવ સિંહ બેદીએ સમુદાય દ્રષ્ટિકોણ જાણીતા સમુદાય નેતા અને વરિષ્ઠ મુદ્દાઓ સલાહકાર સુખદેવ સિંહ બેદીના વરિષ્ઠ નાગરિકો દ્વારા સામનો કરવામાં આવતા પડકારો પરના હૃદયસ્પર્શી સંદેશ સાથે શ્રોતાઓને સંબોધન કર્યું હતુ.

તેમણે નોંધ્યું કે, આપણા વરિષ્ઠ નાગરિકોને બોલવા, શીખવા અને સાંભળવામાં આવેલો અનુભવ કરાવવા માટે નિયમિત તકોની જરૂર હોય છે. એક મજબૂત સમુદાય મજબૂત વરિષ્ઠ નાગરિકોનું નિર્માણ કરે છે, અને FCFC આ દિશામાં ઉત્કૃષ્ટ કાર્ય કરી રહ્યું છે. FCFCના પ્રમુખ જસવિંદર દૈંડે આ પહેલ અને સભ્યોની જબરદસ્ત ભાગીદારીની પ્રશંસા કરી હતી. તેમણે શેર કર્યું કે "100 થી વધુ વરિષ્ઠ નાગરિકોને તેમના સ્વાસ્થ્યને સુધારવા અને શીખવા માટે એકસાથે આવતા જોવું ખરેખર પ્રેરણાદાયક છે. FCFC આપણા સભ્યોને શિક્ષિત, ઉત્થાન અને એકતા આપતા અર્થપૂર્ણ કાર્યક્રમો લાવવાનું ચાલુ રાખશે. ડૉ. જોશીના સત્રથી આપણી આંખો ખુલી ગઈ કે કેવી રીતે સરળ દૈનિક ટેવો આપણા લાંબા ગાળાના સ્વાસ્થ્યનું રક્ષણ કરી શકે છે. અમે તેમના માર્ગદર્શન અને અમારા વરિષ્ઠ નાગરિકો પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે આભારી છીએ. સેમિનાર પછી, મનોરંજક મનોરંજન કાર્યક્રમ સાથે વાતાવરણ ઉત્સાહિત થઈ ગયું હતુ. જોયતીએ એક જીવંત સંગીત સત્રનું નેતૃત્વ કર્યું જ્યાં સભ્યોએ ગીતોમાં ભાગ લીધો અને વ્યક્તિગત વાર્તાઓ શેર કરી હતી. પ્રખ્યાત મનોરંજનકાર રઘબીર ચૌહાણે તેમના પ્રદર્શનમાં આકર્ષણ ઉમેર્યું અને આ પહેલની પ્રશંસા કરી હતી. હેરપર્સન ગિયાન પોલે આભારવિધિ કરી, ડૉ. જોશી અને તેમની ટીમ તેમજ તમામ સભ્યોનો ઉત્સાહપૂર્ણ ભાગીદારી બદલ આભાર માન્યો હતો.


HONEST - DEDICATED - TEAMWORK

Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome to this stunning 3-bedroom Coughlan-built home where comfort meets convenience! Perfectly located just minutes to the 401, you'll enjoy endless options for dining, shopping, and entertainment. Offering 1,741 sq. ft. of stylish living space, thishome features soaring 9 ft ceilings, a large walk-in pantry, and a powder room just off the kitchen. The spacious great room is complete with potlights, hardwood flooring, and California shutters, flowing seamlessly into the dining room and kitchen. The modern kitchen boasts a large islandand direct access to a private balcony ideal for relaxing or hosting evening barbecues. Upstairs, the primary suite offers a spa-like 4-piece ensuite with soaker tub and stand-up shower. Two additional bedrooms, all with hardwood floors, large closets, and California shutters, plus a convenient upstairs laundry. The ground level includes garage access, two closets, and a separate entrance to a versatile 4th bedroom. Beautifully maintained and move-in readjust unpack and enjoy!




Thousands spent $$$. Rarely do you find a Legal basement, two-bedroom apartment with an ensuite laundry. Large deep backyard. Three good-sized bedrooms on the main floor, renovated bathroom. The updated kitchen has a new backsplash, breakfast bar, and stainless steel appliances. No carpet. There is a large double-sized driveway for multiple car parking. It is close to all amenities, such as schools, colleges, parks, transit, Hwy 401, and much more. Property is tenanted, please be respectful and be on time, or call to rebook the showing.




Ready to move in! Recently spent top $$$ on renovations. Spacious 2 bedrooms, 1 washroom. Freshly painted, new flooring, light fixtures. Easy access to transit, Hwy 400 and 401. Very family oriented neighborhood. Situated in a prime location, you'll be in close proximity to schools, parks, Humber River hospital and library as well as the renowned Yorkdale Shopping Centre & Lawrence Square Shopping Centre. Enjoy the convenience of having Home Depot, Walmart, Metro and Yorkdale Mall just a quick 10-minute drive away, ensuring unmatched shopping accessibility. Additionally, with TTC stops a mere 3-minute walk away, commuting becomes a seamless experience. Seize the opportunity- this spacious unit is perfect for first-time homebuyers, offering generous space, a super location.



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.

Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !

Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.


CLUB CERAMIC
Porcelain Tiles : Premium Quality and Best Price
Porcelain & Ceramic tiles at Direct factory price
Price match guarantee + we will beat price with additional 5% discount
Tiles available for Floor, Wall and Outdoor Parking
TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD
MONTREAL
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242
OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474
MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850
CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972
https://clubceramic.com Email : sales@clubceramic.com


હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે
Chapel Ridge
Funeral Home & Cremation Centre
in partnership with
North Toronto
Crematorium Inc.
Chapel Ridge FUNERAL HOME & CREMATION CENTRE
North Toronto CREMATORIUM
Vilo
Licensed Funeral Director
(416) 993-0826
Harjinder
Licensed Funeral Director
(647) 966-0093
Christeen
Licensed Funeral Director
(416) 258-6759
Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182
Complete Funeral Package Pricing $4395.00 Includes HST
GUARANTEED LOWEST PRICE
Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
Batesville Grey Doeskin Casket
Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
Coroner, Death Registration and BAO Fee
Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns
Facilities also available in Mississauga
Everything in one Place!
2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)
Newly built large Chapel with Crematorium on-site - everything in one place!
8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
905-305-8508
info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
289-578-1288